
માર્ચ-એપ્રિલ ૨૦૦૫

# ખોજ

જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર



## સંશયાત્મક પર્યાવરણવાદી

## બુદ્ધિવિવેક અને ખુલ્લો સમાજ

## ઝારખંડ અને બંધારણીય લોકશાહી

## રોજગાર ખાતરી યોજના

*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*
*- Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*
*-Xenophanes*
*A Greek bard, 570-475 B.C.*

# ખોજ

**જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર**

માર્ચ-એપ્રિલ ૨૦૦૫
વર્ષ ૧, અંક ૧

**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
ધ્રુવ ભટ્ટ
સુદર્શન આયંગર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુક્લ
પાર્થ શાહ

**આલેખન-સજાવટ**
જરીન જોષી

**ટાઈપ**
ધીરેન્દ્ર ઉનાગર

**ભાષાશુદ્ધિ**
શેરબાનુ મન્સુરી

| | | |
|---|---|---|
| 'ખોજ' શા માટે ? | અનિલ પટેલ | ૫ |
| 'ખોજ'ના આરંભ ટાણે... | તૃપ્તિ પારેખ | ૧૧ |
| સમાચારની ભીતરમાં<br>- રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ખાતરી યોજના<br>- ઝારખંડ ડ્રામા અને બંધારણીય લોકશાહી | અનિલ પટેલ | ૧૫ |
| સંશયાત્મક પર્યાવરણવાદી-<br>*વિશ્વની પરિસ્થિતિનું વાસ્તવિક આકલન* | અંબરીષ મહેતા | ૧૯ |
| બુદ્ધિવિવેક અને ખુલ્લો સમાજ<br>- એક સંવાદ | કાર્લ પોપર | ૩૫ |
| ૨૦૦૨-પાછું વળીને જોઉં છું ત્યારે... | રાજેશ મિશ્રા | ૪૩ |
| સદ્‌ગુણોનો ઉદ્‌ભવ :<br>ઉત્ક્રાંતિના પરિપ્રેક્ષ્યમાં | અનિલ પટેલ | ૪૮ |

કવરપેજ આકૃતિ : પીટર ટાઈબસ
બેક-કવર તસ્વીર : રાજેશ

'ખોજ'નો આ પ્રથમ અંક આર્ચના 'પહેલ' (Initiative for Open Society) કેન્દ્ર, ફતેગંજ વડોદરા વતી અંબરીષ મહેતાએ પ્રસિદ્ધ તેમજ પોસ્ટ કર્યો છે. હવે પછીના અંકો દર બે મહિને પ્રસિદ્ધ કરવામાં આવશે.
વાર્ષિક સહયોગ રાશિ રૂા. ૧૨૦ /-
મુદ્રણ : બિન્દુ પ્રિન્ટીંગ પ્રેસ, વડોદરા

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૫૫૩૩૪૩૬
ઈ-મેઈલ : truarch@yahoo.co.in

# સંપાદકીય

એક લાંબી મથામણભરી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ છેવટે આનંદ અને રાહતની લાગણી સાથે ઉત્ક્રાંતિના પરિપ્રેક્ષ્યમા 'ખોજ'નો આ પ્રથમ અંક બહાર પાડી રહ્યા છીએ. કબુલવું રહ્યું કે ધારેલું એના કરતાં પણ કામ વધારે કઠિન નીવડ્યું છે. અનેક મિત્રોની - સાથીઓની સહાય, સૂચનો અને સહભાગીપણા સિવાય આ કામ શરૂ ન થઈ શકત. આ દ્વિમાસિક સામયિક આર્ચના વડોદરા ખાતે શરૂ થતા નવા કાર્યક્રમ - 'પહેલ' (Initiative for Open Society)નું મહત્ત્વનું અંગ છે.

'ખોજ'નો મુખ્ય મંત્ર (motto) 'જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર' તમારા ધ્યાનમાં આવ્યો જ હશે. કાર્લ પોપરની સમગ્ર ફિલસૂફીને એ બરાબર પકડે છે. સમાજમાં અને પ્રકૃતિમાં માણસનું સ્થાન શું એ વિશેના પોપર અને તેના જીવનભરના મિત્ર ફ્રેડરીક હાયેકનાં બે દર્શનોનું સંયોજન કરવાનો અમારો એક નમ્ર પ્રયત્ન છે.

'ખોજ' શરૂ કેમ કરી રહ્યા છીએ? એમાં ક્યા વિષયોને આવરી લેવાશે? વગરે સવાલોના જવાબ આપવાની કોશિશ પહેલાં બે લેખ -'ખોજ શા માટે?' અને 'ખોજના આરંભ ટાણે'માં કરવામાં આવી છે. સાથે સાથે સમાજવાદથી શરૂ થઈને મુક્ત બજારની સ્વયંભૂ વ્યવસ્થા તરફની અમારી વિચાર યાત્રાનો એક આછો ચિતાર પણ એમાં મળે છે.

પર્યાવરણના નાશનું એકનું એક રટણ વારંવાર ઘુંટાયા કરે છે . પરંતુ હકીકતો સાથે એનો મેળ પડે છે કે નહીં તે તપાસવાનું કામ ૨૦૦૧માં ડેનીશ પ્રાધ્યાપક બીયોર્ન લોમ્બોર્ગે તેના પુસ્તક 'Skeptical Environmentalist'માં કર્યું છે. આ પુસ્તકે દુનિયાભરના પર્યાવરણવાદીઓમાં ભારે હલચલ મચાવી છે. આ અંકથી આ પુસ્તકનો વિગતે પરિચય આપતી શ્રેણી શરૂ કરીએ છીએ. વિકાસ, ટકાઉ વિકાસ અને પર્યાવરણને લગતી વિવિધ સમસ્યાઓ પરની ચર્ચા એમાં વણી લેવાશે.

સાથે સાથે કાર્લ પોપરની ૧૯૭૨ની એક મુલાકાતનો ગુજરાતી અનુવાદ પણ આપીએ છીએ. વિજ્ઞાનની તેની ફિલસૂફી અને ખુલ્લા સમાજ વચ્ચેનો ગાઢ સંબંધ પોપર સમજાવે છે. સમાજવાદી નેમ તરફ સહાનુભૂતિ ધરાવવા છતાં સમાજવાદ અને વ્યક્તિસ્વાતંત્ર્યનો મેળ કેમ ના પડી શકે એ પણ એમાં સરસ રીતે સમજાવે છે.

'સદ્ગુણોનો ઉદ્‌ભવઃ ઉત્ક્રાંતિના પરિપ્રેક્ષ્યમાં' મેટ રીડલીના પુસ્તક 'The origins of virtue'નો પુસ્તક પરિચય છે, જેમાં માનવીય સંબંધોમાં વિનિમય - વ્યાપારનું શું સ્થાન છે? જીવોની ઉત્ક્રાંતિ સાથે તે કેટલું જોડાયેલું છે ? વગેરે પ્રશ્નોને તપાસ્યા છે.

આ ઉપરાંત રોજગાર ખાતરી યોજના તેમજ ઝારખંડે ઊભા કરેલા બંધારણીય સંકટની ચર્ચા કરી છે. માર્ચ ૨૦૦૨ માં કવાંટના આદિવાસી વિસ્તારોમાં મુસ્લિમોની મિલકતોના નાશના બનાવો પર પાછા વળીને જોયું છે.

આપ સૌ મિત્રો અને સ્નેહીઓના પ્રતિભાવોની આતુરતાપૂર્વક રાહ જોઈશું. શ્નખોજળ માં આવતી સામગ્રી અને એને આનુષંગિક વિષયો પર મુક્ત ચર્ચા જમાવવામાં અમને ખૂબ રસ છે. અમારી મનીષા તો એવી કે 'ખોજ'ના અંકોનો ઘણો મોટો ભાગ આવી ચર્ચાઓમાં ફળવાય. પહેલીવારનું સાહસ છે, એટલે સ્વાભાવિક ચટપટી તો છે જ. તમારા indulgence ઉપર મોટો આધાર રાખીએ છીએ.

# ‘ખોજ’ શા માટે?

- *અનિલ પટેલ*

*Practical men, who believe themselves to be quite exempt from any intellectual influences, are usually the slaves of some defunct economist. Madmen in authority, who hear voices in the air, are distilling their frenzy from some academic scribbler of few years back.*

*Lord Keynes (1936)*

*Mark this, ye proud men of action: Ye are nothing but unconscious instruments of men of thought who, often in humblest seclusion, have appointed you to your favourite task. Maxmilien Robespierre was merely the hand of Jean Jacqu es Rousseau…*

*Heinrich Heine (1838) as quoted by Karl Popper (1959)*

૧૯૯૮ના અંતભાગમાં અમર્ત્યસેનને અર્થશાસ્ત્રનો નોબલ પુરસ્કાર મળ્યો, તે નિમિત્તે તેમના વિચારોને કેન્દ્રમાં રાખતી એક ચર્ચા ૧૯૯૯માં થઈ. ગરીબી, વિકાસની તરાહ, મુક્ત બજાર વ્યવસ્થા, ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ જેવા અનેક ગંભીર વિષયો ઊંચકાયા. પણ ચર્ચાઓએ ધારેલું ઊંડાણ પકડ્યું નહીં.

ત્યારે અમારા મંડળમાં સૌ પ્રથમ એક વિચાર ઊઠ્યો કે છૂટક-છૂટક ત્રૂટક-ત્રૂટક લેખો લખીને ગુજરાતમાં પ્રકાશિત થતાં અગ્રગણ્ય વિચારપત્રોમાં ઘણા મહત્ત્વના વિષયો ઉપર ઊંડી અને એકધારી ચર્ચા ઉપાડી શકાતી નથી. વળી, છેલ્લા અઢી દાયકામાં અમે એ પણ જોયું કે ગુજરાતના વાચકો સમક્ષ કેટલીય મહત્ત્વની વિચારધારાઓ કે તે આધારિત સમસ્યાઓ વ્યવસ્થિત રીતે મુકાતી નથી. સામાન્ય બુદ્ધિને ગમ્ય અને દેખીતા સાચા લાગતા કેટલાય વિચારોનાં મૂળિયાં સદીઓ કે દાયકાઓ પહેલાંની અન્ય સ્થળે ઉદ્‌ભવેલી વિચારસરણીમાં રહેલાં છે. સ્વાભાવિક રીતે સાચા લાગતા વિચારોની મુલવણી તેના પાયામાં રહેલી વિચારસરણીઓની કે થિયરીઓની સમજણ કે મુલવણી વગર ઉપર ઉપરની જ રહે છે. લોર્ડ કેઈન્સે લગભગ પોણી સદી પહેલાં ઉચ્ચારેલી ચેતવણી ભૂલવા જેવી નથી.

મુખ્ય ધારાનાં અખબારો કે સામયિકો તો જાણે આવા વિષયો અને વિચારોને નજરઅંદાજ એ કારણે કરે કે બહુમતી વિશાળ વાચકવર્ગ આવા વિષયોમાં બહુ રુચિ ધરાવતો ના હોઈ તેમના ફેલાવા ઉપર અસર પડી શકે. આવા ગંભીર પ્રશ્નો - વિષયો વિશે ચિંતિત હોય અને વધુ જાણવા-સમજવા માંગતો હોય એવો નાનો પણ નોંધપાત્ર વાચક વર્ગ છે ખરો? આવી સામગ્રી ગુજરાતી ભાષામાં પ્રાપ્ય નથી. ગુજરાતનાં વિચારપત્રો પણ આવા પ્રશ્નો, વિચારોની ઊંડી છાનબીન ઉપર જોઈતું ધ્યાન ના આપતાં હોય ત્યારે એ ખાલી જગ્યાને પૂરવા અને અલ્પ લઘુમતી વાચકોને પહોંચવા માટે નવા વિચારપત્રનો વિચાર કેવો?

‘ખોજ’ સામયિકનો વિચાર અહીંયા જન્મ્યો. ઘણા મિત્રોએ આ વાતને ઉમળકાભેર આવકાર આપ્યો. અમારા મંડળમાં વિગતે ઊંડાણભરી ચર્ચાઓ થઈ અને ‘ખોજ’ સામયિક શરૂ કરવું એ નીતિવિષયક નિર્ણય પણ લેવાઈ ગયો. પરંતુ તેના અમલમાં પાંચ વરસ નીકળી ગયાં. કારણ કે અમને ખ્યાલ હતો કે આ બહુ મોટો પડકાર છે અને તેને ઉભડક રીતે હાથમાં લઈ શકાય નહીં. કોણ કેટલો સમય આપે, કયા વિષયો આવરી લેવા, કેટલા ઊંડા જવું, ખર્ચ સહિતનાં બીજાં સાધનો અને સહાય કેવી રીતે ઊભાં કરવાં એ પણ સવાલો હતા જ. કયા વાચકવર્ગ કે વાચકને ધ્યાનમાં રાખવા, તે અંગે પણ ખાસ્સું મંથન થયું. ગુજરાતના

વાચકો કેન્દ્રમાં એ તો ખરું, પરંતુ ગુજરાત બહારનાને પણ પહોંચવું એ યોગ્ય લાગ્યું. મુખ્ય ગુજરાતી લેખો, પણ યોગ્ય સમયે હિન્દી અને અંગ્રેજી લેખો પણ સમાવવા એવો નિર્ણય પણ ઘણી ચર્ચાના અંતે લેવાયો. મુક્ત ચર્ચાને મોકળું મેદાન આપવું એ અમારો હેતુ છે પરંતુ ચર્ચા અટવાઈ ના જાય, ગોળ ગોળ ના ફરે કે પ્રશ્નને ચાતરી ના જાય તેનો ખ્યાલ રાખવો પડશે. આવા કોઈ વિચારપત્રની જરૂરિયાતનો સ્વીકાર કરી લીધા પછી પણ 'આર્ચ'ની કોર ટીમની દરેક વ્યક્તિ પોતપોતાના પ્રશ્નોમાં વ્યસ્ત હતી, દરેકને પોતાનો અગ્રતાક્રમ હતો. બીજી બાજુ વણમંડાયેલી અને વણખેડાયેલી વિચાર સમસ્યાઓ ખડકાતી જતી હતી. વિશ્વસ્તરે અને રાષ્ટ્રીયસ્તરે ઘટનાઓ ઝડપથી બની રહી હતી. અંગ્રેજી માધ્યમોમાં તેની ચર્ચાઓ વખતોવખત જોવા મળતી, પરંતુ ગુજરાતી વાંચતા જિજ્ઞાસુ વાચકો માટે એ લગભગ અપ્રાપ્ય દેખાઈ. આર્ચ મિત્રમંડળમાં પણ છેલ્લાં વરસોમાં વધારે વ્યવસ્થિત અને ઊંડી ચર્ચાઓ આ ઊભરી રહેલા પ્રશ્નો અંગે થઈ. અગ્રતાક્રમો ધીમે ધીમે ગોઠવાયા અને જાન્યુ. ૨૦૦૫માં નવા સાહસનો પ્રારંભ કરવાનું વિચારેલું, ત્યાં તો ૨૦૦૪ની નાતાલ આવી ગઈ. આટલું લંબાવ્યું તો થોડું વધારે એમ વિચારીને મન મનાવ્યું.

## આમ સહમતિ

છેલ્લા દાયકાનાં નહીં તો પણ પાંચ વરસોનાં વિચારપત્રોના પાછલા અંકો ઉપર જો નજર નાખીએ તો દેખાય છે કે દેશ અને સમાજ સમક્ષની સળગતી સમસ્યાઓ અંગે જાણે કે એક આમસહમતિ બની રહી છે. સ્વયંભૂપણે એક સર્વાનુમતિએ આકાર લેવા માંડ્યો છે :

- મુક્ત બજાર અને તેના ફળસ્વરૂપ વિશ્વીકરણ અને ખાનગીકરણે અનેકવિધ મહાકાય સમસ્યાઓને જન્મ આપ્યો છે, કાં તો વકરાવી છે.
- રાષ્ટ્રીય આમદનીમાં થઈ રહેલો વધારો એક ભ્રમ ઊભો કરી રહ્યો છે કારણ કે ગરીબોની સંખ્યા વધી રહી છે, તેમની સ્થિતિ વધુ ને વધુ વણસી જઈ રહી છે.
- રાજ્ય ગરીબો તરફની પોતાની જવાબદારીમાંથી છટકી જઈ રહ્યું છે. ગરીબોને જાણે કે તેમના નસીબના સહારે છોડી દેવામાં આવ્યા છે.
- સંપત્તિનું અકલ્પનીય કેન્દ્રીકરણ થઈ રહ્યું છે. આંખે ઊડીને વળગતો સંપત્તિનો દેખાડો અને દુર્વ્યય બધી જ માઝા મૂકી રહ્યો છે.
- જળ, જમીન, જંગલોની કુદરતી સંપત્તિનું મોટા પાયા ઉપર ભેલાણ થઈ રહ્યું છે, કરોડો વરસની આ અમૂલ્ય સંચિત મૂડીનો વેડફાટ કરીને સંપત્તિ સર્જનનો એક મોટો આભાસ ઊભો કરાઈ રહ્યો છે અને આ સંસાધનો ઉપર નભતા ગરીબ પરિવારોનું ભવિષ્ય જોખમમાં મુકાઈ ગયું છે. તેમની હાલત દીઠી જાય એમ નથી.
- તો વળી, વિશ્વના સ્તરે ધનિક દેશોએ વિશ્વીકરણનો કારસો રચીને તેમની પોતાની સંપત્તિમાં અનેકગણો વધારો કર્યો છે અને ગરીબ દેશોની સ્થિતિમાં ઓર બગાડો થયો છે.
- બહુરાષ્ટ્રીય કંપનીઓએ તેમનો વ્યાપ વધાર્યો છે અને ગરીબ દેશોના અર્થતંત્રમાં માની ના શકાય તેવો પગપેસારો કર્યો છે અને ભોગપ્રધાન ચાર્વાક સંસ્કૃતિને જન્મ આપ્યો છે. ગરીબ પ્રજાના વિશાળ સમૂહોને જાહેરખબરોના મારા દ્વારા જાણે કે મૂર્છિત કરી નાખવામાં આવ્યા છે. તેમની ઉપર તેમનાં સાચાં હિતોની વિરુદ્ધના ઉપભોગના અગ્રતાક્રમો થોપવામાં આવી રહ્યા છે.
- માર્કસવિચારે આગળ કરેલા નવસંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદનો વિચાર વધારે જોરથી મુકાઈ રહ્યો છે. પાછલા બારણેથી ઘૂસ મારતી 'ઈસ્ટ ઈન્ડિયા કંપની' જેવાં લાગણી ઉત્તેજક રૂપકો છૂટથી વપરાઈ રહ્યાં છે.
- વિકાસના દર પાછળની આંધળી દોટે પર્યાવરણની અભૂતપૂર્વ વૈશ્વિક કટોકટીને જન્મ આપ્યો છે.
- અશ્મિકૃત ઈંધણોના બેફામ ઉપયોગે ઊર્જાના ભંડારોને તો ખુટાડી જ નાખ્યા છે તે સાથે વાતાવરણમાં કાર્બનમાં વધારો કરી મૂક્યો છે, કુદરતી સંતુલન જાળવતાં બળોને છિન્નભિન્ન કરી મૂક્યાં છે. વૈશ્વિક તાપમાનમાં અભૂતપૂર્વ વધારો નોંધાઈ રહ્યો છે. ઓઝોનનું રક્ષાકવચ તૂટવા માંડ્યું છે. જીવોનું વૈવિધ્ય ખતરામાં મુકાયું છે. સમગ્ર માનવજાતનું, કહો કે જીવસૃષ્ટિનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ ગયું છે. અકલ્પનીય કટોકટીમાં આપણે ઘેરાઈ ગયા છીએ. ભાવિ અમંગળ ભાસી રહ્યું છે. અને આ બધું મુક્ત બજારવ્યવસ્થા અને વિશ્વીકરણના પાપે.
- આંતરરાષ્ટ્રીય આતંકવાદ જેવી અનેક પ્રકારની કટોકટીનાં મૂળમાં પણ બજારવ્યવસ્થા અને વિશ્વીકરણ છે.

## બજાર વિરોધી વિચારસરણી અને વાસ્તવિકતા

સ્થાનિક સ્તરેથી લઈને વૈશ્વિક સ્તરે ઊભરી રહેલી બધી જ સમસ્યાઓની જનની મુક્ત બજારને ગણતી બજારવિરોધી વિચારધારાનો મારો અમુક વિચાર વર્તુળોમાં એટલો તો ઉગ્ર અને જબરજસ્ત છે કે તેની અસર નીચે આવેલાઓ એ પ્રવાહમાં વહી જ જાય. બજારવિરોધી આ વિચારધારાની માંડણી એટલી તો intuitively સ્વતઃ સ્ફુરિત રીતે અસરકારક છે કે તેના સર્વગ્રાહી વિશ્લેષણની ભૂરકીમાંથી છટકવું અઘરું

બની જાય છે. પરંતુ વાસ્તવિકતા સાથે તેનો મેળ કેવો પડે છે? ઊંડી છાનબીન કરીએ તો આપણી સમક્ષ જુદી જ પરિસ્થિતિ આકાર લે છે. કબૂલ છે કે આ પ્રતિવિશ્લેષણ પ્રતિસ્ફુરણાત્મક (counter intuitive) છે. સમજવું સમજાવવું અઘરું છે. પરંતુ એ ભૂલવા જેવું નથી કે સૂર્યકેન્દ્રી વિશ્વની થિયરી કે રચયિતાને બહાર રાખતી અને છતાં સ્વયંભૂ રીતે સર્જાતી જીવસૃષ્ટિની અદ્ભુત રચનાને સમજાવતી ડાર્વિનની ઉત્ક્રાંતિની થિયરી પણ પ્રતિસ્ફુરણાત્મક જ છે. મનુષ્યને જ પ્રાપ્ય આલોચનાત્મક રેશનાલીટીની દેણગી છે. ટૂંકમાં, કોઈપણ થિયરી કે વિચારધારાએ આલોચનાત્મક રેશનાલીટીની કસોટીએ ચઢીને જ વાસ્તવિકતા સાથેનો તેનો મેળ બતાવવો પડે.

બજારવિરોધી વિચારધારાના ધસમસતા પ્રવાહે એક મહત્ત્વની સમસ્યાને આપણી સમક્ષથી હટાવી દીધી છે : મુક્ત બજારને તિરસ્કારતી અને તેને જડમાંથી ઉખેડી નાખીને વધુ મુકત અને ન્યાયી સમાજરચનાનું સ્વપ્ન દેખાડતી સામ્યવાદી વિચારધારા ઉપર રચાયેલી રશિયા, પૂર્વયુરોપ, ચીનની અર્થવ્યવસ્થા કેમ પડી ભાંગી? તેનાં શાં ગંભીર પરિણામો તે સમાજો માટે આવ્યાં?

દૂર ના જઈએ અને પૂરી સામ્યવાદી નહીં તો પણ તેને આદરપૂર્વક જોતી અને દાખલારૂપ ગણતી, પણ તેનાથી ઘણી મવાળ કહીએ તેવી નહેરુ પ્રેરિત કેન્દ્રીય આયોજનવાળી વિકાસ તરાહ ઉપર નજર નાખીએ, તો શું જોવાનું મળે છે? અર્થતંત્રનાં ટોચનાં શિખરો ઉપર જડબેસલાક અંકુશો ધરાવતા, મુક્ત બજારને સતત નિયંત્રણોમાં જકડી રાખતા, તેને માયકાંગલું બનાવતા આયોજિત અર્થતંત્રે કેવી વરવી પરિસ્થિતિનું સર્જન કરેલું? હજી આજે પણ એ અર્થતંત્રે ઊભા કરેલા ભ્રષ્ટાચારી, લાંચિયા, બેજવાબદાર અને ઉડાઉ વહીવટીતંત્રે અને તેની ઉપર બેઠેલા રાજકારણે કેટલી તબાહી સર્જી છે, તેનો આપણે કોઈ અંદાજ કાઢ્યો નથી. નહેરુની આખી અર્થનીતિ અને તેની પાછળની અવધારણાઓને ચર્ચાના ચોગાનમાં લાવવાની આખી વાતને જ આપણે ગુપચાવી દીધી છે અને જાણે કાંઈ અજુગતું, ભયાનક બન્યું જ ન હોય તેમ સાવ નિર્દોષ ભાવે મુકત બજારના વિચાર ઉપર એક જબરજસ્ત હલ્લો બોલાવ્યો છે. વાસ્તવિકતા સાથે આનાથી મોટી બીજી કઈ છેડાફાડી હોઈ શકે? સમાજવાદી વિચારનું સ્વપ્ન કેમ રોળાયું તે સમજવાનો - સમજાવવાનો આપણે ધરાર ઈન્કાર કર્યો છે. હજી પણ માનવા- મનાવવામાં આવે છે કે માનવીય ચહેરો ધરાવતી વિકાસ તરાહ તો સમાજવાદી મૂલ્યો આધારિત જ હોઈ શકે; ભલે આપણો એક પ્રયત્ન નિષ્ફળ ગયો પણ મૂળ નેમ તો સાબૂત જ છે. તેને સિદ્ધ કરવા માટે બીજા નવેસરના પ્રયત્નો કરી જ શકાય. રાજ્યના સાધન અને માધ્યમનો ઉપયોગ કરીને એક ન્યાયી, માનવીય ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થાનું સર્જન કરવામાં નિષ્ફળ નીવડ્યા હોઈએ, તો પણ ન્યાયી ધ્યેયને સિદ્ધ કરવા રાજ્યના સાધનને વધારે સારી રીતે બીજી કોઈ રીતે પ્રયોજી શકાય, જેમાં વધારે લોકભાગીદારી અને સહયોગને સભાનતાપૂર્વક જોતરી શકાય. સમાજવાદી વિચારના હાર્દસમા મૂલ્ય 'સામાજિક ન્યાય'ની નેમ સુધી પહોંચવા ઘણા વિચારકો વિકેન્દ્રિત વ્યવસ્થા અને સશક્તિકરણનો રસ્તો જોઈ રહ્યા છે. ઉત્પાદન પ્રક્રિયા ઉપર રાજ્યના જ સર્વગ્રાહી અંકુશોને બાકાત રાખીને આ વિચારને અમલી કરવાની વ્યવહારુ નક્કર નીતિનો અભાવ એક મહત્ત્વનો મુદ્દો છે. પણ તેને બાજુએ રાખીએ તો પણ વૈકલ્પિક વિચારની પાછળ વ્યક્તિસ્વાતંત્ર્ય તરફનો સંદેહ, અણગમો અને તેની સાથે સાથે જ જતો સામૂહિકવાદ (ભલે ને ક્ષેત્રીય-micro સ્તરે) માટેનો આગ્રહ અને લગાવ કોઈ વાર સ્પષ્ટ દેખાય અને ઘણી વાર પ્રચ્છન્ન હોય છે. થોડું કડવું લાગે પણ ટૂંકમાં અને તરત સમજી શકાય તેમ કહેવું હોય તો એમ કહેવાય કે નવા શીશામાં જૂનો દારૂ ધરાઈ રહ્યો છે. વિકાસની તરાહમાં રાજ્યને અગ્રભૂમિકા આપતી 'જૂની સમાજવાદી' વિચારધારાએ જે વિનાશ સર્જ્યો તેના નરવા આલોચનાત્મક વિશ્લેષણને અવગણીને રાજ્યને ફરીથી મોકાની ભૂમિકા આપતો નવો વિચાર આગળ કરાઈ રહ્યો છે. વીસમી સદીના વિચાર-જગત ઉપર લગભગ પાંચથી સાત દાયકા સુધી આ વિચાર છવાયેલો રહ્યો. તેના કારણે તે વિચારમાળખાની અંતર્ગત થતી છણાવટો, તારણો અને ઉપાયો સ્વયંસ્પષ્ટ લાગે છે અને સહેજે ગળે ઊતરી જાય છે. 'વાત તો વ્યાજબી છે' નો સહેલાઈથી ગળે ઊતરી જતો સધિયારો આપે છે, આપણને એમ માનવા મજબૂર કરે છે કે મેળવવાનું તો આ જ છે, એ મેળવવા વારંવાર પુરુષાર્થ કરવો એ જ સાચો રસ્તો છે.

## મુકત અર્થતંત્રનો પ્રતિવિચાર

વીસમી સદીમાં સતત સરસાઈ ભોગવતો રહેલો આ વિચાર પડકારાયો નથી એવું નથી. મુકત બજારના મૂળ સિદ્ધાંતો અને વ્યવસ્થાને સંરક્ષણાત્મક સ્થિતિમાં મૂકી દઈને અર્થતંત્રમાં 'સામાજિક ન્યાય' કાજે હસ્તક્ષેપ કરતો સમાજવાદી વિચાર આગળ વધ્યો તે વાત સાચી છે, પરંતુ તે વિચાર ગજું કરી રહ્યો હતો ત્યારે જ તેની સામે મુક્ત બજારનું સમર્થન કરતી વિચારધારાએ બળૂકો પ્રતિકાર થિયરી, ફિલસૂફી અને વ્યવહારના મોરચે આપેલો. રાજ્યની વિશાળ દરમ્યાનગીરીથી મનુષ્યબુદ્ધિએ નિશ્ચિત કરેલી ડિઝાઈન પ્રમાણે સામાજિક હેતુઓને પાર પાડવાનાં વૈચારિક પૂર બધે જ ફેલાઈ ગયાં. તેની વચ્ચે વ્યક્તિસ્વાતંત્ર્ય અને મુકત બજારની થિયરી અને ફિલસૂફી ન માત્ર જીવી ગઈ પરંતુ ઉત્તરોત્તર વિકાસ પામતી ગઈ અને '૭૦ ના દાયકામાં પુનઃસ્થાપિત

***સમાજવાદી વિચાર અને મુકત બજારના વિચાર વચ્ચે થયેલા તુમુલ સંઘર્ષની વિગતો અને હકીકતોનો આઝાદી પશ્ચાત પેઢીઓને કોઈ આછો અણસાર સુધ્ધાં મળ્યો નથી. નહેરુ પ્રેરિત વિકાસવિચારે જાણે - અજાણ્યે એક મોનોપોલી જ લઈ લીધી. માર્કસ-લેનીન વિચારમાં અને તેની પૂર્વે સમાજવાદી વિચારદર્શનમાં મૂળે મંડાયેલી કેટલીય વિભાવનાઓ, થિયરીનાં માળખાંઓ અને પૂર્વધારણાઓ આપણા વિચારોમાં ઊંડે સુધી ઊતરી ગયાં.***

થઈ. માનવીની નીહિત પરિસ્થિતિનું વાસ્તવિકતા સંગત નિરૂપણ કરતી અને તેની અંતર્ગત રહેલા તર્કને સતત ઉજાગર કરતી આ આખીયે વિચારધારાએ આપણા દેશના અને ખાસ કરીને ગુજરાતના બૌદ્ધિક જગતમાં પ્રવેશ જ મેળવ્યો નથી.

સમાજવાદી વિચાર અને મુકત બજારના વિચાર વચ્ચે થયેલા તુમુલ સંઘર્ષની વિગતો અને હકીકતોનો આઝાદી પશ્ચાત પેઢીઓને કોઈ આછો અણસાર સુધ્ધાં મળ્યો નથી. નહેરુ પ્રેરિત વિકાસવિચારે જાણે - અજાણ્યે એક મોનોપોલી જ લઈ લીધી. માર્કસ-લેનીન વિચારમાં અને તેની પૂર્વે સમાજવાદી વિચારદર્શનમાં મૂળે મંડાયેલી કેટલીય વિભાવનાઓ, થિયરીનાં માળખાંઓ અને પૂર્વધારણાઓ આપણા વિચારોમાં ઊંડે સુધી ઊતરી ગયાં.

૧૯મી-૨૦મી સદીના સંધિકાળે ગાંધીએ યુરોપમાં સ્થાપિત મુકતબજારની વિચારધારા કે તેને પડકારતા સમાજવાદી વિચાર પ્રવાહનો કોઈ તાગ મેળવ્યા વગર જ દક્ષિણ આફ્રિકાના પોતાના મૌલિક અનુભવો, વાંચન અને ગીતાના પોતાના આગવા અને નરવા અર્થઘટન થકી 'સ્વરાજ'નું જે જીવનદર્શન ઊભું કર્યું તેના હાર્દમાં પણ યાંત્રિક ઉત્પાદન, ઝડપી પરિવહન અને બજારનો હાડોહાડ વિરોધ અને નકાર મુકાયેલા હતા. ગામડાંલક્ષી વિકેન્દ્રિત વ્યવસ્થાના સમર્થન અને ઉદ્યોગીકરણનો ભારે વિરોધ કર્યા પછી પણ તેમને આનાથી સાવ ઊંધી વ્યૂહરચનાના પ્રખર શિલ્પી જવાહરલાલ નહેરુ જોડે મેળ પાડવાનું સહેલું લાગ્યું, એનું એક મોટું કારણ એ પણ ખરું કે નહેરુનો પણ બજારનો ફેબિયનવાદી ઘોર વિરોધ અને ગરીબોનાં આંસુ સમાજવાદી રાહે લૂછવાની ઉત્કટ ઈચ્છા. ૧૯૩૦ પછી ઓકસફોર્ડ - કેમ્બ્રીજમાંથી બહાર પડેલા નવલોહિયા ભારતીય યુવાન અર્થશાસ્ત્રીઓ ફેબિયન સમાજવાદી વિચારોથી ખાસ્સા રંગાયેલા હતા. આ બધાં પરિબળો ભેગાં થયાં અને કોઈપણ ષડ્યંત્ર કર્યા વગર જ સમાજવાદી વિચાર સ્થપાઈ ગયો અને બૌદ્ધિકોનું સમર્થન પામ્યો. મુકત બજારના વૈકલ્પિક વિચારને આઝાદ ભારતની વિચારભૂમિમાં મૂળિયાં નાખવા માટેની માવજત કે પોષણ મળ્યાં જ નહીં. બી.આર.શિનોય કે મીનુ મસાણી જેવા એકલ દોકલ તારલાઓને છોડતાં લગભગ બધા જ બૌદ્ધિકો લાલ નહીં તો ગુલાબી રંગે રંગાયા. ગાંધીજનોએ નહેરુનો વિરોધ તો કર્યો, ગાંધીરાહથી નહેરુ ચાતરી ગયા તેવો આરોપ પણ કર્યો. પરંતુ બન્નેના મુકત બજારના સૈદ્ધાંતિક વિરોધ અને સામૂહિકવાદ તરફ નમતા પલ્લાએ ગાંધીવિચાર અને નહેરુવીયન સમાજવાદ વચ્ચે સમાધાનની એક ભોંય રચી આપી. સરવાળે કાયદાના શાસન હેઠળ વ્યક્તિસ્વાતંત્ર્ય અને તેની ઉપર મુકત બજાર આધારિત લિબરલ સમાજવ્યવસ્થાનો આખો વિચાર જ ભૂંસાઈ ગયો.

## બ્રિટીશ લિબરલ વિચાર અને નૂતન ઉદારીકરણ

૧૭મી ૧૮મી સદીમાં ઈંગેલેન્ડમાં સ્વયંભૂ રીતે ઉદ્ભવેલા કાયદાના શાસનની આણ હેઠળ ખીલેલા વ્યક્તિસ્વાતંત્ર્ય અને મુકત બજાર વ્યવસ્થાએ લીબર્ટીને જન્મ આપેલો. તે લીબર્ટીમાંથી પ્રેરણા લઈને ખંડીય યુરોપમાં આગળ વધેલો વિચાર કાળક્રમે સમાજવાદી વિચારમાં રૂપાંતરિત થયો. અલબત્ત, કાયદાના શાસન હેઠળ રાજ્યસત્તાને અને વ્યક્તિ સ્વાતંત્ર્યને મર્યાદિત કરતા લીબર્ટીના મૂળ વિચારથી તે ફંટાઈને સાવ બીજા જ મુકામે પહોંચ્યો. સમાજવાદી વિચાર આપણે લગભગ પૂરો સ્વીકારી લીધો પણ રાજ્યસત્તાને જ નહીં, પાર્લામેન્ટની સત્તાને પણ મર્યાદિત રાખતા કાયદાના શાસનના લીબર્ટી વિચારના ઈતિહાસથી આપણે સાવ અજાણ છીએ.

૧૯૯૧ પછી મને-કમને, ગમા-અણગમા સાથે કોંગ્રેસે નહેરુ વિચારધારા સાથે છેડો ફાડ્યો છે. સંકુચિત રાષ્ટ્રવાદના પ્લેટફોર્મ ઉપરથી સત્તામાં આવેલા પક્ષે પણ ઉદારીકરણ અને વિશ્વીકરણની દિશામાં ખોડંગાતાં ખોડંગાતાં આગળ ડગ માંડ્યાં છે. નહેરુના ઘોર વિરોધ છતાં સંઘપરિવારમાં પણ ઉદારીકરણ, વિશ્વીકરણ સામે વિરોધની આંધી ઊઠી છે. રાજ્યવાદ (statism)નું આકર્ષણ બન્ને પક્ષોને છે, અપવાદ બાદ

કરતાં કોઈપણ મહત્ત્વાકાંક્ષી રાજકારણીને હોય જ. 'સામાજિક ન્યાય'નું ઓઠું બધાને હાથવગું છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે દેવાળું ફૂંકવાની ધાર ઉપર પહોંચી ગયા પછી રાવ-મનમોહનસીંગે ૧૯૯૧માં ઉદારીકરણ તરફ જ્યારે પલ્લું નમાવ્યું ત્યારે શરૂઆતમાં હત્પ્રભ થઈ ગયેલા અને સોવિયેટ સામ્રાજ્યના અચાનક વિલયથી નાસીપાસ થઈ ગયેલા સમાજવાદી બૌદ્ધિકોએ પહેલાં તો કોઈ સંગઠિત પ્રતિભાવ આપ્યો નહીં, પરંતુ એક દાયકા પછી આ બળો એકજૂથ થઈ ગયાં છે. આંતરરાષ્ટ્રીય સ્તરે, ખાસ કરીને યુરોપમાં પણ બજાર સામેનો વિરોધ ઉગ્રતર અને સંગઠિત થઈ રહ્યો છે. સમાજવાદી વિચાર અને 'સામાજિક ન્યાય'ના વિચારનું ઉદ્ભવસ્થાન પણ યુરોપ જ ને!

આ બધું ખરું, પણ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં અને લગભગ આખી ૨૦મી સદીમાં બે મહાન વિચારો વચ્ચે ચાલેલા ગજગ્રાહના એક વિચારપક્ષની જાણકારીનો લગભગ સંપૂર્ણ અભાવ અને નર્યા પૂર્વગ્રહપ્રેરિત તેનો જાકારો એ સ્વસ્થ સમાજનું લક્ષણ ના કહી શકાય. વળી, બજારવિરોધી વિચારની પણ તલસ્પર્શી, તર્કસંગત વિચારણા અને તેના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યની કોઈ ચર્ચા થઈ નથી.

## બજાર, ઉત્ક્રાંતિ અને જ્ઞાન-મીમાંસા

હજી આગળ જઈએ તો આ વિચાર સંઘર્ષ સાથે નીકટનો સંબંધ ધરાવતા બીજા ગહન પ્રશ્નોની પણ ભાગ્યે જ કોઈ ચર્ચાઓ થઈ છે. જેમ કે માનવીનું પ્રકૃતિમાં સ્થાન અને ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ સાથે તેનો ગાઢ સંબંધ, વ્યક્તિનું સમાજવ્યવસ્થામાં સ્થાન અને સમાજ સાથેના તેના સંબંધો જેવા પાયાના અને અત્યંત પ્રસ્તુત પ્રશ્નોની ચર્ચા પણ આની સાથે સંકળાયેલી છે. વ્યક્તિની પહેલ, તેની સર્જનાત્મકતા, તેની પહોંચ અને પહેચાન પણ ઘનિષ્ઠ રીતે મુક્ત બજારના વિચાર સાથે સંકળાયેલી છે. જમીન, જળ, ખનિજ, જંગલ જેવા ભૌતિક પદાર્થોને ઉત્પાદનના પ્રાથમિક અને આખરી સ્રોત ગણતી સ્થાપિત વિચારધારાએ મનુષ્યજ્ઞાનના આખા આયામને સાવ જ નજરઅંદાજ કરેલો છે. મુક્ત માનવ, ખુલ્લો સમાજ અને મુક્ત બજારના ત્રિવિધ પરિમાણની અંદર જ મનુષ્યના જ્ઞાનનો ઉદ્ભવ, વિકાસ અને ઉપયોગ સમજી શકાય. જ્ઞાન એટલે વિજ્ઞાન અને વિજ્ઞાન એટલે ટેકનોલોજી એવું સાંકડું સમીકરણ મુકાયું છે. ડિઝાઈન પ્રમાણે સમાજને ઘડવા માંગતા વિચારની આ અનિવાર્ય પેદાશ છે. આવા અતિ સાંકડા સંદર્ભમાં જ 'રેશનાલીટી અને વ્યવસ્થા પરિવર્તન'નો સમાજવાદીઓને પ્રિય વિશેષ વિચાર મુકાયેલો છે. એ કહેવાનું જરૂરી નથી કે રેશનાલીટી અને વ્યવસ્થા પરિવર્તનને પ્લાસ્ટર ઓફ પેરીસના એ ચોકઠામાં જ જોવાની જરૂર નથી. ૧૯મી સદીના અંતભાગમાં અને ૨૦મી સદીના પૂર્વાર્ધમાં વિકસી રહેલા મનુષ્ય જ્ઞાનની (વિજ્ઞાનની) જ્ઞાનમીમાંસા (Epistemology)એ અણચિંતવ્યો અને દૂરગામી વળાંક લીધો. સંપૂર્ણ જ્ઞાન હાથમાં છે કે સાવ હાથવગું છે તેવા પોઝીટીવીસ્ટ હુંકારે જ્ઞાનપ્રાપ્તિને ભૌતિકશાસ્ત્રના સીમિત નીયતિવાદી (determinist) દાયરામાં જકડી લીધું. વિજ્ઞાન એટલે ભૌતિક વિજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાન એટલે બારીક માપન અને દુર્બોધ ગણિત એવું સમીકરણ અંકે થઈ ગયું. સમાજને ધારેલા ઘાટઘૂટ આપવા માંગતા બૌદ્ધિકો આનાથી ચીત થઈ ગયા અને અર્થશાસ્ત્ર 'ભૌતિક વિજ્ઞાન' ની હરોળમાં આવવા થનગની રહ્યું. સામાન્ય માનવીનું રોજ-બરોજનું, ઉત્પાદન પ્રક્રિયામાં તત્કાલીન ઉપયોગનું મહત્ત્વનું જ્ઞાન નકામું બનીને, રસ્તાની ધારે ફેંકાઈ ગયું. 'એ જ્ઞાન તો બધાને હોય જ અથવા હોવું જોઈએ' નો વિચાર સ્વાભાવિક ગણાયો. તેનો ઉચિત અને મહત્તમ ઉપયોગ એ પોતે જ કેંદ્રીય સમસ્યા છે એવી હાયેકની અર્થસભર ચેતવણીઓ અવગણાઈ.

પોઝીટીવીઝમને પડકારતી જ્ઞાનમીમાંસા પ્રમાણે : મનુષ્યને આખરી જ્ઞાન અપ્રાપ્ય છે. દિશાહીન ઉત્ક્રાંતિની એક નીપજ એવા મનુષ્યની સ્થિતિમાં જ નીહિત્ છે કે તેનું જ્ઞાન અધૂરું અને મર્યાદિત જ હોય. જ્ઞાનખોજની પ્રક્રિયા નીતનવા પ્રયત્નો અને તેમાં રહી જતી ભૂલોને સુધારવાની સમાજવ્યાપી પ્રક્રિયા વગર અશક્ય છે. ભૂલને શોધતી અને તેનો સ્વીકાર કરતી પ્રક્રિયા બૌદ્ધિક વિનમ્રતા અને વિચારોની મુક્ત સ્પર્ધાના માહોલ વગર અશકય છે. અધૂરું જ્ઞાન એ માનવી માત્રની નિયતિ છે, પણ તેની ખોજ અમર્યાદિત છે. જ્ઞાનના સિમાડા સતત વિસ્તરી શકે. ધારે તે નિશાન પાડી શકવાનો દાવો કરતી આક્રમક જ્ઞાનમીમાંસાની સરખામણીમાં આ મીમાંસા મવાળ દેખાય છે. પણ તેના સૂચિતાર્થો ક્રાંતિકારી અને નર્યા માનવીય છે. પોતાનો જ કક્કો ખરો તેમ નહીં, સામાની વાતમાં પણ તથ્ય હોઈ શકે તેવી સમજ સાથે અચૂકપણે પ્રતિવિચાર માટે સહિષ્ણુતા અને તેને માટેનો આદર જાય જ. અનેક વિચારો વચ્ચે ચાલી રહેલી હરીફાઈમાં ક્યો વિચાર સ્વીકાર્ય તેનો સભ્યતાપૂર્વક, શાંતિમય રીતે ઉકેલ લાવવાની આ જ એક ચાવી છે. આ માહોલમાં જ મૂલ્યો વચ્ચેના સાપેક્ષવાદને કોઈ સ્થાન રહેતું નથી. ''મારું સત્ય જ સાચું''નો હુંકાર અને ''તારું સત્ય તારી પાસે અને મારું સત્ય મારી પાસે''નો સાપેક્ષવાદ ઘોર અતાર્કિકતાના એક જ સિક્કાની બે બાજુઓ છે. પોઝીટીવીઝમે રેશનાલીટીના નામે ૨૦મી સદીમાં જમાવેલા આધિપત્ય અને કાળા કેરનાં આ કુફળો છે. તેનાથી ઊલટી આ નમ્ર જ્ઞાનમીમાંસા જ પરંપરાઓ અને તર્કબુદ્ધિ વચ્ચેનો દેખીતો ઝગડો નિવારે છે, બંનેનું મૂલ્ય સ્વીકારે છે અને આગળનો

*લોકમત - Public Opinion - વિશે ઘણા સાવધ રહેવાની જરૂર છે. ના તેની સાથે આંધળી દોસ્તી અચ્છી, ના દુશ્મની અચ્છી.*

રસ્તો શોધવા પ્રેરે છે. આ જ્ઞાનમીમાંસા પણ મુક્તબજારના વિચારની જેમ અવગણાઈ. એક ઉદ્દામવાદી અને આક્રમક જ્ઞાનમીમાંસાએ દોર પોતાના હાથમાં લઈ લીધો. 'છોડો કલકી બાતેં, કલકી બાત પુરાની' નું આહ્વાન ભલભલાને ખેંચી ગયું. 'નવો સમાજ' અને 'નવો માનવી' સર્જવા બૌધ્ધિકો અધીરા બન્યા.

આ ધસમસતા પ્રવાહમાં ખોજ માટે જરૂરી વિનમ્રતા તો જાણે સાવ તણાઈ ગઈ, પરંતુ સાથે સાથે સામાન્ય માનવીને પ્રાપ્ત જાણકારી અને જ્ઞાનના વિનિયોગ ઉપર ચોકડી જ મુકાઈ ગઈ. જ્ઞાન અને કૃતિ એક એલીટીસ્ટ કૂંજામાં બંદી બની ગયા. મુક્તિ, શાંતિ અને સાર્વત્રિક બંધુત્વનો કોલ આપતું આ જ્ઞાન અને વિચાર છેવટે પરાધીનતા, સ્ટાલીનશાહીના ગુલાગ અને સમાજવ્યાપી ગરીબીના દોજખમાં પરિણમ્યા.

મનુષ્યની બુદ્ધિને જ પ્રાથમિક અને સર્વોપરી ગણતી અને તેની મદદથી સાવ નવેસરથી નૂતન સમાજની રચનાને શકય માનતી આક્રમક જ્ઞાનમીમાંસાએ ફ્રેંચ ક્રાંતિના દર્શનને પણ આકાર આપ્યો. તેનાં પરિણામો અણચિંતવ્યાં અને ગંભીર આવ્યાં છે.

## બહુમતીવાદ - લોકમત

સાર્વત્રિક લોકઇચ્છાને સર્વોપરી ગણતો ફ્રેંચ ક્રાંતિ વિચાર વ્યવહારમાં બહુ ઝડપથી બહુમતી જે ઠેરવે તે સાચું, ન્યાયી અને વાજબીના વિચારમાં ફેરવાઈ ગયો. વ્યવહારમાં ધારાસભાની બહુમતીને યેનકેન પ્રકારેણ હાંસલ કરવાની હોડમાં તે પરિણમ્યો. લોકશાહીના હાર્દ સમા સિદ્ધાંત તરીકે બહુ સ્વીકૃતિ પામ્યો. હાયેક જેવા લીબરલ ચિંતકે તેને 'અમર્યાદિત' લોકશાહીનો વિચાર કહ્યો છે, કારણ કે ધારાસભાની સત્તા અમર્યાદિત થઈ ગઈ. આ સિદ્ધાંતની પીઠ ઉપર ચઢીને હિટલર સત્તારૂઢ થયો અને યહુદીઓ સહિત બીજી કેટલીય લઘુમતીઓએ જીવતા નર્કનો અનુભવ કર્યો. ત્યાર પછી લોકશાહીના નામે દુનિયાની કેટલીય લઘુમતીઓ ઉપર વીતી છે. આપણા જ નજીકના ઇતિહાસને જોઈએ તો ૧૯૮૪માં દિલ્હીમાં ભરદિવસે શીખોની થયેલી કત્લેઆમ કે ૨૦૦૨માં ગુજરાતમાં મુસલમાનોની થયેલી તેવી જ કત્લેઆમને પણ વકરેલા બહુમતીવાદનું નર્યું ઘૃણાસ્પદ અને અમાનવીય પાસું જ ગણવું પડે.

લોકમત - Public Opinion - વિશે ઘણા સાવધ રહેવાની જરૂર છે. ના તેની સાથે આંધળી દોસ્તી અચ્છી, ના દુશ્મની અચ્છી. આલોચનાત્મક રેશનાલીટી દ્વારા સત્યની ખોજ એ અનિવાર્યપણે સમાજવ્યાપી જાહેર પ્રક્રિયા જ છે અને લોકમત પણ જાહેર સમાજવ્યાપી પ્રક્રિયાનું જ પરિણામ છે. લોકમત વિજ્ઞાનનાં તારણો, તથ્યોથી પ્રભાવિત થતો હોય છે તો વળી તેને મૂલવતો પણ હોય છે. છતાં પણ લોકમત એ કાંઈ વૈજ્ઞાનિક ચર્ચાનું પરિણામ નથી જ.

ધીમે ધીમે પાંગરતી આલોચનાત્મક રેશનલ ચર્ચાની બળૂકી પરંપરા જ રાજકીય ક્ષેત્રે અને જાહેર જીવનમાં સંવાદ દ્વારા શાસનની મૂલ્યવાન પરંપરાને જન્માવી શકે. આવી રેશનલ ચર્ચાની પરંપરાના માળખામાં જ બીજી પરંપરાઓને નાણી શકાય; મૂલવી શકાય અને જરૂર પડે બદલી શકાય; સતત ઉદ્ભવતી રહેતી નીત નવી સમસ્યાઓને હલ કરવાનો પડકાર ઉપાડી શકાય. કાળક્રમે આવી પ્રક્રિયા જ હાલના 'લોકમત'નું સ્થાન લઈ શકે અને 'લોકમતે' જે ભજવવાની છે તે ભૂમિકા ભજવી શકે.

સામાન્ય માનવીને મોકળાશ આપતી, તેની પહેલ અને સર્જનાત્મકતાને રસ્તો કાઢી આપતી, બૌદ્ધિક વિનમ્રતાને મોખરાનું સ્થાન આપતી વિકાસ તરાહના અનેક આયામોને ચર્ચાના ચોગાનમાં લઈ આવવાનો અમારો આ એક નાનો પ્રયત્ન છે. સમસ્યાઓ સંકુલ છે, તેના વાસ્તવિક ઉકેલમાં રસ ધરાવનારાઓ માટે એક જગ્યા ઊભી કરવાનો આ પ્રયત્ન છે.

# 'ખોજ'ના આરંભ ટાણે

*- તૃપ્તિ પારેખ*

લાંબા સમયથી 'ખોજ' શરૂ કરવાનું વિચારતા હતા. આમ તો ઘણાં અઠવાડિક, પાક્ષિક, માસિક, દ્વિ-માસિક સામયિકો ગુજરાતી અને અંગ્રેજીમાં ઉપલબ્ધ છે. તો શા માટે એક નવું ચાલુ કરવું? એનાં મૂળિયાં છેલ્લાં થોડાં વર્ષોની અમારી ઉત્તરોત્તર બળવત્તર બનતી ગયેલી વિચારયાત્રા અને છટપટાહટમાં રહેલાં છે.

કર્મશીલોમાં સામાન્યતઃ એક બહુસ્વીકૃત માન્યતા એ જ રહી છે કે વ્યક્તિ પોતાનાં નિજી હિતો/સ્વાર્થ માટે મથવાને બદલે સમાજ તરફ પોતાના ઉત્તરદાયિત્વની ભાવના કેળવે, 'સ્વ'માંથી ઉપર ઊઠીને 'સર્વ'નું વિચારે, તો જ સમાજનાં દુઃખો દૂર થાય, વિષમતાઓ ટળે. વળી, સામાજિક ન્યાય તેમજ બધાની સમાનતા અને સુરક્ષા માટે જરૂરી છે કે ખાનગી મિલકત અને નિજી સંપત્તિ કાં તો નાબૂદ થાય કે તેની ઉપર સખત અંકુશો આવે. તો જ ન્યાયી વિતરણ થાય, તો જ ઊંચ-નીચ, ગરીબ-તવંગર ના રહે, કોઈ ભૂખ્યું ના સૂવે, સર્વે સુખિનો સન્તુ. વળી, છેલ્લા દોઢ દાયકામાં વાયેલા વિશ્વીકરણના વાયરાએ એક અન્ય ભયને ઓર સંકોર્યો છે કે તવંગરોની મહેલાતો ઊંચી થતી જાય છે, અને ગરીબોની ઝૂંપડીઓ તૂટી રહી છે. મોટા ખેડૂતો ખેતમજૂરો અને નાના ખેડૂતોને ખાઈ જઈ રહ્યા છે, આદિવાસીઓ શાયલોક જેવા શાહુકારોની નાગચૂડમાં ફસાઈ જઈ રહ્યા છે, બહુરાષ્ટ્રીય કંપનીઓ દેશના ઉદ્યોગોને ચાઉં કરી રહી છે. ટૂંકમાં, મોટી માછલી નાની માછલીઓને હડપ કરી રહી છે, એ સમીકરણ ગરીબો માટે નિસ્બત ધરાવતા લગભગ બધાને જ સાચું લાગે છે. આવી વરવી અને અસમાન પરિસ્થિતિ બદલી કે નિવારી કેવી રીતે શકાય? ગરીબોને રક્ષણ આપીને. માલદારોને દંડીને. આ રક્ષણ આપવાનું અને દંડવાનું કામ કોણ કરે? એવી સત્તા, જે બધાથી ઉપર હોય, જે એવું આર્થિક આયોજન કરે જેમાં ગરીબો ગરીબ ના રહે અને ગરીબ-તવંગર વચ્ચેની ખાઈ પૂરાતી જાય, અને જેની પાસે દરેકને એ આયોજન મૂજબ વર્તવાની ફરજ પાડી શકે એવી coercive સત્તા હોય. સરકાર જ આવી સત્તાની ગરજ સારી શકે. સરકારની આ અનિવાર્ય ભૂમિકા માટે પણ લગભગ આમ સહમતિ જોવા મળે છે.

## પાછા વળીને જોઉં છું ત્યારે...

જાહેર જીવનમાં ઝુકાવેલું જે.પી. પ્રેરિત સંપૂર્ણ ક્રાંતિ આંદોલનમાંથી પ્રેરણા મેળવીને. જાહેર જીવનનાં મોટા ભાગનાં વર્ષો જે.પી. વિચાર કહેતાં જાણ્યે-અજાણ્યે એક વિશિષ્ટ સમાજવાદી વિચારની છાયામાં વીતાવ્યાં. અલબત્ત, સરકાર આર્થિક આયોજન અને વિતરણના અબાધિત અધિકારો સંપૂર્ણપણે પોતાના હસ્તક રાખે એ વિચાર અમે ક્યારેય સ્વીકાર્યો ન્હોતો. 'ગરીબો' શા માટે ગરીબ રહેવા જોઈએ, ગામડાં શા માટે અણ-વિકસિત અને દારિદ્રમાં પીડાતાં રહેવાં જોઈએ, એમના વિકાસ માટેનું ઉત્તરદાયિત્વ સરકાર નથી નિભાવતી તો સરકારનો કાન આમળીને પણ સરકારને એ કરવા મજબૂર કેમ ના કરવી, વગેરે અમારાં કામો અને વિચારોનાં કેન્દ્રબિંદુ હતાં. લોકતંત્ર, શાંતિમયતા અને લોકસંઘર્ષ દ્વારા સામાજિક ન્યાય અને ગરીબી નાબૂદીના જે.પી. વિચારમાં અમે ગળાડૂબ હતાં.

સરકારી નીતિઓના વિરોધમાં કે ગરીબો તરફી નીતિઓ બને એ માટે અથવા સરકાર એ નીતિઓનો ન્યાયી અને યથાર્થ અમલ કરે એ માટે લોકસંગઠનો કરીને લડતો આપી, કયારેક રાજ્યની કલ્યાણકારી યોજનાઓના અમલ માટે ઝઝૂમ્યા. સરદાર સરોવરના અસરગ્રસ્તોના પુનર્વસવાટની નીતિ અને અમલ માટેની લડત ગુજરાતમાં પુનર્વસવાટ કરનાર અસરગ્રસ્તો માટે માનીતાં અને સ્વીકાર્ય

પરિણામો લાવી. લગભગ દોઢ દાયકા સુધી આ પ્રક્રિયા ચાલી. બીજાં કર્મશીલ સંગઠનો જોડે આદિવાસી પુનર્વસવાટની વ્યૂહરચના અને કાર્યપદ્ધતિ અંગે પાયાના ઊંડા મતભેદો સપાટી ઉપર આવ્યા. ગુજરાત પૂરતાં પરિણામો પ્રમાણમાં સંતોષકારક આવ્યાં. પણ જાહેર યોજનાઓથી વિસ્થાપિત થનારાઓના યોગ્ય પુનર્વસનનો પ્રશ્ન રાષ્ટ્રીય કક્ષાએ હજી એવો જ અદ્ધર લટકે છે.

જંગલ જમીનોના ખેડાણના પ્રશ્ને ઠીક ઠીક આગળ વધ્યા છીએ. કેન્દ્ર સરકારનું વલણ કૂણું પડ્યું જણાય છે. પણ અભયારણ્યો - રાષ્ટ્રીય ઉદ્યાનોમાં પેઢીઓથી રહેતા આવેલા સ્થાનિક લોકોનું શું? તેમના હક્કો અંગે હજુ સર્વત્ર ઠંડું મૌન જ જોવા મળે છે. જીવવૈવિધ્યને સાચવી રાખવાની ઉદાત્ત ભાવનાથી દેશભરમાં અનેક રાષ્ટ્રીય ઉદ્યાનો-અભયારણ્યો અસ્તિત્વમાં આવ્યાં છે. પરંતુ એમાં શું બન્યું છે? સુખી અને બોલકા લોકોએ પોતે કોઈ જ ભોગ આપ્યા વગર સ્થાનિક લોકો, મોટેભાગે આદિવાસીઓના, જીવવાના હક્કોનો ભોગ લઈને આવી યોજનાઓ અમલી કરાવી છે. વન્ય પ્રાણી વિરુદ્ધ આદિવાસીનો ભદ્દો દ્વંદ્વ ઊભો કરાયો છે. વળી એ સવાલ તો પુછાયો જ નથી કે જીવવૈવિધ્યને સાચવવાનો આ જ સાચો રસ્તો છે? જીવ-વૈવિધ્યનું પોતાનું ડાયનામિક્સ શું છે? એના સંદર્ભ વગર જીવ-વૈવિધ્યનો પ્રશ્ન સમજી શકાય? હલ કરી શકાય? જો આ રાષ્ટ્રીય હિતનો મહત્ત્વનો પ્રશ્ન હોય તો સ્થાનિક ગરીબોને જ આવડી મોટી કિંમત કેમ ચૂકવવાની આવે છે? જંગલો પરના આદિવાસીઓના અધિકારો માટેની લડત હજી લાંબી ચાલવાની, એમાં પણ શંકાને સ્થાન નથી.

આરોગ્ય - શિક્ષણ અંગેના ખ્યાલો, વિચારો અને કામોમાં ઘણા ફેરફારો આવતા ગયા છે. આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે જે રંધાયું છે તેને બહુ જ નજીકથી જોવા, સમજવાનો અમારો અનુભવ બન્યો. જે બન્યું છે અને આકાર પકડી રહ્યું છે તેનાથી છળી મરાય એવું છે. કમસે કમ આ પાયાનાં ક્ષેત્રોમાં ફક્ત શાસન જ દોષને પાત્ર છે તેવું લાગતું નથી, જો કે સત્તા અને સાધનોના જબરજસ્ત કેન્દ્રીકરણ અને તેના મોટા મોટા દાવાઓને કારણે તેની જવાબદારી બહુ મોટી બની છે. આ ક્ષેત્રોમાં પ્રશ્નોને બહેકાવવામાં તેની નીતિરીતિઓએ બહુ મોટો ફાળો આપ્યો છે, તે વિશે પણ શંકાને કોઈ સ્થાન નથી.

૧૯૯૪ થી '૯૮ દરમ્યાન દેડિયાપાડાના સુરપાણેશ્વર અભયારણ્યનાં આદિવાસી કુટુંબોને રોજગાર ખાતરી યોજના હેઠળ રોજી મળે એ માટેના સરકાર સાથેના તથા હાઈકોર્ટમાં કરેલા તમામ પ્રયત્નોને વિફળ થતા ભાળ્યા. હાઈકોર્ટનું દેખીતું ઓરમાયું વર્તન આંખ સામે ખૂલતું જોયું. એ જ વર્ષોમાં અભયારણ્ય મધ્યેનાં વાંસનાં લીલાંછમ ઝૂંડોને સરકાર અને ગોઠિયા ઉદ્યોગ દ્વારા ખુલ્લેઆમ ખલાસ કરાતાં જોયાં. શાસન દ્વારા ટકાઉ વિકાસનો કરુણ રકાસ થતો જોયો અને હાઈકોર્ટને આંખ આડા કાન કરતા જોઈ. સરકાર ગરીબો માટે કે કુદરતી સંસાધનોના સંરક્ષણ માટે કોઈ સકારાત્મક કામ કરી શકે એ આશા ઠગારી નીવડી રહી હતી. ઊલટું, એ દાયકાના પૂર્વાર્ધમાં વધુ ને વધુ ખ્યાલ આવતો ગયો ગરીબોના આર્થિક જીવન પર નાગચૂડ જમાવીને બેઠેલા રાજ્યે કરેલા વિનાશનો. વિનાશ કોઈ એક હોય તો દાખલો આપીએ. અત્ર તત્ર સર્વત્ર વિનાશનું વર્ણન શું કરવું? મિલ્ટન ફ્રીડમેને ૧૯૬૦ના દાયકામાં જે જોયેલું અને ભાખેલું તે કમનસીબે સાચું પડ્યું છે. ૧૯૬૩માં એ બીજી વાર ભારતની મુલાકાતે આવેલા. નહેરુનો આયોજિત વિકાસ 'કાઠું કાઢી' ગયો હતો. ત્યારે તેમણે ભારતના આર્થિક આયોજન પરના એક લેખમાં અસંદિગ્ધ રીતે લખેલું : *''નિયંત્રણોથી આર્થિક નુકસાન તો થાય જ છે, પણ એ નિયંત્રણો ભારતીય સમાજના રાજકીય જીવનને ખૂબ મોટું નુકસાન પહોંચાડી રહ્યાં છે. અણવિકસિત દેશોમાં ભ્રષ્ટાચાર અને મામૂલી લાંચ તો સાર્વત્રિક હોય જ છે, પણ ભારતમાં તો તે નવી જ ઊંચાઈઓ પર પહોંચી રહ્યાં છે. . . હકીકતમાં, બળૂકાં ખાનગી જૂથો, રાજકીય અને નાણાંકીય પ્રભાવ દ્વારા પોતાનાં હિતોને સંકોરવા માટે સરકારી નીતિનો સાધન તરીકે ઉપયોગ કરે છે એમ કહેવું એ પરિસ્થિતિનું આબેહૂબ વર્ણન છે. ભ્રષ્ટાચાર, વહીવટીતંત્રના નૈતિક મનોબળનો અને કાર્યક્ષમતાનો નાશ કરીને અને જનતાના મનમાં કાયદા તરફના આદરને કમજોર કરીને રાજકીય વારસાને સીધી ક્ષતિ પહોંચાડે છે.''*

એ ભાખ્યાને આજે ચાર દાયકા થઈ ગયા છે. આજે પાછું વળીને જોઈએ છીએ તો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે અર્થતંત્રનો કબજો પોતાના હસ્તક રાખીને રાજ્યે પૂરા અર્થતંત્રની કમર તોડી નાખી. કુદરતી સંસાધનો પર તેનો અબાધિત અધિકાર હોવાથી એનો ખુડદો બોલી ગયો. અમલદારશાહી/નોકરશાહી સર્વે સર્વા થઈ ગઈ. દેશ ઉપર એક મહાકાય બળૂકા પરોપજીવી વર્ગે પકડ જમાવી દીધી. એક બાજુ રાજકારણીઓ અને અમલદારો પાસે સગાં-સંબંધીઓ અને વગદાર ઉદ્યોગોને નાણાંની, સત્તાની અને સાધનો-સંસાધનોની લ્હાણી કરવાનો અબાધિત અધિકાર રહ્યો, બીજી બાજુ સામાન્યજનો અને ગરીબો બાપડા અને માંગણા થઈ ગયા. સ્વાભાવિક છે કે વર્ષોના આવા એકતરફી અને વિકૃત માહોલે સમાજ આખામાં વિકૃત માનસિકતા ઊભી કરી. વિકાસ માટે જરૂરી કેટલીય હયાત પરંપરાઓ - સંસ્થાઓ નાશ પામી કે ખંડેર થઈ ગઈ અને નવી પરંપરાઓ - સંસ્થાઓ ઊભી થઈ જેણે સર્વત્ર વિનાશ તો વેર્યો જ, સાથે નરવા વિકાસની કેડીઓ જ લગભગ ભૂંસી નાખી.

## લોકશાહી અને કાયદાનું રાજ

બંધારણમાં સ્વીકારાયેલી 'કાયદાના રાજ'ની આણને સામાન્યજન સાથેના વ્યવહારમાં જાણે કે રાજ્ય ઘોળીને પી ગયું હોય એવી સ્થિતિ સર્જાઈ, જેની ચરમસીમા આવી, દિલ્હીના ૧૯૮૪ના શીખ વિરોધી કત્લેઆમ અને ૨૦૦૨માં ગુજરાતવ્યાપી ભભૂકેલા મુસ્લિમ સંહારના દાવાનળમાં. એમાં પલીતો ચાંપવાથી માંડીને સંકોરવાનું કામ શાસને કાયદાના રાજને નેવે મૂકીને કર્યું. જાન-માલનું રક્ષણ અને જતન કરવાની અનિવાર્ય ભૂમિકા નિભાવવામાં રાજ્ય ખરાબ રીતે નિષ્ફળ ગયું. ત્યાર બાદ, કાયદાના રાજની ઐસી કી તૈસી કરનાર પ્રણેતાઓને જનતાએ ખોબલે ને ખોબલે મત આપી ભારે બહુમતીથી જિતાડયા. શું આ લોકશાહી કહેવાય? લોકશાહી એટલે ફક્ત બહુમતી નક્કી કરે એ જ કે બીજું પણ કાંઈ? એવું જ 'કાયદાના રાજ'નું છે. 'કાયદા સામે સહુ સમાન'ની પાયાની વિભાવના પોતાના કેન્દ્રસ્થાનેથી સરકી ગઈ છે. હવે તો રાજા ઉર્ફે રાજકર્તાઓ કહે તે કાયદો, ધારાસભાઓ પસાર કરે તે કાયદો. વળી, પોતે કાયદાના શાસનથી પર છે એવું રાજકર્તાઓ તો માનવા જ લાગ્યા છે, જનતા પણ જાણે કે ધીમે ધીમે એ સ્વીકારતી થઈ ગઈ છે, અને નિઃસહાય થઈ ગઈ છે.

શાસન સંચાલિત કે નિયંત્રિત વિકાસ યોજનાઓના પાયાના વિચાર ઉપર જ અમારા મનમાં મોટા પ્રશ્નાર્થો ઊભા થયા છે. ગરીબો માટેની નિસ્બત એ જ છે અને પ્રશ્નો પણ લગભગ એવા જ છે, પણ એ હલ કરવાના અભિગમમાં બહુ મોટો ફેર પડી ગયો છે. જે રસ્તે બે-અઢી દાયકા ચાલ્યા, તે રસ્તાની ઘણી મર્યાદાઓ છતી થઈ છે. અમારા મનની છટપટાહટ અને ખોજ કાયમ રહ્યા છે. જે.પી.ની પ્રેરણા, વિશ્લેષણ અને વિચારધારાથી ધીમે ધીમે ફંટાઈ જઈને ઘણે દૂર નીકળી ગયા છીએ.

નેવુંની શરૂઆતમાં જ્યારે દેશમાં ઉદારીકરણની શરૂઆત થઈ ત્યારે અમારામાંના મોટાભાગનાને આશંકા અને ઊંડી ચિંતા હતી કે મુક્ત બજારમાં ગરીબો સાવ રહેંસાઈ તો નહીં જાય ને? ન્યાયની જેમ બજારને પણ અંધ કહીએ તો ખોટું નહીં. બજારમાં તો જેની પાસે નાણાં તેનો ગજ વાગે, એ બજારમાં ગરીબો વળી કેવી રીતે ગજું કરી શકે? બસ, છટપટાહટ અને મથામણો, વાંચન અને ચર્ચાઓની લાંબી રફતાર ચાલુ થઈ ગઈ. મુકત અર્થતંત્ર અને સિમિત રાજ્યના સદીઓ જૂના વિચારને નવેસરથી ઊંડાણથી સમજવાનો મોટો પ્રયત્ન અમે શરૂ કર્યો. રોજબરોજના વ્યવહારમાં જોવા મળતી કેટલીક ઘટનાઓ સાવ જુદા જ ગેસ્ટાલ્ટમાં જોવાને મગજ ટેવાવા માંડ્યું. દેશના રાજ્યકર્તાઓએ એ દિશામાં પગલાં લેવા માંડ્યાં છે, તેનું સમર્થન કરવાનું અમને જરૂરી લાગ્યું છે અને આ ખોડંગાતી પ્રક્રિયા વધુ નરવી અને સતેજ કેવી રીતે થાય તે સમજવાનું - સમજાવવાનું એક મહત્ત્વનું કાર્ય અમને લાગ્યું છે.

## સરકારની ભૂમિકા

આ સંદર્ભમાં સરકારની ભૂમિકા અને કાર્યક્ષેત્ર શું હોવાં જોઈએ એ સવાલ અગત્યનો બનતો જાય છે. કાયદો અને વ્યવસ્થા સાચવવાની, વ્યક્તિઓના જીવન અને મિલકતનું રક્ષણ કરવાની રાજ્યની પાયાની ફરજ ગણાઈ છે. વળી, લોકશાહીમાં પ્રત્યેક નાગરિક - બહુમતી તેમજ લઘુમતી - ના પાયાની સ્વતંત્રતાઓને રક્ષવામાં રાજ્યની મોટી ભૂમિકા સ્વીકારવામાં આવે છે. રાજ્યની વૈધતા (legitimacy) જ આ ફરજોના સ્વીકાર અને યથાયોગ્ય પાલન ઉપર ગણાવી જોઈએ.

સીધી રીતે આર્થિક બાબતોને પોતાને હસ્તક કરી, એનું આયોજન કરીને એને ચલાવવી એ રાજ્યનું કામ નથી કે નથી તેનું ગજું. સયાજીરાવ ગાયકવાડને આ ઊંડું સત્ય છેક ૧૯૦૨-૦૩માં સમજાઈ ગયેલું. સરદારને ૧૯૫૦માં બરાબર સમજાયેલું હતું, પરંતુ સમાજવાદી સમાજરચનાની ઊડેલી ડમરીમાં આ બધી કોઠાસૂઝો નામશેષ થઈ ગઈ અને જ્યારે ડમરી શમી ત્યારે જોવા મળી સાર્વત્રિક નુકસાની.

ધીમે ધીમે સમજાતું જાય છે કે : મુક્ત સમાજમાં સાર્વત્રિક સુખ ત્યારે સધાય છે જ્યારે વ્યક્તિઓને પોતાના જાણ્યા-અજાણ્યા હેતુઓની ખોજ કરવા દેવાની સવલત ઊભી કરી અપાય છે. અને બીજું, એક વ્યક્તિની સ્વતંત્રતા પોતાના domain પૂરતી અબાધિત, પણ એટલી અબાધિત નહીં કે બીજી વ્યક્તિની સ્વતંત્રતાને છીનવી લે. મુકત સમાજની સ્વતંત્રતાની પરંપરાઓનો એક નિયમ એ છે કે વ્યક્તિઓની ઉપર અંકુશ ત્યારે જ જ્યારે સર્વજન સુખાકારીનો પ્રશ્ન ઊભો થાય. પણ સર્વજન સુખાકારી કોને કહેવી? અત્યાર સુધી આની કોઈ સર્વમાન્ય વ્યાખ્યા થઈ શકી નથી. એના જેટલા અર્થ કરવા હોય તેટલા કરી શકાય તેમ છે. શાસનકર્તા પક્ષને સત્તામાં રહેવા માટે જે તે હિતોને સર્વજન સુખ હિતાય ગણવામાં બહુ જ સગવડ ઊભી થઈ ગઈ છે.

આ બધાને છેડે એમ સમજાય છે કે સૌથી મોટું સર્વજનહિત જેના સંવર્ધન કાજે સરકારની જરૂર ઊભી થાય છે તે કોઈ જૂથ કે વર્ગની ખાસ જરૂરિયાતો કે હિતોની પૂર્તિ માટે નહીં, પરંતુ એવી સામાન્ય પરિસ્થિતિનું સર્જન કરવા માટે છે જેમાં નાનાં મોટાં બધાં જ જૂથો, સમૂહો, વ્યક્તિઓને એક બીજાની જરૂરિયાતો આપસમાં પૂરી કરી શકે તેવી તકો મળી રહે. એવા સાર્વત્રિક નિયમો પ્રસ્થાપિત કરવા જોઈએ

અને જાળવવા જોઈએ જેથી દરેક વ્યક્તિ પોતાના હેતુઓને બેરોકટોક એ નિયમોના માળખામાં રહીને સિદ્ધ કરવા મથી શકે.

આ સાર્વત્રિક નિયમોના હાર્દ સમા નિયમો એટલે વ્યક્તિના જીવન, સ્વતંત્રતા, નિજી મિલકતનું રખોપું અને કોઈપણ બે વ્યક્તિઓ - જૂથો વચ્ચે થયેલા કરારનું યથાર્થ પાલન. સરકારની આ મુખ્ય ભૂમિકા બની રહેવી જોઈએ. આ મૂળ માળખાના હાર્દને નુકસાન કર્યા વગર વધારે બારીકાઈથી સુધારા વધારાનો અવકાશ સ્વીકારી શકાય.

ગરીબો તરફ નિસ્બત ધરાવનારાઓમાંના મોટા ભાગના ગરીબોના નામે રાજ્ય જે વિશાળ સત્તાઓ ધારણ કરે છે તેનો વિરોધ કરે છે, પરંતુ ગરીબી નિવારણને અને ગરીબોના રક્ષણને રાજ્યની ફરજ ગણે છે. અમર્ત્ય સેન જેવા અર્થતંત્રના સંચાલનમાંથી સરકારને સંપૂર્ણ નીકળી જવાનો અનુરોધ કરે છે, પરંતુ ગરીબોની ક્ષમતાઓ વધે તે માટે રાજ્યને મુખ્ય ભૂમિકા ભજવવાનો આગ્રહ કરે છે. આરોગ્ય અને શિક્ષણ દ્વારા ક્ષમતાઓ વધારવાની જવાબદારી સરકારની જ ગણે છે.

પરંતુ ગરીબોનાં હિતોની રક્ષા કરવાના બહાના હેઠળ સરકાર આર્થિક સંચાલનમાં હસ્તક્ષેપ કરે, અર્થતંત્ર ઉપર અંકુશ જમાવવાનો પ્રયત્ન કરે તેનો વિરોધ કરવો જરૂરી છે.

રાજ્ય આ ભૂમિકા અદા કરવા જતાં આર્થિક બાબતોમાં એટલા પ્રતિબંધો અને નિયંત્રણો મૂકતું જાય છે કે જે પૈસાદારો કરતાં પણ ગરીબોને જ આગળ આવવામાં મોટા અંતરાયો ઊભા કરે છે - એ આટલાં વર્ષે ભારતમાં તો વધુ ને વધુ સ્પષ્ટ બનતું જાય છે. વળી આ બધાના કારણે રાજ્ય 'કાયદો અને વ્યવસ્થા'ની જાળવણીની તેની પ્રાથમિક ફરજ ચૂકી જાય છે, તેની ઉપર પણ ધ્યાન આપી શકાતું નથી. રાજ્યની સત્તા અને કાર્યક્ષેત્રની મર્યાદા આંકતી લક્ષ્મણરેખા બરાબર જળવાય છે કે નહીં તે તરફ ઝીણી નિગરાની રાખવાની આમ તો સીવીલ સોસાયટી, સ્વૈચ્છિક સંસ્થાઓ અને વ્યક્તિ તથા વ્યક્તિઓનાં જૂથોની ભૂમિકા અને ફરજ બને છે. મોટાભાગના નિસ્બત ધરાવનારાઓ રાજ્ય દ્વારા થતા ભ્રષ્ટાચારને લીધે રાજ્યની સત્તાનો વિરોધ કરે છે, પરંતુ વ્યક્તિના જીવનમાં થયેલા રાજ્યના પગપેસારા સામે કોઈ જ સવાલ ઊભા નથી કરતા.

તે જ રીતે સરકારી નોકરીઓ માટે નહીં પણ મુક્ત બજારમાં નિરંતર બદલાતી ઉત્પાદનની પદ્ધતિ અને પ્રક્રિયામાં સહજ રીતે તાલ મિલાવી શકે તેવું શિક્ષણ કેવું હોય? શિક્ષણ પ્રક્રિયામાં તેને અનુરૂપ ફેરફારો કરી શકાય? તેવું જ કાંઈક આરોગ્ય સેવાઓ વિશે વિચારવાનો સમય આવી ગયો છે.

આ બધા પ્રશ્નોની જડમાં જવાનું છે. રાજ્યની ભૂમિકા ઉપરાંત સીવીલ સોસાયટીની ભૂમિકા તથા બજારની ભૂમિકાને બારીકાઈથી, બુદ્ધિનિષ્ઠાપૂર્વક તપાસવાની જરૂર ઊભી થઈ છે. લોકશાહી, કાયદાનું રાજ્ય, વ્યક્તિ સ્વાતંત્ર્ય, નાગરિક અધિકારો ઊંડી ફેરવિચારણા માંગી રહ્યાં છે.

'ખોજ'માં આ અને આવા બીજા આનુષંગિક પ્રશ્નોને ધીમે ધીમે છેડવાનો ઈરાદો છે. આ બધાં ચિંતન-સહચિંતનનાં વર્તુળો વ્યાપક થતાં જઈને મુક્ત સમાજ તરફ દોરી જાય, તેવી આશા સાથે ખોજની પહેલ કરીએ છીએ.

*In a free society the state does not administer the affairs of men. It administers justice among men who conduct their own affairs.*

*Walter Lippman (1937)*
*(An Inquiry into the Principles of Good Society)*

# સમાચારની ભીતરમાં

*- અનિલ પટેલ*

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ખાતરી યોજના

ગ્રામીણ વિસ્તારોમાં ગરીબ પરિવારોને ઉત્પાદકીય કામોમાં દર વર્ષે સો દિવસની ખાતરીપૂર્વકની રોજગારી આપવાનો એક કાયદો લઈને કેંદ્ર સરકાર આગળ આવી છે. હજારો કરોડ રૂપિયા આ યોજના પાછળ ખર્ચાવાના છે. આ યોજનાનાં વધામણાં ચારે બાજુથી થઈ રહ્યાં છે. અલબત્ત, આટલાં બધાં નાણાં કેંદ્ર કયાંથી ઊભાં કરશે તેવા સવાલો જાણકાર અર્થશાસ્ત્રીઓ ચિંતાપૂર્વક પૂછી રહ્યા છે.

'ગરીબી હટાવો' ના સોનેરી, આહ્લાદક દિવસો શાસન માટે હવે હાથવગા નથી. કારણ કે ત્યારે શાસન ખંધાઈપૂર્વક વચનોની લહાણો કરતું, અડધું પડધું અમલીકરણ કરતું અને ટાઢા કોઠે ખાધપૂરક અર્થતંત્રનો આશરો લેતું. આ ચિત્ર ૨૧મી સદીમાં બદલાયું છે. સમતોલ બજેટની મર્યાદા વચ્ચે આ ખેલ મનમોહનસીંઘે પાર પાડવાનો છે. એ વાત સાચી છે કે છેલ્લા ૩ દાયકાના કોઈપણ પ્રધાનમંત્રી કરતાં મનમોહનસીંઘ વધારે પારદર્શીય પ્રામાણિકતા અને વધારે કૌશલ્ય પણ ધરાવે છે.

નાણાંમંત્રી ચિદમ્બરમ્ માટે ઉમળકાભેર નહીં તો પણ આટલું તો કહી શકાય કે માણસ કામનો ખરો. ખેર! એક વાત નિર્વિવાદ છે કે અબજોનું આંધણ કરતી આ રોજગાર યોજના મનમોહનસીંગે બુદ્ધિનિષ્ઠ પ્રતીતિ અને રણકાર સાથે મૂકેલ નથી. ચિદમ્બરમ્ પણ માંડ તૈયાર થયા હશે, એવું કહી શકાય. લોકસભામાં ડાબેરી પક્ષોના ૬૩ સભ્યોના બહારના ટેકા વગર કોંગ્રેસ સરકાર (યુ.પી.એ.) ટકી શકે તેમ નથી. બેધડક ઉદારીકરણ કરવા આ બંને તાકે પણ ડાબેરી પક્ષો (અને કોંગ્રેસની અંદરના જ તથા રા.જ.દ. જેવા તકવાદી સાથી પક્ષો) એમ કરવા દે તેમ નથી. શાયલોકની જેમ ડાબેરી પક્ષો અને સાથીઓ એક રતલ માંસનો તેમનો ટુકડો માંગવાના જ અને મનમોહનસીંગ પાસે રસ્તો જ નથી. જોડાણોનું રાજકારણ આવા ભોગ લેવાનું જ.

વળી બીજી બાજુ રાંધણગેસ, ખાતર, ડીઝલ, કેરોસીન, ઉચ્ચ શિક્ષણ, ખેતપેદાશોના બાંધેલા ભાવો જેવી આંખે ઊડીને વળગતી અબજો રૂપિયાની સબસીડીઓ ચાલ્યા જ કરે છે અને અર્થતંત્રને ગળે ટૂંપો દઈ રહી છે. અને આ સબસીડીઓનો સિંહભાગ સુખી મધ્યમવર્ગ જ ભોગવે છે. વળી વીજચોરીનો લાભ તો લટકામાં. એટલે રોજગારી સબસીડીનો શુદ્ધ આર્થિક તર્કથી પ્રતિકાર કરવો એ અનેક દૃષ્ટિએ ખોટું છે.

અલબત્ત, બીજી બધી સરકારી યોજનાઓમાં ફાળવાયેલાં નાણાંના જે હાલ થાય છે તેવા જ હાલ આમાં પણ થશે. મોટા ભાગનાં નાણાં પગારો, ભથ્થાં અને કટકી રૂપે મહાસુખી સરકારી કર્મચારીઓ અને રાજકારણીઓનાં ઊંડાં ગજવાંમાં જ ઠલવાશે. રાજીવ ગાંધીથી જે કહેવાઈ ગયેલું તે ત્યાર પછીના કાળમાં વધારે ને વધારે સાચું પડી રહ્યું છે : ''ગરીબોના ભાગે તો એક રૂપીયે માંડ ૧૫ પૈસા આવે છે. તેમના ભાગે ટેબલ ઉપરથી નીચે પડેલા ટુકડાઓ સિવાય ભાગ્યે જ કાંઈ હાથમાં આવશે''. ગ્રામીણ વિસ્તારોમાં 'જલસંગ્રહ, જમીન સુધારણા, ટકાઉ રસ્તા જેવી કાયમી ઉપયોગી અસ્કયામતો ઊભી થશે' એ ફરીથી એક મોટો જોક જ સાબિત થશે.

પણ કાળા વાદળની એક રૂપેરી કોર અહીં પણ છે. રોજગાર ખાતરી યોજના માટે જરૂરી ગંજાવર નાણાં જો મનમોહનસીંઘ અને ચિદમ્બરમ્‌ની જોડી રાંધણગેસ - ડીઝલ - કેરોસીન - ખેતપેદાશોના ભાવો ઈ. જેવી સબસીડીઓ ઝળૂંબી રહેલા બજેટના context માં બંધ કરીને આ બાજુ વાળી દે, તો જોઈતાં નાણાં ઊભાં થઈ જાય અને અર્થતંત્રને વિકૃત બનાવતા અને ડામાડોળ કરી મૂકતા મહાદૂષણને અંકુશમાં લઈ શકાય અને 'પ્રગતિશીલ' કહેવાઈએ તે નફામાં. બે દૂષણોમાંથી એક ઓછા દૂષણને પસંદ કરવાનો આ રસ્તો બની શકે, જે આજની રાજકીય પરિસ્થિતિમાં સ્વીકાર્ય ગણી શકાય. તે ઉપરાંત મનમોહનસીંગના અત્યંત વિશ્વાસુ અને કુશળ સાથીદાર મોન્ટેકસીંઘને આ યોજનામાં થનારા અનિવાર્ય લીકેજને રોકવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે. તે પણ એક સધિયારો ગણી શકાય. રોજગાર ખાતરી અધિનિયમમાં અનેક જાતની જોગવાઈઓ મૂકવામાં આવી રહી છે જે આ પહેલાંની કોઈ યોજનામાં મુકાઈ નહતી. તે વખતે તો 'રામકી ચીડીયા રામકા ખેત'નો ઘાટ હતો. આ વખતે જોવાનું છે.

રાજકારણીઓ આ વખતે સંતુલિત બજેટ, મોટાપાયે ઉત્પાદક મૂડી રોકાણ (ખાનગી) અને ફૂગાવાના દરને સખત નિયંત્રણમાં રાખવાના જડબેસલાક ચોકઠામાંથી છટકી જઈ શકે તેમ લાગતું નથી. 'ગરીબી હટાવો'ના દિવસોમાં આ બધા જ ડર્ટી શબ્દો હતા. આ ત્રિવિધ constraints (બંધનો)ની વચ્ચે કામ પાર પાડવાનું કાર્ય મનમોહનસીંઘ માટે બે ઊંચાં શિખરો વચ્ચે બાંધેલા દોરની ઉપર ચાલતા નટના જેટલું કઠિન સાબિત થવાનું છે. જોઈએ કેવો ખેલ રચાય છે. છેવટે આવાં દૂષણોમાંથી

પણ કાંઈ સારું નીપજશે તેવી આશા રાખ્યા વગર બીજો કોઈ વિકલ્પ પણ આપણી પાસે ક્યાં છે? એટલે પડ્યા તો કહે નમસ્કાર, એવું માનીને હિંમતભેર આગળ વધીએ.
નહીં નમશે, નહીં નમશે નિશાન ભૂમિ ભારતનું.

### નોંધ : બજેટ પશ્ચાત

બજેટની આગલી સંધ્યાએ ઉપરનું લખાયેલું. ચિદમ્બરમ્‌નું બજેટ બહુ વખણાયું. લગભગ બધાએ જ વખાણ્યું. ચિદમ્બરમ્ આમ કરી શક્યા તે માટે એન.ડી.એ.ને પણ દાદ આપવી જોઈએ કારણ કે, અર્થતંત્રને એક સલામત ટ્રેજેક્ટરી ઉપર તેણે મૂકેલું. ચિદમ્બરમે આ વારસાને ભેલાડ્યો નથી તેની નોંધ લેવી ઘટે. આવકવેરાના માળખામાં જે દુરોગામી ફેરફારો કર્યા છે તેને જાણકારોએ બિરદાવ્યા છે.

બજેટ પ્રવચનમાં સામાજિક ક્ષેત્રે ફાળવણીની જાહેરાત કરતાં શરૂઆતમાં જ તેમણે એક સૂચક ટકોર કરી જેની વિવેચકોએ વાજબી નોંધ લીધી છે. તેમણે કહ્યું કે 'ફાળવણી એ પ્રાપ્તિ નથી - Outlays are not outcomes.' ચિદમ્બરમ્‌ને બરાબર ખ્યાલ છે કે સામાજિક સુરક્ષાનાં નાણાં ક્યાં પગ કરી જાય છે.

ઈન્ડીઅન એક્સપ્રેસે તેના તંત્રીલેખમાં દુખતી રગ ઉપર બરાબર આંગળી મૂકતાં કહ્યું કે "સરકારના અભિગમની સૌથી મોટી નબળાઈ બજેટ ખુલ્લી કરી આપે છે. હયાત સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરવાને બદલે સરકારે વધારે વેરા નાખીને સાધનો ઊભાં કરવાનો સહેલો રસ્તો પસંદ કર્યો છે." આગળ લખતાં કહ્યું કે "વધારે મહત્ત્વનું તો એ છે કે ફાળવણી અને પ્રાપ્તિ વચ્ચેની જે ઊંડી ખાઈ છે તે હવે બધાંને દેખાય છે. તેને પૂરવા માટે તંત્રને કામ કરતું કરવા ડારો નાખતી વ્યવસ્થા ઊભી કરવાનો વિચાર જ કરવાનું ટાળ્યું છે." રોજગાર ખાતરી યોજના માટે માંગ હતી રૂા. ૧૯,૦૦૦ કરોડની, ચિદમ્બરમે્ ફાળવ્યા રૂા. ૧૧૦૦૦ કરોડ. શરૂઆતમાં જ એક ગાબડું પાડી આપ્યું. તો બીજી બાજુ સબસીડીઓના મધપૂડાનું તો નામ સુધ્ધાં આખા બજેટમાં પાડ્યું નહીં. સાપ મરે નહીં અને લાઠી ભાંગે નહીં, તે આનું નામ. સામાજિક સુરક્ષામાં ફાળવેલાં નાણાંનો અંજામ ગરીબો માટે કરુણ આવશે અને તંત્ર માટે સુખદ, તેવી આગાહીઓ ઘણાએ કરી છે. આનું કારણ એ જ કે લાભાર્થીઓ સુધી લાભ પહોંચે તેવું કાર્યક્ષમ અને સાબદું તંત્ર આપણે ત્યાં પહેલેથી હતું જ નહીં. અને છેલ્લાં ૧૫-૨૦ વર્ષમાં તો આપણે આડો આંક વાળ્યો છે.

આ બધા પછી પણ કબુલવું તો જોઈએ કે ચિદમ્બરમે મુકત અર્થતંત્ર તરફનાં આગળનાં ડગ બરાબર મૂક્યાં છે. રાજકારણના દાવપેચો-આટાપાટા વચ્ચે આમ કર્યું તેને દાદ આપીએ.

#### રોજગાર ખાતરી અધિનિયમ ૨૦૦૪ના ખરડાની મુખ્ય જોગવાઈઓ

૧. ગ્રામીણ વિસ્તારોમાં અનિયત મજૂરીનું કામ કરવા તૈયાર અને ગરીબી રેખાની નીચે જીવતા દરેક કુટુંબની એક પુખ્ત ઉંમરની વ્યક્તિને કાયદેસરના લઘુતમ વેતનવાળી વર્ષે ૧૦૦ દિવસની ખાતરીબંધ રોજગારી આપવામાં આવશે.

૨. અરજી મળ્યાના ૧૫ દિવસની અંદર અંદર અરજદારને રોજગારી આપવામાં આવશે. જે તે અરજદારને કામ અંગેની જાણકારી પત્ર લખીને આપવામાં આવશે. રોજગારી ઓછામાં ઓછી સળંગ ૧૪ દિવસની હશે.

૩. રોજગારી બને ત્યાં સુધી અરજદારના ગામના ૫ કિ.મી.ના વિસ્તારમાં આપવામાં આવશે. જો એટલા અંતરમાં રોજગારી આપી શકાય એમ ના હોય, તો એને તાલુકાના અન્ય સ્થળે રોજગારી અપાશે. પણ તેવા કિસ્સાઓમાં એને આવવા-જવાનું ભાડું તથા રોજિંદું ભથ્થું આપવામાં આવશે.

૪. જો કોઈ કારણસર અરજદારને ૧૫ દિવસની અંદર રોજગારી આપવામાં ન આવે, તો એને બેરોજગારી ભથ્થું આપવામાં આવશે, જે ત્રીજા ભાગના લઘુતમ વેતન કરતાં ઓછું નહીં હોય. અને આવા કિસ્સાઓમાં પ્રોગ્રામ ઓફિસર અને જિલ્લા કલેક્ટર રોજગારી ન આપી શકવાનાં કારણો આપવા માટે બાધ્ય રહેશે. આ કાયદા હેઠળ રાજ્ય સરકારે બનાવેલા નિયમોમાં દર્શાવ્યા મુજબ યોગ્ય પગલાં લેવામાં આવશે. કોઈ ખાસ કારણ વગર જો પ્રોગ્રામ ઓફિસર આ કાયદા નીચેની પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ જશે, તો એને રૂા.૧૦૦૦થી ઓછો ન હોય એટલો દંડ અથવા ૬ મહિનાની જેલ અથવા બન્ને થઈ શકશે.

૫. રોજગારીનાં વેતન કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવશે, પણ એ જ્યાં સુધી જાહેર ના થાય, ત્યાં સુધી જે તે રાજ્ય સરકારે નક્કી કરેલ લઘુતમ વેતન ચૂકવવામાં આવશે. રોજગારી વેતન કામ કર્યાના ૭ દિવસની અંદર ચૂકવાશે. જે તે વ્યક્તિને રોજગારી વેતન અને બેરોજગારી ભથ્થું પહેલેથી જાહેર કરેલી તારીખે ગામલોકોની વચ્ચે આપવામાં આવશે.

૬. રોજગારી દરમ્યાન થયેલ ઈજા કે મૃત્યુ સામે કામદાર વળતર અધિનિયમ મુજબ વળતર ચૂકવવામાં આવશે. કામના સ્થળે સ્વચ્છ પીવાનું પાણી, બાળકો માટે છાંયડો, પ્રાથમિક સારવારનાં સાધનો, વગેરે રાખવામાં આવશે.

૭. ગ્રામ પંચાયતની ભૂમિકા વ્યાપક અને નિર્ણાયક હશે.

## ઝારખંડ ડ્રામા અને બંધારણીય લોકશાહી

ઝારખંડમાં થયેલા લોકશાહીના રકાસના ડ્રામા ઉપર દસ દિવસ પછી પડદો પડી ગયો. જોવાનું છે કે મધ્યાંતર છે કે આખરી પડદો પડ્યો છે.

શીબુ સોરેન પાસે બહુમતી નહોતી, છતાં એક સમયના કોંગ્રેસી અને હવે ઝારખંડના રાજ્યપાલ રાઝીએ કોંગ્રેસનો ટેકો ધરાવતા સોરેનને મુખ્યમંત્રી તરીકે શપથવિધિ કરાવી અને બહુમતી સાબિત કરવા માટે ત્રણ અઠવાડિયાંની મહેતલ આપી, સોદાબાજી-ખરીદી માટે મેદાન મોકળું કરી આપ્યું. રાષ્ટ્રીય અખબારો અને પ્રસાર માધ્યમોએ કડક આલોચનાઓ કરી. પણ કેન્દ્ર સરકારની નેતાગીરીએ મીંઢું મૌન રાખ્યું. વાત પહોંચી રાષ્ટ્રપતિ પાસે. એમણે રાઝીને બોલાવી વિધાનસભાની બેઠક એક અઠવાડિયું આગળ કરાવી. આટલેથી સંતોષ ન થતાં, એન.ડી.એ. સુપ્રીમના શરણે ગઈ. સુપ્રીમે ઝારખંડના રાજ્યપાલની સખત ટીકા કરતાં આદેશ આપ્યો કે બે દિવસમાં એટલે કે ૧૧ માર્ચે વિધાનસભામાં બહુમતીની કસોટી કરવામાં આવે અને તે દિવસની વિધાનસભાની આખી કાર્યવાહી વિડિયો કેમેરામાં રેકોર્ડ કરવામાં આવે. ઝારખંડ સરકારના વકીલે દલીલ કરી કે બંધારણ મુજબ સુપ્રીમ કોર્ટ વિધાનસભાની કાર્યવાહીમાં દખલગીરી કરી શકે નહીં. મુખ્ય ન્યાયાધીશ લાહોરીની બેંચે કહ્યું કે ઝારખંડમાં જે થયું છે તેમાં તો આખા બંધારણ સાથે છેતરપીંડી કરવામાં આવી છે, રાષ્ટ્રપતિ પણ દરમ્યાન થયા છે.

બંધારણને લગતા બે મુદ્દાઓ સામ સામે આવી ગયા. એક બાજુ બંધારણ સાથે રાજ્યના વડા રાજ્યપાલ દ્વારા છેતરપીંડી થઈ રહી છે તેવું સુપ્રીમનું કથન અને સામે સુપ્રીમ દ્વારા વિધાનસભાની કાર્યક્ષેત્રમાં દખલ થઈ રહી છે, 'સત્તાના વિભાજન'નો મહત્ત્વનો સિધ્ધાંત ઉથાપાઈ રહ્યો છે', તેવી ઝારખંડના વકીલની દલીલ.

લોકસભાના સ્પીકર શ્રી સોમનાથ ચેટરજી પણ સુપ્રીમની દખલથી હાલી ગયા અને કેન્દ્ર સરકારને વિનંતી કરી કે રાષ્ટ્રપતિ દ્વારા 'સત્તાના વિભાજન'ના પ્રશ્ને સુપ્રીમમાં રેફરન્સ કરવામાં આવે. સોમનાથ ચેટરજીના સાથીદાર સામ્યવાદી નેતા જ્યોતિ બસુએ પણ ચેટરજીના મતનું પૂરું સમર્થન કર્યું અને સુપ્રીમની આલોચના કરી.


૧૧મી માર્ચે ઝારખંડના પ્રોટેમ સ્પીકરે સોમનાથ ચેટરજીની રેફરન્સની વાતનો હવાલો આગળ કરીને વિશ્વાસનો મત લેવાનો ટાળ્યો અને વિધાનસભા બરખાસ્ત કરી. ન્યાયતંત્ર અને ધારાગૃહ આમને સામને આવી ગયાં. છેલ્લી મિનિટે વડા પ્રધાન મનમોહનસિંહને ખ્યાલ આવી ગયો કે કાચું કપાઈ ગયું છે. સોમનાથ ચેટરજીની રેફરન્સની વાતને નકારીને મોડી રાત્રે સોરેનનું રાજીનામું લઈ લેવામાં આવ્યું અને એન.ડી.એ.ના અર્જુન મુંડાનો શપથવિધિ થઈ ગયો.

ટાઈમ્સ ઓફ ઇન્ડિયાએ સુપ્રીમનો આદેશ વખોડ્યો કે રાજ્યનાં બે અંગો વચ્ચે બંધારણે રચેલી નાજૂક સમતુલા ઉપર સુપ્રીમે આઘાત કર્યો છે. આ સુપ્રીમની વધારે પડતી સક્રિયતાનું દ્યોતક છે. આ જ અગ્રલેખમાં વળી ગોલકનાથ કેસમાં 'બંધારણના મૂળભુત માળખા'ની જાળવણી, જેમાં પાર્લામેન્ટ ઉપર પણ પાબંદીના સિદ્ધાંતની સરાહના અને બેસ્ટ બેકરી કેસના ફેરખટલાને ગુજરાત બહાર લઈ જવાના સુપ્રીમના ચુકાદાને બિરદાવ્યા. આમાં ટાઈમ્સનો બૌદ્ધિક ગુંચવાડો છતો થાય છે.

પણ સન્માનનીય ફલી નરીમાને પણ સુપ્રીમના આદેશની આલોચના ઇન્ડિયન એક્ષપ્રેસમાં કરી. તેનો સાર : સૌ પ્રથમ તો રાજ્યપાલે શીબુ સોરેનને આમંત્રણ આપવું જ જોઈતું નહોતું. જો સુપ્રીમે સોટો ઊંચક્યો ના હોત તો કેન્દ્રની કોંગ્રેસની નેતાગીરીએ લઘુમતીને આપેલો ટેકો પાછો ખેંચ્યો ન હોત. નરીમાન અહીં મહત્ત્વનો નૈતિક મુદ્દો ઊભો કરે છે કે જો ઉમદા સાધ્યને પામવા કોઈ પણ સાધનનો ઉપયોગ સ્વીકાર્ય ગણીએ તો આ થયું તે સારું થયું અને કાયદાના શાસનનો વિજય થયો. પરંતુ તેમ કરવું ખૂંચે તો એક મોટી ખોડ રહી ગઈ છે. બંધારણે ધારાગૃહો અને ન્યાયતંત્રનાં કાયક્ષેત્રોની સ્પષ્ટ ભેદરેખા દોરી આપી છે. ધારાગૃહોની કાર્યવાહી નિયમાનુસાર થાય છે કે નહીં તેની ઉપર કોર્ટ નુક્તેચીની ના કરી શકે. તેના ઔચિત્યને કોર્ટમાં પડકારી ના શકાય. તે જ પ્રમાણે ધારાગૃહો સુપ્રીમ કે હાઈકોર્ટના ચુકાદાઓ કે જજની વર્તણૂક વિશે ટીકા-ટીપ્પણી ના કરી શકે. ૯મી માર્ચના સુપ્રીમના આદેશ પછી આ મર્યાદાઓનો થિયરીમાં અંત આવી ગયો છે.

નરીમાને ધરેલી લાલ બત્તીને નજરઅંદાજ કરવા જેવી નથી, કારણ કે ન્યાયતંત્ર પણ સત્તાનું એક કેન્દ્ર છે અને તેના અતિરેક વિશે સજાગ રહેવામાં જ લોકશાહીની શાન છે. પણ તે સાથે એ પણ ખ્યાલમાં રાખવું જોઈએ કે જ્યારે બંધારણસભાએ આવાં ચુસ્ત કાર્યક્ષેત્રો દોરી આપ્યાં ત્યારે સૌથી નિરાશાવાદી સભ્યોને પણ ખ્યાલ નહીં હોય કે ચૂંટાયેલા સભ્યો કે સરકારે નીમેલા બંધારણના રક્ષકો આટલે નીચે સુધી ગરી જશે. રાજ્યપાલ, પ્રોટેમ સ્પીકર તો નાદાન અને છીછરા સાબિત થયા જ, પરંતુ તેની પાછળ દોરીસંચાર કરનાર અને તે તરફ આંખ-આડા કાન કરનાર કોગ્રેંસી નેતાગીરી ક્યાં હતી? બંધારણને છડેચોક રગદોળાતું જોઈને તેમને ખ્યાલ ન આવ્યો કે બંધારણના નિયમો પ્રમાણે તેમણે રમવાનું છે અને બંધારણના નિયમો તેમણે જાળવવાના છે?

આ વખતે તો જાણે સુપ્રીમની દરમિયાનગીરીથી અને માધ્યમોની ટીકાથી બંધારણીય લોકશાહી બચી ગઈ.


"a brilliant and powerful book"
Matt Ridley
author of *Genome*
the skeptical environmentalist
Measuring the Real State of the World
Bjørn Lomborg

# સંશયાત્મક પર્યાવરણવાદી

## *વિશ્વની પરિસ્થિતિનું વાસ્તવિક આકલન*

*- અંબરીષ મહેતા*

*''ટૂંકમાં, મારી લાંબા ગાળાની આગાહી છે કે - મોટાભાગના દેશોમાં, મોટાભાગના લોકો માટે જીવનની ભૌતિક પરિસ્થિતિમાં ઘણો સુધારો થતો જશે. આવતી એક કે બે સદીમાં બધા દેશોમાં મોટાભાગના લોકોનું જીવનધોરણ, હાલ પશ્ચિમી દેશોના લોકોનું જે જીવન ધોરણ છે, તેવું કે તેથી વધારે સારું થઈ જશે. આમ છતાં એની સાથે સાથે હું એમ પણ માનું છું કે મોટાભાગના લોકો એમ જ વિચારવાનું અને કહેવાનું ચાલુ રાખશે કે જીવનની પરિસ્થિતિ વધારે ને વધારે ખરાબ થતી જાય છે.''*

*- જુલીયન સાઈમન (૧૯૩૨ - ૧૯૯૮),*
*(મેરીલેન્ડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક)*

૧૯૯૭ના ફેબ્રુઆરીની એક સવાર. લોસ એન્જલસના એક બુકસ્ટોરમાં એક યુવાન એક મેગેઝીનનાં પાનાં ઊથલાવી રહ્યો હતો. અચાનક એની નજર જુલીયન સાઈમનના ઈન્ટરવ્યૂ પર પડી. એ ઈન્ટરવ્યૂમાં સાઈમને દાવો કરેલો કે ''પર્યાવરણને લગતું આપણું મોટાભાગનું જ્ઞાન ચકાસ્યા વગરની પૂર્વધારણાઓ અને નબળી દલીલો ઉપર જ મંડાયેલું છે અને પર્યાવરણનો સર્વનાશ થઈ રહ્યો હોવાની મોટાભાગની વાતોનો હકીકતો સાથે મેળ પડતો નથી!'' એટલું જ નહીં, એથી આગળ એણે એમ પણ કહેલું કે સાર્વજનિક રીતે ઉપલબ્ધ અધિકૃત આંકડાઓના આધારે જ તે આમ કહી રહ્યો છે અને કોઈપણ વ્યક્તિ સાવ સહેલાઈથી એના આ દાવાને ચકાસી શકે છે.

એ યુવાન તે ડેન્માર્કની આરહસ યુનિવર્સિટીનો આંકડાશાસ્ત્રનો સહાયક પ્રાધ્યાપક બિયોર્ન લોમ્બોર્ગ. તે પ્રસિદ્ધ પર્યાવરણવાદી સંગઠન ગ્રીનપીસનો સભ્ય હતો અને વર્ષોથી પર્યાવરણની સમસ્યા અંગે ઊંડી ચિંતા ધરાવતો હતો. એટલે સ્વાભાવિક જ જુલિયન સાઈમનનો આ ઈન્ટરવ્યૂ વાંચીને તે ચોંક્યો. આવી વાતો તો એને મન અમેરિકાના જમણેરી જૂથોના ભ્રામક પ્રચાર સમાન જ હતી. એણે ત્યાં અને ત્યારે જ મનોમન ગાંઠ વાળી દીધી કે સાઈમનનો આ પડકાર ઝીલી લેવો!

ડેન્માર્ક પરત ફરીને એણે તરત જ એના દસ શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ સાથે એક જૂથની રચના કરી અને સૌ જુલિયન સાઈમનના આ દાવાઓની ચકાસણીના કામમાં લાગી ગયા. શરૂઆતમાં તો એને ખાતરી જ હતી કે બહુ ઝડપથી એ આ કામ પૂરું કરી શકશે અને સાવ સહેલાઈથી સાઈમનના દાવા ખોટા સિદ્ધ કરી શકશે. પરંતુ કામ જેમ જેમ આગળ વધતું ગયું તેમ તેમ એને સમજાતું ગયું કે એની અપેક્ષાથી સાવ વિપરીત સાઈમનની મોટાભાગની વાતો કસોટીમાં ખરી ઊતરતી હતી. અહીં સૌથી મહત્ત્વની વાત એ હતી કે સામાન્ય રીતે બને છે એમ એણે સપાટી પર આવેલી અણગમતી હકીકતોને બાજુ પર હડસેલી દેવાને બદલે એ હકીકતોના પ્રકાશમાં પર્યાવરણને લગતી પોતાની મૂળભૂત માન્યતાઓની મુલવણી કરવા માંડી. આ પ્રક્રિયાના અંતે ૨૦૦૧ની સાલમાં એનું ૫૦૦ પાનાંનું દળદાર પુસ્તક - *"The Skeptical Environmentalist – Measuring the Real State of the World"* પ્રકાશિત થયું.

આ પુસ્તકે વિશ્વભરમાં ભારે ચકચાર જગાવી છે. મોટાભાગના નામી-અનામી પર્યાવરણવાદીઓ તો એના પર તૂટી જ પડ્યા છે. સાયન્ટીફીક અમેરિકન અને નેચર જેવાં પ્રતિષ્ઠિત સામયિકો પણ એના પર હુમલો બોલાવવામાં પાછા નથી પડ્યાં. જો કે મોટાભાગની ટીકાઓ વ્યક્તિગત હુમલાના સ્વરૂપની જ જોવા મળે છે. એણે કોઈ મહત્ત્વની હકીકત ખોટી રીતે રજૂ કરી હોય કે એનું ખોટું અર્થઘટન કર્યું હોય એવું ભાગ્યે જ કોઈ દર્શાવી શક્યું છે. ''એ તો આંકડાશાસ્ત્રનો પ્રાધ્યાપક છે, તે પણ માત્ર સહાયક પ્રાધ્યાપક, એને વળી પર્યાવરણ અને ઈકોલોજીની શું સમજણ હોય?'', જેવી ટીકા જ વધારે જોવા - સાંભળવા મળે છે. ઘણા તો મૂળ પુસ્તક વાંચ્યા વગર જ એની ટીકામાં જે લખાયું છે એ વાંચીને જ એની વાતો સાવ ખોટી હોવાના તારણ ઉપર પહોંચી જાય છે. જો કે સાથે સાથે એ પણ એટલું જ સાચું છે કે આ પુસ્તકની પ્રસંશા કરનારાઓ અને એના પરના સાવ ગેરવાજબી હુમલાઓ સામે અવાજ ઉઠાવનારાઓની સંખ્યા પણ નાની સૂની નથી.

એક રીતે જોઈએ તો આવી પ્રતિક્રિયા આવે એ સ્વાભાવિક છે. પર્યાવરણનો સર્વનાશ થઈ રહ્યો છે એ માન્યતાનાં મૂળિયાં આપણા ચિત્તમાં એટલાં તો ઊંડાં ખૂંપી ગયાં છે કે એનાથી વિરુધ્ધની વાત સ્વીકારવાને આપણે ઝટ તૈયાર નથી થતા, પછી ભલેને એના સમર્થનમાં ગમે તેટલા આધાર પુરાવા કેમ રજૂ કરવામાં ન આવ્યા હોય. અને આ કંઈ આજકાલની જ વાત નથી. સ્કોટીશ વિચારક ડેવિડ હ્યુમે તો છેક ૧૭૫૪માં કહેલું : ''*વર્તમાનને દોષ દેવાની અને ભૂતકાળના ગુણગાન ગાવાની વૃત્તિનાં મૂળિયાં આપણા સ્વભાવમાં ખાસ્સાં ઊંડે ઊતરી ગયાં છે અને અભ્યાસુ તેમજ વિચારશીલ વ્યક્તિઓ પણ એની અસરમાંથી મુક્ત નથી રહી શકતી.*''

લોમ્બોર્ગે પોતે પણ સાઈમનનો ઈન્ટરવ્યૂ વાંચીને શરૂઆતમાં આવી જ પ્રતિક્રિયા આપેલી ને! એટલે આવા પ્રતિભાવથી એને ખાસ નવાઈ નહીં લાગી હોય. જો કે એને એટલી અપેક્ષા તો હશે જ કે ચર્ચા જેમ જેમ આગળ વધતી જશે તેમ તેમ એ માન્યતાની સામે એણે જે થોકબંધ હકીકતો રજૂ કરી છે એ પણ ધ્યાનમાં લેવાશે અને એના આધારે પર્યાવરણને લગતી મૂળભૂત માન્યતાના પુનર્મૂલ્યાંકનની પ્રક્રિયા શરૂ થઈ શકશે.

એ જે હોય તે, પરંતુ એક વાત તો સ્પષ્ટ છે કે પર્યાવરણની ખેવના રાખનાર સૌએ આ પુસ્તક જરૂર વાંચવા જેવું છે. એનાથી આપણી મૂળભૂત માન્યતાઓને આંચકો જરૂર લાગશે. પરંતુ આપણી પાયાની માન્યતાઓને અવારનવાર નક્કર હકીકતોના આવા આંચકા લાગે એ જરૂરી જ છે. આમ કરીશું તો જ પર્યાવરણને લગતા આપણા જ્ઞાનનો સંતુલિત વિકાસ સાધી શકીશું અને ખરેખર ક્યા પ્રશ્ને વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે એ વિશે સમ્યક્ દૃષ્ટિકોણ અપનાવી શકીશું.

આ પુસ્તક એક સંશયાત્મક પર્યાવરણવાદીનું છે. પર્યાવરણવાદી એ અર્થમાં કે અન્ય પર્યાવરણવાદીઓની જેમ જ લેખક પણ પર્યાવરણની હાલની પરિસ્થિતિ અને આવતી પેઢીઓ માટેની તેની તંદુરસ્તી માટે નિસબત ધરાવે છે. અને સંશયાત્મક એ અર્થમાં કે એના આકલનમાં એ દંતકથાઓ ઉપર આધાર નથી રાખવા માંગતો. એના બદલે જુદા જુદા જૂથો દ્વારા વહેતી કરાયેલ વાતોને નક્કર હકીકતો સામે ચકાસવા માંગે છે. અને ઉપલબ્ધ શ્રેષ્ઠ માહિતીનો ઉપયોગ કરીને સૌની સાથે મળીને વધારે સારા ભવિષ્ય માટેના સહિયારા પુરુષાર્થમાં પોતાનું યોગદાન આપવાને પ્રતિબદ્ધ છે.

આ પુસ્તક વૈશ્વિક પરિસ્થિતિનું વાસ્તવિક આકલન કરવાની કોશિશ કરે છે. એટલે સ્પષ્ટ છે કે એમાં આંકડાકીય માહિતીનો ઉપયોગ ખૂબ મોટા પ્રમાણમાં કરાયો છે. સામાન્ય રીતે આંકડાની વાત આવે ત્યારે આપણે એક પ્રકારની દહેશત અનુભવીએ છીએ અને ઘણી વાર ઈંગ્લેન્ડના માજી વડા પ્રધાન બેન્જામીન ડીઝરાયલીના નામ સાથે જોડાયેલી એ વાત યાદ કરવામાં આવે છે કે દુનિયામાં ત્રણ પ્રકારનાં જ જુઠ્ઠાણાં જોવા મળે છે - *'Lies, Damn lies and Statistics'*.

અલબત્ત, એ સાચું જ છે કે ભાષાની જેમ જ આંકડાશાસ્ત્રનો ઉપયોગ પણ સત્યને મરોડવા માટે થઈ શકે છે. પરંતુ જો યોગ્ય કાળજી રાખવામાં આવે તો વિશ્વની વાસ્તવિક પરિસ્થિતિનું વધારે સાચું ચિત્ર મેળવવામાં એનાથી ઘણી મદદ મળી શકે છે. હકીકતમાં આંકડાશાસ્ત્રનો વિષય અત્યંત રસપ્રદ સાબિત થઈ શકે છે. કારણ કે તે આપણી માન્યતાઓ સામે માહિતીનો પડકાર ફેંકે છે અને એ રીતે પરિસ્થિતિને વધારે સ્પષ્ટ રીતે જોવા સમજવામાં અત્યંત મદદરૂપ થાય છે. અહીં એ પણ યાદ રાખવા જેવું છે કે જે લોકો આંકડાશાસ્ત્રના આ આખા વિષયને જ જુઠ્ઠાણા તરીકે વર્ણવવામાં મોખરે છે તેઓ પણ પોતાની વાતને અનુમોદન આપતા આંકડાઓનો ઉપયોગ તો કરે જ છે. ફરક માત્ર એટલો જ છે કે એમ કરતી વખતે જે શિસ્ત અને કાળજી રાખવા જોઈએ તે નથી રાખતા અને આમ આ શાસ્ત્રના દુરુપયોગને જ પ્રોત્સાહન આપે છે.

લોમ્બોર્ગે આ પુસ્તકમાં કઈ માહિતી ક્યાંથી લીધી છે તેની વિસ્તૃત નોંધો આપવાની ખાસ કાળજી લીધી છે. એટલું જ નહીં, ઈન્ટરનેટ પર પણ એ ક્યાંથી ઉપલબ્ધ થઈ શકે એમ છે તેની વિગતો પણ આપી છે, જેથી કોઈપણ સહેલાઈથી મૂળ સ્રોતોની ચકાસણી કરી શકે. પુસ્તકમાં ૮૨ જેટલાં પાનાં ભરીને તો આવી ૨૯૩૦ નોંધો આપવામાં આવી છે અને બીજાં ૭૦ પાનાઓમાં સંદર્ભ-સૂચિ આપવામાં આવી છે. આખા પુસ્તકમાં ૧૭૫ જેટલી આકૃતિઓ આપવામાં આવી છે, જે ઉપલબ્ધ આંકડાકીય માહિતીને સુંદર આલેખોમાં રજૂ કરે છે. આમ છતાં એનાથી પુસ્તક ભારેખમ નથી બની ગયું અને કોઈ પણ જાતની ઉત્તેજના કે વાક્ચાતુર્ય વગર ખૂબ સરળ શૈલીમાં લખાયું છે. પર્યાવરણને લગતી કેટલીક અત્યંત જટિલ સમસ્યાઓ વાચકો સમક્ષ સરળ રીતે રજૂ કરવા માટે લેખકે ખાસ્સી જેહમત ઉઠાવી છે, એ એના પાને પાને છતી થાય છે.


લોમ્બોર્ગે આ પુસ્તકને ૬ ભાગમાં વહેંચ્યું છે. પહેલા ભાગમાં પૂર્વભૂમિકા આપવાની સાથે સાથે પર્યાવરણની સમસ્યાના સંતુલિત આકલન માટેની કેટલીક પાયાની જરૂરિયાતો ઉજાગર કરવામાં આવી છે. સાથે સાથે આપણને નકારાત્મક વાતો જ કેમ વધારે ને વધારે જોવા સાંભળવા મળે છે એ પ્રશ્નની છણાવટ પણ કરે છે. ત્યાર પછી બીજા ભાગમાં માનવ કલ્યાણને લગતા માપદંડોની છણાવટ કરે છે અને આયુ-સંભવિતતા, બાળ-મરણ, આરોગ્ય, ખોરાકની ઉપલબ્ધી અને ભૂખમરો તેમજ આર્થિક સમૃધ્ધિ અને ગરીબી નિવારણ જેવી બાબતોમાં છેલ્લાં ૧૦૦ વર્ષના ગાળામાં કેટલો વિકાસ સાધી શકાયો છે તેની ચર્ચા કરે છે. ત્રીજા ભાગમાં શું આ વિકાસ ખરેખર ટકાઉ છે કે પછી આવનારી પેઢીઓના ભોગે સધાયો છે એ *Sustainability* ના પ્રશ્નની છણાવટ કરે છે. અને

એમાં એ અન્ન-સુરક્ષા, જંગલો, ઊર્જા, ધાતુઓ તેમજ સિમેન્ટ જેવા બિન-ઊર્જા સંસાધનો, અને પાણી જેવા જીવનને ટકાવી રાખતાં સંસાધનોની પરિસ્થિતિ આવનારાં વર્ષોમાં કેવી હશે તે પ્રશ્નની ચર્ચા કરે છે. ચોથા ભાગમાં તે પ્રદૂષણની સમસ્યાની ચર્ચા કરે છે અને એમાં હવાનું પ્રદૂષણ, એસિડ રેઈન, ઘરની અંદરની હવાનું પ્રદૂષણ, એલર્જી અને અસ્થમા, પાણીનું પ્રદૂષણ તેમજ ઘન કચરાની સમસ્યાની ચર્ચા કરે છે. ત્યાર પછી પાંચમા ભાગમાં આવતી કાલની સમસ્યાઓની ચર્ચા કરે છે, જેમાં રસાયણોનાં ભયસ્થાનો, જૈવિક વૈવિધ્ય તેમજ વૈશ્વિક તાપમાનના વધારા (*Global Warming*)ની બહુચર્ચિત સંભવિત સમસ્યાઓની ચર્ચા કરે છે. અને છેલ્લે છઠ્ઠા ભાગમાં એની મુખ્ય વાતોનું સમાપન કરીને વિશ્વની વાસ્તવિક પરિસ્થિતિનું ચિત્ર રજૂ કરે છે.

અહીં આ પુસ્તકની અગત્યની તમામ વાતોનો સાર આપવો તો શક્ય નથી. એ માટે તો એક આખું પુસ્તક જ લખવું પડે. દરેક પ્રકરણમાં એનાં મુખ્ય તારણો આપી દેવાથી પણ ખાસ અર્થ નહીં સરે, કારણ કે એમ કરવાથી તો એના સમર્થનમાં એણે જે વિગતવાર હકીકતો આપી છે અને અત્યંત મુશ્કેલ બાબતો પણ સરળતાથી સમજી શકાય એ માટે જે જેહમત ઉઠાવી છે, તેને ન્યાય નહીં આપી શકાય. એને બદલે ત્રણથી ચાર હપ્તામાં કેટલીક પસંદગીની ચોક્કસ સમસ્યાઓની મુલવણી એણે કઈ રીતે કરી છે તેને થોડી વિગતે તપાસવાની કોશિશ કરીશું. દરેક ભાગ મહદ્અંશે સ્વતંત્ર વિષયના સ્વરૂપનો છે, એટલે સમયાંતરને કારણે એની મુખ્ય વાતો સમજવામાં ખાસ મુશ્કેલી નહીં આવવી જોઈએ. સૌથી પહેલાં માનવ ક્લ્યાણને લગતી બાબતોમાં છેલ્લાં સૌ વર્ષમાં ખરેખર કેટલી પ્રગતિ સાધી શક્યા છીએ, એ વિશે લોમ્બોર્ગ શું કહે છે તે આપણે તપાસીએ.

## માનવ કલ્યાણની માપણી

માનવ કલ્યાણની વાત કરીએ ત્યારે, અલબત્ત એનાથી શું અભિપ્રેત છે તેની ચોખવટ કરવી પડે. એ તો સ્પષ્ટ છે કે એની ચર્ચા માત્ર પૈસા વધ્યા કે નહીં તેના પૂરતી જ સિમિત ન રાખી શકાય. સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા મુજબ વિકાસનો ખરો હેતુ તો એક એવું પોષણક્ષમ વાતાવરણ તૈયાર કરવાનો છે જેમાં મોટાભાગના લોકો લાંબું, તંદુરસ્ત અને સર્જનાત્મક જીવન જીવી શકે. આમ છતાં એમ થઈ રહ્યું છે કે નહીં તેની માપણી કઈ રીતે કરવી એ પ્રશ્ન તો રહે જ. આ કારણસર સંયુક્ત રાષ્ટ્રે 'માનવ વિકાસ આંક' (Human Development Index) વિકસાવ્યો છે. આ આંક જુદા જુદા દેશોમાં લોકોને કયા પ્રકારનું વાતાવરણ મળી રહ્યું છે તે માપવાની કોશિશ કરે છે અને વ્યાવહારિક સ્તર પર એ માટે સરેરાશ આયુસંભવિતતા (Life Expectancy), નિરક્ષરતાનું પ્રમાણ, શાળાની હાજરી અને માથાદીઠ આવકની મુલવણી કરે છે. એ જ રીતે વિશ્વબેન્ક પણ આયુસંભવિતતા, કુપોષણ, સેનીટેશન અને પીવાના શુધ્ધ પાણીની




**આકૃતિ ૧** દુનિયાની વસતી ૧૭૫૦-૨૨૦૦, ૨૦૦૦ થી સંયુક્ત રાષ્ટ્રની આગાહી (મિડીયમ વેરિયન્ટ). સ્રોત - UNPD 2001

ઉપલબ્ધતા, નિરક્ષરતા અને ઊર્જાના ઉપયોગના આધારે જીવનની ગુણવત્તા માપવાની કોશિશ કરે છે.

લોમ્બોર્ગ આ ઉપરાંત બીજા પણ કેટલાક માપદંડોને તપાસે છે અને વિકસિત અને વિકાસશીલ દેશો માટે આયુસંભવિતતા, બાળમરણ અને બીમારી, અન્ન અને ભૂખમરો, સમૃદ્ધિ અને તેનું વિતરણ, ગરીબી અને અસમાનતા, શિક્ષણ અને સલામતીનાં ક્ષેત્રોમાં છેલ્લાં સો વર્ષમાં કેટલી પ્રગતિ કરી શકાઈ છે તેની ચર્ચા કરે છે. અહીં આપણે એમાંથી આયુસંભવિતતા, બાળમરણ, અન્ન અને ભૂખમરો તેમજ સમૃદ્ધિ અને અસમાનતા તેમજ ગરીબીને લગતા માપદંડો જ તપાસીશું. પરંતુ ત્યાર પહેલાં વસતી વધારાની પાયાની સમસ્યા અંગે કેટલીક અગત્યની વાતો સમજી લેવી પડશે.

### *વસતી વધારો*

પૃથ્વી પર લોકોની સંખ્યા દરરોજ વધતી જ જાય છે અને ૧૯૯૯માં આપણે ૬ અબજનો આંક વટાવી ગયા. **આકૃતિ-૧**માં દર્શાવ્યા મુજબ વિશ્વની વસતીનો આ ધરખમ વધારો ૧૯૫૦ની આસપાસ શરૂ થયો અને ૨૦૫૦ની આસપાસ અટકશે એવો અંદાજ છે. આ વસતી વધારાનું મુખ્ય કારણ એ નથી કે વિકાસશીલ દેશોના ગરીબ લોકો અચાનક વધારે ને વધારે બાળકો પેદા કરવા માંડ્યા છે, પરંતુ એ છે કે જીવનની સુધરતી પરિસ્થિતિને કારણે દુનિયાના બધા ભાગોમાં મૃત્યુદરમાં ધરખમ

ઘટાડો થઈ રહ્યો છે. સંયુકત રાષ્ટ્રના એક સલાહકારે કહ્યું છે તેમ - *'વસતી વધારાનું કારણ એ નથી કે લોકો અચાનક સસલાંની જેમ વંશવૃદ્ધિ કરવા માંડ્યા છે, પરંતુ એ છે કે તેઓ માખીની જેમ મરતા બંધ થઈ ગયા છે.'*

ઐતિહાસિક રીતે આ પ્રક્રિયા ડેમોગ્રાફિક ટ્રાન્ઝિશનના નામે ઓળખાતી આવી છે. પરંપરાગત ખેતી આધારિત સમાજમાં લોકોની આવક ઓછી હોય છે અને બાળમરણનું પ્રમાણ ઘણું ઊંચું હોય છે. પરંતુ જે બાળકો બચી જાય તે નાની ઉંમરથી જ કામમાં હાથ બટાવે છે અને વૃદ્ધાવસ્થામાં મા-બાપની કાળજી પણ રાખે છે. પરિણામે જન્મદર ઘણો ઊંચો હોય છે. વધતી આવકની સાથે ખોરાક, દવા અને પીવાના ચોખ્ખા પાણી અને સેનીટેશનની ઉપલબ્ધિ વધે છે અને પરિણામે મૃત્યુદર ઘટતો જાય છે. પરંતુ સાથેસાથે બાળકોના શિક્ષણ પાછળનો ખર્ચ પણ વધતો જાય છે. એટલે પાછળથી પછી જન્મદર પણ ધીરે ધીરે ઓછો થવા માંડે છે.

પરંતુ અનિવાર્યપણે થોડા સમયગાળા પછી જ એમ થઈ શકે છે. ઘટેલા મૃત્યુદર અને ઘટી રહેલા જન્મદર વચ્ચેના આ સમયગાળામાં વસતીનો વધારો જોવા મળે છે. દુનિયાના બધા દેશોમાં આ જ તરાહ જોવા મળી છે. સ્વીડનમાં ઘટતા મૃત્યુદર અને ઘટતા જન્મદર વચ્ચેના આ ગાળામાં વસતી ચાર ગણી વધી ગયેલી. હાલ વિકાસશીલ દેશોમાં વસતી વધી રહી છે તેમાં પણ આ જ તરાહ કામ કરી રહી છે - મૃત્યુદરમાં ઘટાડો થઈ ગયો છે, પરંતુ જન્મદરના ઘટાડાની હજી શરૂઆત થઈ છે. સંયુક્ત રાષ્ટ્રના અંદાજ મુજબ વિકાસશીલ દેશોમાં પણ ૨૦૪૫ થી ૨૦૫૦ ના ગાળા સુધીમાં સ્ત્રીઓ સરેરાશ ૨.૧ બાળકોને જન્મ આપતી થઈ જશે, જે વસતીને સ્થિરતા પ્રદાન કરશે.

આમ છતાં, એમ માની શકાય કે વિશ્વની વસતી ૨૦૪૫ થી થોડાં વધારે વર્ષો સુધી વધતી રહેશે, કારણ કે વસતીવધારાની પ્રક્રિયામાં એક પ્રકારનું આંતરિક બળ હોય છે. જન્મદર ૨.૧ પર પહોંચી ગયા પછી પણ વસતીમાં શરૂઆતમાં વૃદ્ધોની સરખામણીમાં યુવાનોનું પ્રમાણ વધારે હશે. તેઓ નવાં બબ્બે બાળકોનો ઉમેરો કરતા જશે, જેને કારણે વસતીવધારો ચાલુ રહેશે. જુદા જુદા દેશોમાં જન્મદરમાં કેટલો ઘટાડો થઈ રહ્યો છે એના આધારે સયુંક્ત રાષ્ટ્ર, તેના વસતીવધારાના અંદાજ નિયમિત રીતે સુધારતું રહે છે. **આકૃતિ-૧**માં તેના ૨૦૦૦ના અંદાજ દર્શાવ્યા છે. તે મુજબ ૨૦૨૫ સુધીમાં પૃથ્વી પર ૮ અબજ લોકો રહેતા હશે અને ૨૦૫૦ સુધીમાં એની સંખ્યા ૯.૩ અબજની થશે. લાંબા ગાળાની વાત કરીએ તો ઈ.સ. ૨૨૦૦માં દુનિયાની વસતી ૧૧ અબજની આસપાસ સ્થિર થશે એવો અંદાજ છે.

## બદલાતી ડેમોગ્રાફી

વસતીનો આ વધારો મુખ્યત્વે ૧૨ દેશોમાં થઈ રહ્યો છે જેમાં ભારત, પાકિસ્તાન અને ચીન ટોચ પર છે. ચીન અને ભારત એ બન્ને દેશોમાં ૧૯૫૦ના દાયકાની શરૂઆતમાં સ્ત્રીઓ સરેરાશ ૬ બાળકોને જન્મ આપતી. પરંતુ ત્યાર પછી અત્યાર સુધીમાં ચીનમાં એ આંકડો ઘટીને ૧.૮નો થઈ ગયો છે. જ્યારે ભારતમાં એ હજી ૩.૨૩ પર છે. આ જ કારણસર ભારતની વસતીમાં યુવાનોનું પ્રમાણ પણ વધારે છે અને ૨૦૫૦ સુધીમાં ૧.૫૭ અબજની વસતી સાથે એ દુનિયાના સૌથી વધુ વસતીવાળા દેશ તરીકે ચીનને પાછળ મૂકી દેશે.

દુનિયાની વસતીમાં હાલનાં વિકસિત રાષ્ટ્રોનો હિસ્સો ઘટતો જશે. અગાઉની સદીઓમાં તે સતત વધતો રહેલો પરંતુ ત્યાર પછી ૧૯૫૦માં ૩૨ ટકાથી ઘટીને આજે ૨૦ ટકા પર પહોંચી ગયો છે અને ૨૦૫૦ સુધીમાં એ માંડ ૧૩ ટકાનો થઈ જશે.


વધતી આયુસંભવિતતા અને ઘટતા જન્મદરનું એક પરિણામ એ આવશે કે કુલ વસતીમાં વૃદ્ધોની સંખ્યા વધતી જશે. ૧૯૫૦માં માંડ ૫ ટકા લોકો ૬૫ વર્ષથી મોટી ઉંમરના હતા. ૨૦૫૦ સુધીમાં એ આંકડો ૧૬ ટકા સુધી પહોંચી જવાની સંભાવના છે. આજે વૃદ્ધોની સરખામણીમાં બાળકોની સંખ્યા ત્રણગણી વધારે છે. ૨૦૫૦ સુધીમાં બન્ને જૂથોની સંખ્યા સરખી થઈ જશે.

## શું વસતીનો આ વધારો સમસ્યારૂપ છે?

આપણે વારંવાર સાંભળીએ છીએ કે વસતીવધારો જ માણસજાતની મોટામાં મોટી સમસ્યા છે અને પર્યાવરણને લગતી તમામ સમસ્યાઓના મૂળમાં પણ આ જ સમસ્યા રહેલી છે. પરંતુ હકીકત એ છે કે લોકોની સંખ્યા એ કોઈ સમસ્યા નથી. સૌથી વધારે ગીચ વસતીવાળા મોટાભાગના દેશો યુરોપમાં આવેલા છે. વિશ્વના સૌથી ગીચ વસતીવાળા પ્રદેશ દક્ષિણ-પૂર્વ એશિયામાં દર ચોરસ કિલોમીટરે લોકોની સંખ્યા ઈંગ્લેન્ડ જેટલી જ છે. નેધરલેન્ડ, બેલ્જીયમ અને જાપાનમાં વસતીની ગીચતા ભારત કરતાં ઘણી વધારે છે.

આ વાત તો હવે વસતીના વિસ્ફોટની વાતો કરનારાઓ પણ સ્વીકારે છે. અને છતાં વધતી વસતીની સાથે ભૂખે મરતાં કુટુંબો, રહેવાની સંકડાશ અને અકાળે થતા મૃત્યુના બિહામણાં ચિત્રો રજૂ થતાં રહે છે. આ ચિત્રો, અલબત્ત, સાચાં જ છે, પરંતુ તે માટે ગીચ વસતીને બદલે ગરીબી વધારે જવાબદાર છે, જેની ચર્ચા આપણે આગળ કરીશું.

વસતીવધારાના સંદર્ભમાં એક અગત્યનો મુદ્દો એ પણ ધ્યાનમાં રાખવા જેવો છે કે એને પરિણામે પૃથ્વી પરના મોટાભાગના વિસ્તારોમાં હાલ




**આકૃતિ ૨** શહેરોમાં રહેતાં લોકોની ટકાવારી - વિકસિત દેશો, વિકાસશીલ દેશો તેમજ આખી દુનિયામાં, ૧૯૫૦-૨૦૩૦, ૨૦૦૦થી આગાહી. સ્રોત - WRI 1998, UNPD 1998

વસતીની જે ગીચતા જોવા મળે છે એમાં ખાસ વધારો નહીં થાય. આનું કારણ એ છે કે હવે પછીનો મોટાભાગનો વધારો શહેરોમાં થશે. આવતાં ૩૦ વર્ષ દરમ્યાન વૈશ્વિક સ્તરે ગામડાંઓમાં રહેતા લોકોની સંખ્યામાં ખાસ કોઈ પરિવર્તન નહીં આવે. ૨૦૦૭ સુધીમાં માનવ ઇતિહાસમાં સૌ પ્રથમ વાર વૈશ્વિક સ્તરે શહેરોમાં રહેતા લોકોની સંખ્યા ગામડાંમાં રહેતા લોકોની સંખ્યા કરતાં વધારે હશે (**આકૃતિ-૨**).

શહેરોની વૃદ્ધિ ચોક્કસપણે વિકાસશીલ રાષ્ટ્રોમાં વધારે ઝડપથી થતી જોવા મળશે. પરંતુ વિકસિત રાષ્ટ્રોમાં શહેરીકરણની જે પ્રક્રિયા અમલમાં આવી ગઈ છે તેનું જ અહીં પુનરાવર્તન થઈ રહ્યું છે. અમેરિકા અને અન્ય વિકસિત રાષ્ટ્રોમાં હાલ પણ સરેરાશ ૭૫ ટકા જેટલા લોકો શહેરોમાં રહે છે. ૨૦૩૦ સુધીમાં એ પ્રમાણ ૮૩.૫ ટકા જેટલું થવાની સંભાવના છે. જ્યારે વિકાસશીલ દેશોમાં શહેરમાં રહેતા લોકોની સંખ્યા હાલ ૪૦ ટકાની છે તે વધીને ૫૬ ટકાની થશે.

શહેરી જીવનને કારણે જીવનની ગુણવત્તામાં ઘટાડો થતો હોવાની ચર્ચા ઘણી થાય છે. કેટલાયે લોકોને ઝૂંપડપટ્ટીમાં પાણી અને સેનીટેશનના અભાવમાં સાવ દયનીય પરિસ્થિતિમાં રહેવું પડતું હોય છે. પરંતુ હકીકત એ છે કે ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકો પણ ગામોમાં એમની જે સ્થિતિ હતી એના કરતાં વધારે સારું જીવન જીવે છે.

પાણી પુરવઠા, ગટર, આરોગ્ય જેવી સુવિધાઓ તો ગામડાંઓ કરતાં શહેરોમાં વધારે સારી રીતે ઉપલબ્ધ થાય જ છે. શિક્ષણ પણ ગામડાં કરતાં શહેરોમાં વધારે સહેલાઈથી અને સારું મળે છે. આ ઉપરાંત રોજગારની તકો પણ શહેરોમાં જ વધારે ઉપલબ્ધ થાય છે અને શહેરના નિવાસીઓ સરેરાશ વધારે સારું પોષણ મેળવે છે અને કુપોષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

હકીકતમાં, વૈશ્વિક સ્તરે ગરીબીની સમસ્યા પણ મોટાભાગે ઓછી વસતીવાળા ગ્રામીણ વિસ્તારોમાં જ વધારે જોવા મળે છે. આથી વિપરીત, શહેરો અને કસબાઓ આર્થિક વૃદ્ધિ માટેનું ચાલકબળ પૂરું પાડે છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં પણ કુલ ઘરેલુ ઉત્પાદનમાંથી ૬૦ ટકા જેટલું ઉત્પાદન એક તૃતીયાંશ વસતી ધરાવતા શહેરી વિસ્તારોમાં થઈ રહ્યું છે.

## *આયુસંભવિતતા અને બાળમરણ*

આયુસંભવિતતા (*Life Expectancy*)ની વાત કરીએ તો ઈ. સ. ૧૯૦૦ સુધી વૈશ્વિક સ્તરે માણસની સરેરાશ આયુસંભવિતતા જન્મના સમયે માંડ ૩૦ વર્ષની હતી - એટલે કે નવું જન્મેલું બાળક સરેરાશ ૩૦ વર્ષના આયુષ્યની અપેક્ષા રાખી શકતું. ૧૯૫૦માં વૈશ્વિક સ્તરે આયુસંભવિતતા વધીને ૪૬.૫ વર્ષની થઈ અને હવે ૧૯૯૮ માં એ ૬૭ વર્ષની થઈ ગઈ. આમ, વૈશ્વિક સ્તરે છેલ્લાં ૧૦૦ વર્ષમાં જ આયુસંભવિતતા બમણી કરતાં પણ વધારે વધી છે.

આમ થવાનું મુખ્ય કારણ એ નથી કે *આપણે સૌ* પહેલાં કરતાં વધારે *લાંબું જીવી રહ્યા* છીએ, પરંતુ એ છે કે પહેલાં કરતાં ઘણા ઓછા લોકો *બાળપણમાં* જ મૃત્યુ પામી રહ્યા છે.


આ વાત બરાબર સમજી લેવા જેવી છે. એ માટે એક ઉદાહરણની મદદ લઈશું - ધારો કે, કોઈ એક નાના ટાપુ પર એક વર્ષે ૧૦ નવાં બાળકોનો જન્મ થાય છે. જો એમાંથી ૫ બાળકો એક વર્ષની અંદર જ મરી જાય અને બાકીનાં ૫ બાળકો ૭૦ વર્ષ સુધી જીવે, તો એનો અર્થ એ થાય કે એ ૧૦ બાળકોનો જન્મ થયો ત્યારે તેઓ સરેરાશ ૩૫ વર્ષ જીવવાની અપેક્ષા રાખી શક્તા, એટલે કે એમની આયુસંભવિતતા ૩૫ વર્ષની હતી. હવે ધારો કે, બીજા વર્ષે પણ ૧૦ નવાં બાળકોનો જન્મ થાય છે. પરંતુ ત્યારે એ ટાપુ પર એક ડોક્ટરનું આગમન થયેલું હોય છે, જે બીમાર બાળકોને દવા આપીને મરતાં બચાવી શકે છે. પરિણામે માત્ર એક જ બાળક એક વર્ષની અંદર મૃત્યુ પામે અને બાકીનાં નવ ૭૦ વર્ષ સુધી જીવે. આમ થવાથી તે ટાપુ પરનાં નવાં જન્મેલાં બાળકોની આયુ-સંભવિતતા એક જ વર્ષમાં ૩૫ થી વધીને ૬૩ વર્ષની થઈ જશે.

ઈ.સ. ૧૨૦૦ થી ૧૮૦૦ સુધી ઈંગ્લેન્ડમાં સરેરાશ આયુ સંભવિતતા ૩૦ વર્ષની આજુબાજુ જોવા મળતી. ૧૮૫૦ પછી એમાં ધરખમ વધારો

જોવા મળે છે અને ત્યાર પછીનાં ૧૫૦ વર્ષમાં એ વધીને બમણી થઈ ગઈ. આ જ પ્રક્રિયા અન્ય વિકસિત દેશોમાં પણ જોવા મળે છે.


વિકાસશીલ દેશોની વાત કરીએ તો ૨૦મી સદીની શરૂઆત સુધી તો તેમની આયુસંભવિતતા પાષાણ-યુગની યાદ અપાવે એવી જ હતી. ૧૯૦૬માં ભારતની આયુસંભવિતતા માંડ ૨૫ વર્ષની હતી. જ્યારે ચીનની આયુસંભવિતતા તો છેક ૧૯૩૦ સુધી ૨૪ વર્ષની જ હતી. ૧૯૫૦માં વિકાસશીલ રાષ્ટ્રોની આયુસંભવિતતા વધીને ૪૧ વર્ષની થઈ અને ૧૯૯૮માં એ ૬૫ વર્ષ પર પહોંચી ગઈ છે.

સ્પષ્ટ છે કે આ ઘણી મોટી ઉપલબ્ધિ છે. આનો અર્થ એ થયો કે બ્રિટન કે અમેરિકામાં ૧૯૪૦ના દાયકામાં લોકો સરેરાશ જેટલું જીવતા એટલું હાલ વિકાસશીલ રાષ્ટ્રોના લોકો જીવી શકે છે. ચીનમાં તો આ સુધારો વળી ઘણો વધારે નોંધપાત્ર છે. ૧૯૩૦માં ૨૪ વર્ષની આયુસંભવિતતાના સ્થાને હાલ ત્યાંનાં બાળકો સરેરાશ ૭૦ વર્ષના જીવનની અપેક્ષા રાખી શકે છે - આમ બે જ પેઢીમાં સરેરાશ આયુસંભવિતતામાં ત્રણ ગણો વધારો થયો છે. **આકૃતિ-૩**, વિકાસશીલ રાષ્ટ્રોમાં ૧૯૫૦ પછી આયુસંભવિતતામાં થયેલ ધરખમ વધારો દર્શાવે છે. આ તરાહ આવનારાં વર્ષોમાં ચાલુ રહેવાનો અંદાજ છે અને ૨૦૨૦ સુધીમાં મોટાભાગના દેશો ૭૦ વર્ષથી વધારે આયુસંભવિતતા ધરાવતા થઈ જશે.





**આકૃતિ ૩** આયુસંભવિતતા - વિકસિત દેશો, વિકાસશીલ દેશો, સબ સહારા આફ્રિકા તેમજ આખી દુનિયા - ૧૯૫૦-૨૦૫૦, ૨૦૦૦થી આગાહી. સ્રોત - UNPD 1994

અલબત્ત, આ સરેરાશ આંકડાઓમાં વિકાસશીલ દેશોમાં પણ જુદા જુદા દેશો વચ્ચેની અસમતુલા ઢંકાઈ જતી હોઈ શકે. વ્યક્તિગત દેશો માટેના આયુસંભવિતતાના આંકડા **આકૃતિ-૪**માં દર્શાવ્યા છે. અહીં આપણે જોઈ શકીએ છીએ કે વિશ્વની કુલ વસતીના ૪.૭ ટકા જેટલા લોકો ૫૦ કરતાં ઓછી આયુસંભવિતતા ધરાવતા દેશોમાં જીવી રહ્યા છે. આ દેશોમાં અફઘાનિસ્તાન અને પૂર્વી ટીમોરને બાદ કરતાં બાકીના તમામ દેશો આફ્રિકામાં આવેલા છે. એમાં મોઝામ્બિક યુગાન્ડા, ઝાંબીયા,




**આકૃતિ ૪** જુદી જુદી મહત્તમ આયુસંભવિતતા હેઠળ જીવતા લોકોની ટકાવારી - ૨૦૦૦માં. સ્રોત - UNPD 2001




**આકૃતિ ૫** બાળમરણ - (દર હજાર જન્મે) - વિકસિત દેશો, વિકાસશીલ દેશો, સબ સહારા અફ્રિકા તેમજ આખી દુનિયામાં, ૨૦૦૦થી આગાહી. સ્રોત - UNPD 1994

સોમાલીયા અને ઈથોપીયા જેવા દેશોનો સમાવેશ થાય છે. આ દેશોની ઓછી આયુસંભવિતતા માટે એઈડ્સનો ફેલાવો ચોક્કસપણે જવાબદાર છે, જે સહારાની નીચેના આફ્રિકામાં વધારે જોરથી ત્રાટક્યો છે. અહીં કુલ વસતીના ચાર ટકા (૨.૩ કરોડ) જેટલા લોકોને HIVનો ચેપ લાગેલો જોવા મળે છે. એઈડ્સ મુખ્યત્વે યુવાન કે બાળકો પર જ ત્રાટકતો હોવાથી આયુસંભવિતતામાં નોંધપાત્ર ઘટાડો થાય છે.

સ્પષ્ટ છે કે આફ્રિકાની પરિસ્થિતિ સુધારવા માટે હજી ઘણું કરવાનું બાકી છે; ફક્ત એઈડ્સ નિવારણ માટે જ નહીં, પરંતુ ખોરાકની સ્થિતિ તેમજ આર્થિક વિકાસ માટે પણ. તેની ચર્ચા આગળ કરીશું.

પરંતુ અહીં અગત્યની બાબત એ છે કે વિશ્વના ૮૫ ટકા કરતાં વધારે લોકો સરેરાશ ૬૦ વર્ષથી વધારે આયુસંભવિતતા ધરાવતા દેશોમાં જીવી રહ્યા છે. માંડ ૧૦૦ વર્ષ પહેલાંની આયુસંભવિતતા કરતાં આ આંકડો બમણો છે.

### બાળમરણ

અગાઉ કહ્યું તેમ આયુસંભવિતતાનો આ વધારો મુખ્યત્વે બાળમરણના ઘટાડાને કારણે જ શક્ય બન્યો છે. માણસ જ્યારે જંગલમાંથી ફળફળાદિ એકઠાં કરીને કે શિકાર કરીને જીવતો ત્યારે સોએ ૫૦ જેટલાં બાળકો પાંચ વર્ષ સુધીમાં જ મૃત્યુ પામતાં. ઈ.સ. ૧૪૦૦ સુધી યુરોપમાં પણ દર હજાર જન્મે પાંચસો બાળકો પાંચ વર્ષની અંદર મૃત્યુ પામતાં હોવાનું જણાયું છે. ૧૬મી સદીથી અંગ્રેજ જમીનદારોએ રાખેલા આંકડા ઉપલબ્ધ છે. એ આંકડાઓ મુજબ ૧૫૫૦માં દર હજાર બાળકે ૨૫૦ જેટલાં બાળકો પાંચ વર્ષની અંદર મૃત્યુ પામતાં અને ૧૮૫૦ સુધીમાં એ આંકડો ઘટીને ૧૦૦નો થઈ ગયેલો.

વિકાસશીલ રાષ્ટ્રોની વાત કરીએ તો ચીનના ગ્રામીણ વિસ્તારોમાં ૧૯૨૦ના દાયકામાં દર ત્રણ બાળકે એક કરતાં વધારે બાળક પાંચ વર્ષની ઉંમર પહેલાં મૃત્યુ પામતાં અને ચીલી અને ગાંબીયા જેવા દેશોમાં તો ૧૯૫૦ ના દાયકા સુધી એનાથી વધારે ઊંચા દર જોવા મળતા.

**આકૃતિ-૫**માં આખા વિશ્વમાં, વિકાસશીલ અને વિકસિત રાષ્ટ્રો સહિત, ૧૯૫૦ થી અત્યાર સુધીમાં બાળમરણના (એક વર્ષથી નાની ઉંમરના બાળકોના) દરમાં જે ઘટાડો થયો તે દર્શાવ્યો છે. વિકાસશીલ રાષ્ટ્રોમાં પણ બાળમરણના દરમાં ધરખમ ઘટાડો થયેલો જોવા મળે છે. ૧૯૫૦માં ૧૮ ટકા જેટલાં બાળકો એક વર્ષની અંદર જ મૃત્યુ પામતાં, જ્યારે ૧૯૯૫માં એ આંકડો ઘટીને ૬ ટકાનો થઈ ગયેલો જોવા મળે છે. સબ સહારા આફ્રિકામાં પણ એઈડ્સનો ફેલાવો હોવા છતાં બાળમરણનો દર ઘટી રહેલો જોવા મળે છે.


બાળમરણના પ્રમાણમાં થયેલા આ ઘટાડામાં, અલબત્ત, ચેપી રોગો સામેની લડતમાં મળી રહેલી સફળતાએ અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવી છે, જેની વિગતોમાં અહીં જઈ શકાય એમ નથી.

## ખોરાક અને ભૂખમરો


અમેરિકાના પ્રસિદ્ધ પર્યાવરણવાદી પૌલ અર્લીકે ૧૯૬૮માં તેના પુસ્તક '*The Population Bomb*'માં આગાહી કરેલી કે ''માણસને ખોરાક પૂરો પાડવાની લડાઈ ખતમ થઈ ગઈ છે. ૧૯૭૦ના દાયકામાં આપણે વ્યાપક સ્તરે ભૂખમરો વેઠવો પડશે - કરોડો લોકો ભૂખે મરી જશે''. આ પુસ્તકની ૩૦ લાખથી પણ વધારે નકલો વેચાઈ ગયેલી. એ જ પુસ્તકમાં અર્લીકે આગળ એમ પણ કહેલું કે ભારત જેવો દેશ આજે પણ એની વસતી માટે જરૂરી અનાજ પેદા નથી કરી શકતો, તો પછી આવતાં આઠ વરસમાં વધારાના ૧૨ કરોડ લોકો માટે જરૂરી અનાજ ક્યાંથી પેદા કરી શકશે?

અલબત્ત, એની આ આગાહી પછીનાં ૮ વર્ષમાં ભારતે વધારાના ૧૨ કરોડ નહીં પરંતુ ૧૫ કરોડ લોકોને પૂરું પડી રહે એટલું વધારાનું અનાજ પેદા કર્યું. એટલું જ નહીં, પણ એ ૮ વર્ષમાં એની વસતીમાં પણ માત્ર ૧૦.૪ કરોડનો જ વધારો થયેલો, નહીં કે ૧૨ કરોડનો!

સૌપ્રથમ ૧૭૯૮માં અંગ્રેજ અર્થશાસ્ત્રી થોમસ માલ્થુસે કૂદકે ને ભૂસકે વધતી વસતીની સામે ઉત્પાદનનાં સાધનો એટલી તેજ ગતિએ નહીં વધી શકે અને પરિણામે માણસજાતે વ્યાપક ભૂખમરાનો સામનો કરવો




**આકૃતિ ૯** ઘઉંની કિંમત, ઈંગ્લેન્ડ ૧૩૧૬થી ૨૦૦૦. સ્રોત - MITCHELL 1988, FAO 2000, UK CPI 2000, 2001.




**આકૃતિ ૧૦** ખાદ્ય પેદાશો માટેનો વિશ્વબેંકનો ભાવાંક. ૧૯૫૭-૨૦૦૦, ૨૦૦૦=૧. સ્રોત - IMF 2001.

ટકા જેટલા લોકો ભૂખે મરતા હતા એની સાથે આ આંકડાને સરખાવીશું તો કેટલો નોંધપાત્ર સુધારો થયો છે એનો ખ્યાલ આવશે.

તે જ પ્રમાણે વિકાસશીલ રાષ્ટ્રોમાં કુપોષણથી પીડાતાં બાળકોનું પ્રમાણ પણ છેલ્લાં ૧૫ વર્ષમાં ૪૦ ટકાથી ઘટીને ૩૦ ટકા થયું છે અને ૨૦૨૦ સુધીમાં એ ઘટીને ૨૪ ટકા થવાનો અંદાજ છે. ૧૯૭૦ પછી વિશ્વના દરેક ભાગમાં ભૂખે મરતા લોકોની સંખ્યામાં ઘટાડો થયો છે અને આવનારાં વર્ષોમાં પણ એ ઘટાડો ચાલુ રહેવાની સંભાવના છે.

અહીં એ નોંધવું જરૂરી છે કે ભૂખે મરતા લોકોનું પ્રમાણ એવા સમયે ઘટ્યું છે જ્યારે વિકાસશીલ રાષ્ટ્રમાં લોકોની સંખ્યા બમણા કરતાં પણ વધારે વધી છે. એટલું જ નહીં, ભૂખે મરતા લોકોની ચોખ્ખી સંખ્યામાં પણ ઘટાડો થયો છે. ૧૯૭૧ માં વિકાસશીલ દેશોમાં ૯૨ કરોડ જેટલા લોકો ભૂખે મરતા હતા, તે આંકડો ઘટીને ૧૯૯૭ માં ૭૯ કરોડ પર પહોંચ્યો છે અને ૨૦૧૦ સુધીમાં ૬૮ કરોડ પર પહોંચવા સંભવ છે **(આકૃતિ-૮)**. આ આંકડા પણ અલબત્ત, ઘણા ઊંચા છે. પરંતુ અહીં એ નોંધવું પણ જરૂરી છે કે ૧૯૪૯માં ૪૫ ટકા લોકો ભૂખે મરતા હતા એ પ્રમાણ જ જો હજી ચાલુ રહ્યું હોત, તો આજે ૬ અબજની વસતીમાંથી ૨.૭ અબજ જેટલા લોકો ભૂખે મરતા હોત!

## અગાઉ હતું એના કરતાં આજે અનાજ સસ્તું છે


વસતી વધારાની સાથે સાથે અનાજની માંગ પણ વધતી ગઈ છે. તેમ છતાં વૈશ્વિક સ્તરે અનાજની વાસ્તવિક કિંમતમાં ધરખમ ઘટાડો થયો છે. ૧૯૫૭ ની કિંમતની તુલનામાં ૨૦૦૦માં અનાજની વાસ્તવિક કિંમત એક તૃતીયાંશ જેટલી જ હતી.

અનાજની કિંમતનો આ ઘટાડો કામચલાઉ નહીં, પરંતુ લાંબા ગાળાની તરાહ દર્શાવે છે. ઘઉંની કિંમતનો ઘટાડો ઈ.સ. ૧૮૦૦ થી જ જોઈ શકાય છે અને હાલ ઘઉંની જે કિંમત છે તે છેલ્લાં ૫૦૦ વર્ષમાં જે સરેરાશ કિંમત હતી એના કરતાં દસ ગણી ઓછી છે **(આકૃતિ-૯)**. અનાજની કિંમતનો ઘટાડો બીજા વિશ્વયુદ્ધ પછીના ગાળામાં સૌથી વધુ નોંધપાત્ર રહ્યો છે અને બધા પ્રકારના ખોરાકને એ લાગુ પડે છે **(આકૃતિ-૧૦)**. ૧૯૭૦નો દાયકો જ અપવાદરૂપ હતો જ્યારે ખનીજ તેલની કટોકટીને કારણે અનાજની કિંમતોમાં ટૂંકા ગાળામાં ધરખમ વધારો જોવા મળેલો.


કોઈપણ પેદાશની કિંમત એની છત કે અછત કેટલી છે એ દર્શાવે છે. આમ, અનાજની કિંમતનો ઘટાડો એ જ હકીકત દર્શાવે છે કે છેલ્લી સદી દરમિયાન અનાજના ઉત્પાદનમાં ધરખમ વધારો થયો છે.

## હરિયાળી ક્રાન્તિ

એ તો સ્પષ્ટ છે કે અનાજના ઉત્પાદનના આ ધરખમ વધારામાં હરિયાળી ક્રાંતિ તરીકે ઓળખાતા ખેતી પદ્ધતિના સુધારાઓએ અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવી છે. એમાં પાકની નવી સુધરેલ જાતો, રાસાયણિક ખાતર




**આકૃતિ ૬** માથાદીઠ લેવાતી દૈનિક કેલરી - વિકસિત દેશો, વિકાસશીલ દેશો તેમજ આખી દુનિયામાં, ૧૯૬૧-૯૮. સ્રોત - FAO 2001.




**આકૃતિ ૭** ભૂખે મરતા લોકોની ટકાવરી - વિકાસશીલ દેશોમાં જુદા જુદા પ્રદેશવાર - ૧૯૭૦,૧૯૮૦,૧૯૯૧, ૧૯૯૭ તેમજ ૨૦૧૦ માટેના અંદાજ. સ્રોત - WFS 1996, FAO 2000.

પડશે એવી થિયરી રજૂ કરેલી, ત્યારથી આવા વ્યાપક ભૂખમરાની આગાહીઓ વારંવાર થતી રહી છે.


અલબત્ત, એ તમામ આગાહીઓ સાવ ખોટી સિદ્ધ થઈ છે. ૧૯૬૧ કરતાં અત્યારે આપણે બમણી સંખ્યામાં છીએ અને છતાં દરેક પાસે ખાવાને પહેલાં કરતાં વધારે અનાજ ઉપલબ્ધ છે. સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા પ્રમાણે ૧૯૬૧ની તુલનામાં આપણે હાલ માથાદીઠ ૨૩ ટકા વધારે અનાજ પેદા કરી રહ્યાં છીએ. અને વિકાસશીલ દેશોમાં તો આ વધારો ૫૨ ટકા જેટલો છે. પહેલાં કરતાં ઘણા ઓછા લોકો ભૂખમરાથી પીડાઈ રહ્યા છે અને ખોરાક પહેલાં કરતાં વધારે સસ્તો થયો છે. આમ, અનાજને લાગે વળગે છે ત્યાં સુધી વિશ્વની પરિસ્થિતિ ઘણા વધારે લોકો માટે પહેલાં કરતાં ઘણી વધારે સારી છે.

### અગાઉ હતું એના કરતાં આજે વધારે અનાજ ઉપલબ્ધ છે


મૂળે વ્યક્તિદીઠ અનાજની ઉપલબ્ધિ અગાઉ હતી એના કરતાં અત્યારે ઘણી વધારે છે. અને આમ ત્યારે થયું જ્યારે દુનિયાની વસતી ૧૯૬૧થી અત્યાર સુધીમાં બમણી થઈ ગઈ છે. **આકૃતિ-૬**માં આ વાત સ્પષ્ટપણે દેખાય છે, જેમાં સરેરાશ વ્યક્તિદીઠ લેવાતી દૈનિક કેલરીમાં વિશ્વસ્તરે ૨૪ ટકાનો વધારો થયો છે. વિકાસશીલ દેશોમાં આ વધારો ૩૮ ટકાનો છે.

કેલેરીના આ આંકડા સરેરાશ છે. અને એમ બની શકે કે કેટલાક લોકો વધારે માત્રામાં કેલેરી લેતા થયા હોય પરંતુ બીજા એટલા જ કે એનાથી વધારે લોકો માંડ પૂરતો ખોરાક મેળવી શકતા હોય અગર તો ભૂખે પણ મરતા હોય. પરંતુ અહીં પણ પરિસ્થિતિ સુધરતી જતી હોવાનું જોવા મળે છે.

**આકૃતિ-૭**માં વિકાસશીલ દેશોમાં ૧૯૭૦ થી લઈને ૨૦૧૦ સુધી સરેરાશ કેટલા ટકા લોકોને ભૂખમરો વેઠવો પડતો હતો, પડે છે અને પડશે તેના આંકડા દર્શાવ્યા છે. વિકાસશીલ દેશોમાં ભૂખે મરતા લોકોનું પ્રમાણ ૩૫ ટકાથી ઘટીને ૧૮ ટકા પર પહોંચ્યું છે અને ૨૦૧૦ સુધીમાં ૧૨ ટકા થવા સંભવ છે. ૧૯૪૯માં વિકાસશીલ રાષ્ટ્રોમાં ૪૫




**આકૃતિ ૮** ભૂખે મરતા લોકો, ૧૯૭૦-૨૦૩૦, સંખ્યા તેમજ ટકાવારી (વિકાસશીલ દેશોમાં) ૧૯૯૮-૨૦૩૦ સુધી આગાહી. સ્રોત - FAO 1999, 2000.





**આકૃતિ ૧૧** હેક્ટર દીઠ ઉત્પાદન ડાંગર, મકાઈ અને ઘઉં- વિકાશીલ દેશોમાં, ૧૯૬૦-૨૦૦૦. સ્રોત - USDA 1998, 2000, 2001, FAO 2000.

અને દવાનો ઉપયોગ અને વધતી સિંચાઈનો સમાવેશ થાય છે. એ તમામને કારણે દુનિયાના ઘણા વિસ્તારોમાં પાકની ઉત્પાદક્તામાં ધરખમ વધારો થયો છે, એક કરતાં વધારે ફસલ લઈ શકાય છે અને પાકને જરૂરી પોષણ અને રોગો સામે રક્ષણ મળી શકે છે.

હરિયાળી ક્રાન્તિને કારણે અનાજના ઉત્પાદનમાં થયેલા ધરખમ વધારાને કારણે જ વધારે ને વધારે લોકોને જરૂરી ખોરાક પૂરો પાડવાનું શક્ય બન્યું છે અને એ રીતે અન્ન-સુરક્ષા સુનિશ્ચિત કરી શકાઈ છે. **આકૃતિ-૧૧**માં દર્શાવ્યા મુજબ વિકાસશીલ દેશોમાં ત્રણ મુખ્ય પાકો ચોખા, ઘઉં અને મકાઈના હેક્ટરદીઠ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે. ચોખાનું ઉત્પાદન ૧૨૨ ટકા, મકાઈનું ૧૫૯ ટકા અને ઘઉંનું ૨૨૯ ટકા જેટલું વધ્યું છે. અને વિકસિત દેશોમાં થતા ઉત્પાદનની સરખામણીમાં તો આપણે હજી ઘણા પાછળ છીએ.

રાસાયણિક ખાતર અને દવાના ઉપયોગને કારણે પર્યાવરણને ઘણી હાનિ પહોંચી રહી હોવાની ખૂબ ચર્ચા થાય છે. અને એ મુદ્દો અગત્યનો છે. પરંતુ એની ચર્ચા કરતી વખતે આપણે વધતી જતી વસતીને પૂરતો ખોરાક પૂરો પાડવામાં હરિયાળી ક્રાંતિએ જે મહત્ત્વનું યોગદાન આપ્યું છે, એ પણ ભૂલવું નહીં જોઈએ. વધતી વસતી માટે જરૂરી અનાજ પેદા કરવા માટે ત્યારે આપણી પાસે બીજો કોઈ વિકલ્પ પણ ક્યો હતો? અને આજે પણ ક્યો છે? જો આ ખેતીપદ્ધતિ નહીં અપનાવી હોત તો ખેડૂતોને કાં તો અનાજ ઉગાડવા માટે હજીયે વધારે જમીન ખેતીમાં ફેરવવાની ફરજ પડત, અથવા




**આકૃતિ ૧૨** માથા દીઠ લેવાતી દૈનિક કેલરી- જુદા જુદા પ્રદેશોમાં ૧૯૬૧-૯૮. સ્રોત - FAO 2001.


તો તેઓ ખૂબ ઓછું ઉત્પાદન કરી શકત અને પરિણામે કરોડો લોકોને ભૂખે મરવાનો વારો આવત. અલબત્ત, આમ છતાં પર્યાવરણને હાનિનો આ મુદ્દો અગત્યનો છે જ અને એની ચર્ચા આપણે પાછળથી પ્રદૂષણની ચર્ચા કરતી વખતે કરીશું. સાથે સાથે એ વાતની પણ નોંધ લેવી ઘટે કે હાલમાં હવે પાકોની જે નવી જાતો બહાર પડી રહી છે, તે રોગો સામે વધારે પ્રતિકારશક્તિ ધરાવે છે, એટલે આવનારા દિવસોમાં રાસાયણિક દવાઓનો ઉપયોગ ઓછો થતો જવાની સંભાવના પણ છે.

## ક્ષેત્રીય વિતરણ - આફ્રિકા

અનાજની ઉપલબ્ધિમાં થયેલો આ સુધારો દુનિયાના બધા વિસ્તારોમાં સમાન રીતે નથી થયો. **આકૃતિ-૧૨**માં જોવા મળે છે તેમ લેટીન અમેરિકા, એશિયા અને નજીકના પૂર્વીય દેશોમાં તો પરિસ્થિતિમાં ધરખમ સુધારો થયો છે. પરંતુ સહારાની નીચેના આફ્રિકાના દેશોમાં એ જોવા નથી મળતો. તાજેતરનાં વર્ષોમાં ત્યાં થોડો સુધારો થઈ રહ્યો છે, પરંતુ પાયાનો વિકાસ હજી નથી થયો. અહીં સ્વાભાવિક જ એ પ્રશ્ન ઊઠે કે આફ્રિકામાં એવું તે શું થઈ રહ્યું છે જેને કારણે પરિસ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારો નથી થતો?

૧૯૬૦ના દાયકામાં સબસહારા આફ્રિકાના આ દેશોની સ્થિતિ એશિયાના દેશો જેવી જ હતી અને કેટલાક કિસ્સાઓમાં તો એનાથી પણ ઘણી સારી હતી. છેલ્લાં ૩૦ વર્ષમાં એશિયાના દેશોની સ્થિતિમાં ધરખમ સુધારો થયો છે. જ્યારે સબસહારા આફ્રિકાના લોકો માંડ માંડ ખેંચી રહ્યા છે. એશિયાના દેશોમાં હાલ હેક્ટરે સરેરાશ ૧૩૦ કિલો રાસાયણિક ખાતર વાપરવામાં આવે છે, જ્યારે સબસહારા આફ્રિકામાં માંડ ૧૧ કિલો વપરાશ છે. એશિયાના દેશોમાં ૩૭ ટકા જેટલા ખેતીના વિસ્તારમાં સિંચાઈ થતી જોવા મળે છે, જે સામે સબસહારા આફ્રિકામાં ફક્ત ૫ ટકા સિંચિત વિસ્તાર છે.

આવાં કેટલાંક કારણોને લીધે એશિયાના દેશોમાં અનાજની ઉપલબ્ધિ સબસહારા આફ્રિકાના દેશો કરતાં ઘણી વધારે છે. આની સાથે સાથે એ પણ નોંધવું જરૂરી છે કે આફ્રિકાના દેશોમાં અનાજનું ઉત્પાદન વધારવા સામે કોઈ કુદરતી અંતરાયો નથી. જે ખૂટે છે તે છે, જરૂરી રાજકીય નિર્ણયશક્તિ. ૧૯૫૦માં સામ્રાજ્યવાદની ચુંગાલમાંથી છૂટયા પછી સબસહારા આફ્રિકાના મોટાભાગના દેશો રાજકીય અને આર્થિક અસ્થિરતાનો ભોગ બન્યા છે અને જાતીય હિંસા અને સંઘર્ષોમાં ફસાઈ ગયા છે. આ ઉપરાંત ભ્રષ્ટાચાર, અપૂરતી પાયાની સગવડો, શિક્ષણનો અભાવ અને રાજકીય રીતે ખેત પેદાશોના ભાવો નક્કી થવા જેવી બાબતોને કારણે પણ ખેતીનો વિકાસ રુંધાયો છે. આ જ કારણસર આફ્રિકાની અનાજની પરિસ્થિતિ આટલી ખરાબ જોવા મળે છે.





**આકૃતિ ૧૩** અંદાજિત વૈશ્વિક GDP ૦-૨૦૦૦. બે હજાર વર્ષ પહેલાનો અંદાજ મામૂલી ફેરફાર સાથે એનાથીયે વધારે પાછળ સુધી લંબાવી શકાય. નાનો ઘટાડો ૧૯૩૦ના દાયકાની મંદીનો છે. સ્રોત - Delong 2000.

## સમૃદ્ધિ

છેલ્લાં ૨૦૦ વર્ષમાં આપણે અગાઉના ઈતિહાસમાં પહેલાં હતા એના કરતાં વધારે સમૃદ્ધ બન્યા છીએ. આ હકીકત ઘણી રીતે માપી શકાય એમ છે. પરંતુ માથાદીઠ કુલ ઘરેલુ ઉત્પાદન એ માપવાની સૌથી સરળ રીત છે. એનાથી આપણે જાણી શકીએ કે સરેરાશ વ્યક્તિ કુલ કેટલી પેદાશો ખરીદી શકે એમ છે. **આકૃતિ-૧૩**માં છેલ્લાં બે હજાર વર્ષોમાં વૈશ્વિક સ્તરે માથાદીઠ ઉત્પાદનના આંકડા દર્શાવ્યા છે. માનવ ઈતિહાસમાં મોટાભાગનાં વર્ષો સુધી ૪૦૦ ડોલરનું સ્થિર રહેલું ઉત્પાદન સૌ પ્રથમ ઈ.સ. ૧૮૦૦માં ૭૦૦ ડોલરે પહોંચ્યું અને ત્યાર પછીનાં ૨૦૦ વર્ષમાં આપણે સરેરાશ આઠ ગણા વધારે સમૃદ્ધ થયા છીએ.

આ વિકાસ માત્ર બ્રિટન કે અમેરિકા પૂરતો જ મર્યાદિત નથી રહ્યો. **આકૃતિ-૧૪માં** દર્શાવ્યા પ્રમાણે વિશ્વના તમામ પ્રદેશોમાં એ જોઈ શકાય છે. જો કે એની માત્રા બધે એક સરખી નથી. પશ્ચિમી યુરોપમાં ૧૩ ગણો વધારો થયો છે. યુરોપના ધાર પરના દેશોમાં ૯ ગણો, લેટિન અમેરિકામાં ૭ ગણો, એશિયામાં ૮ ગણો અને આફ્રિકામાં ૪ ગણો વધારો થયો છે.

વિકાસની પ્રક્રિયા સૌ પ્રથમ પશ્ચિમી દેશોમાં શરૂ થઈ અને એટલે તેઓ બાકીના દેશોથી એટલા આગળ રહ્યા છે. પરંતુ ઔદ્યોગિક તેમજ વિકાસશીલ બન્ને પ્રકારના દેશોમાં બીજા વિશ્વયુદ્ધ પછીના વર્ષોમાં માથાદીઠ




**આકૃતિ ૧૪** માથાદીઠ GDP US $માં (૧૯૮૫), જુદા જુદા પ્રદેશો માટે, ૧૮૨૦-૧૯૮૯. West European coreમાં બ્રીટન, જર્મની, ફ્રાન્સ અને અમેરિકાનો સમાવેશ થાય છે. European Peripheryમાં ગ્રીસ, આયર્લેન્ડ, સ્પેન, સોવિયેત યુનિયન જેવા દેશોનો સમાવેશ થાય છે. સ્રોત Maddison 1994:22-3

આવકમાં ધરખમ વધારો નોંધાયો છે. આ આખા ગાળા દરમિયાન ઔદ્યોગિક રાષ્ટ્રોના લોકો વિકાસશીલ રાષ્ટ્રોના લોકો કરતાં છ ગણી વધારે આવક મેળવતા જોવા મળે છે.

આ ગાળા દરમિયાન વિકાસશીલ રાષ્ટ્રોમાં સરેરાશ વાર્ષિક ૪.૨ ટકાનો વૃદ્ધિ દર જોવા મળ્યો. જ્યારે ઔદ્યોગિક દેશોમાં અર્થતંત્ર ૩.૨ ટકાના દરે જ વૃદ્ધિ પામ્યું. આમ છતાં વિકાસશીલ દેશો એમની હરોળે પહોંચી નહીં શકયા, એનું એક કારણ એ છે કે એ જ સમયગાળામાં વિકાસશીલ દેશોાિ વસતિ પણ એનાથી વધારે ઊંચા દરે વૃદ્ધિ પામી રહી હતી.

## ગરીબી અને વિતરણ


વિકાસશીલ દેશોમાં જીવનની પરિસ્થિતિ વધારે ને વધારે વણસતી જાય છે અને ગરીબ લોકોની સંખ્યા પણ વધી રહી છે, એવી વાતો વારંવાર સાંભળવા મળે છે. પરંતુ હકીકત એનાથી ઊંધી જ વાત દર્શાવી રહી છે. ૧૯૯૭ના સંયુકત રાષ્ટ્રના એક અહેવાલમાં જણાવ્યા મુજબ ''બહુ ઓછી વ્યક્તિઓને એનો ખ્યાલ છે કે ગરીબી નિવારણની દિશામાં અત્યાર સુધીમાં કેટલી મોટી હરણફાળ ભરાઈ ચૂકી છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ત્યાર પહેલાંનાં ૫૦૦ વર્ષોમાં નહોતી થઈ એટલી ગરીબી ઓછી કરી શકાઈ છે. આ ઘટાડો લગભગ બધા દેશોમાં જોવા મળે છે''. સંયુકત રાષ્ટ્ર એ વાત પર પણ ભાર મૂકે છે કે આ વિકાસ સર્વસામાન્ય છે અને માત્ર એક કે બે જ દેશો કે વિસ્તારો પૂરતો જ સીમિત નથી.

૨૦મી સદીમાં ગરીબી નિવારણની દિશામાં જે ઝડપી પ્રગતિ જોવા મળી એની શરૂઆત યુરોપ અને ઉત્તર અમેરિકામાં ૧૯મી સદીમાં થઈ ચૂકી હતી, જેને આપણે ગરીબી નિવારણની દિશાનું પહેલું આરોહણ કહી શકીએ. આ આરોહણ ઔદ્યોગિક ક્રાન્તિની સાથે સાથે શરૂ થયું અને એના પરિણામે લોકોની આવક વધવા માંડી, જાહેર આરોગ્યમાં સુધારા થવા લાગ્યા, શિક્ષણનું પ્રમાણ વધ્યું અને છેલ્લે સામાજિક સુરક્ષાના મોટા કાર્યક્રમો પણ હાથ ધરી શકાયા.

વિકાસશીલ દેશોમાં ગરીબી નિવારણની દિશામાં આગળ વધવાનું બીજું આરોહણ ૧૯૫૦ના દાયકામાં શરૂ થયું. સામ્રાજ્યવાદના અંત પછી નવા સ્વતંત્ર થયેલ દેશોમાં શિક્ષણ અને આરોગ્યમાં સુધારા નોંધાયા અને આર્થિક વિકાસની ગતિ તેજ બની, જેના પરિણામે ગરીબી રેખાની નીચે જીવતા લોકોની સંખ્યામાં ઘટાડો થયો. ૨૦મી સદીના અંત સુધીમાં ત્રણથી ચાર અબજ જેટલા લોકોના જીવનસ્તરમાં ધરખમ સુધારા થયા અને ચારથી પાંચ અબજ જેટલા લોકોને પાયાની શિક્ષણ અને આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થઈ.

આમ છતાં, સંયુક્ત રાષ્ટ્ર અને વિશ્વબેન્ક બન્ને જણાવે છે કે આ દિશામાં હજી ઘણું વધારે કરવાનું બાકી છે. ૧૯૮૭માં હજુયે ૧.૧૮ અબજ જેટલા લોકો રોજના ૧ ડોલર (૧૯૮૫ના) ની વિશ્વબેંકની ગરીબી રેખા કરતાં ઓછી આવક ધરાવતા હતા. ૯૦ના દાયકાની શરૂઆતમાં એ આંકડો વધીને ૧.૩ અબજનો થયો અને ત્યાર પછી દાયકાના અંત સુધીમાં ફરી ઘટીને ૧.૨ અબજનો થયો. પરંતુ એની સાથે સાથે જ લોકોની કુલ સંખ્યામાં વધારો થયો હોવાથી ત્રીજા વિશ્વના દેશોમાં ગરીબ લોકોની ટકાવારીનું પ્રમાણ ૧૯૮૭ માં જે ૨૮.૩ ટકાનું હતું તે ૧૯૯૮માં ઘટીને ૨૪ ટકાનું થયું. આ આંકડા **આકૃતિ-૧૫**માં દર્શાવ્યા છે અને સાથે સાથે ૧૯૫૦ થી ૧૯૮૭ સુધીના અંદાજિત આંકડા પણ દર્શાવ્યા છે. અહીં એ સ્પષ્ટ છે કે કુલ ગરીબ લોકોની સંખ્યા ૧.૨ અબજની આસપાસ સ્થિર રહી છે, પરંતુ એમની ટકાવારીનું પ્રમાણ ૧૯૫૦થી અત્યાર સુધીમાં લગભગ અડધું થઈ ગયું છે.

અલબત્ત, અહીં સવાલ એ જ છે કે આર્થિક વિકાસ હાંસલ કરવા શું કરવું પડે અને એ વિકાસની સમૃદ્ધિની વહેંચણી પર શું અસરો પડે. સામાન્ય રીતે અનેક સંશોધનોએ એ દર્શાવ્યું છે કે લાંબા ગાળાના વિકાસ માટે ભૌતિક અને માનવીય સંસાધનોમાં મોટા પાયે મૂડી રોકાણ કરવું જરૂરી છે. તે ઉપરાંત અર્થતંત્ર ખુલ્લું હોય એ પણ જરૂરી છે જેથી આંતરરાષ્ટ્રીય વ્યાપાર, પુંજીનિવેશ અને આર્થિક સ્વતંત્રતાને પ્રોત્સાહન મળે અને ટેકનોલૉજી અને વહીવટ પ્રણાલિઓની આપ-લે થઈ શકે. અંતમાં, આર્થિક અને રાજકીય સ્થિરતા પણ એટલી જ જરૂરી છે.




**આકૃતિ ૧૫** જુદી જુદી વ્યાખ્યાઓ મુજબ ગરીબ લોકોની ટકાવારી, ૧૯૫૦-૯૮. સ્રોત World Bank 1999, 2001, Barry *et al.* 1983, 1991, Grigg 1985.

ઘણી વાર એમ જોવા મળે છે કે આર્થિક વિકાસના પરિણામે શરૂઆતમાં અસમાનતા વધે છે ત્યાર પછી તે સ્થિર બને છે અને પછી દેશ જેમ જેમ વધારે સમૃદ્ધ બનવા માંડે તેમ તેમ અસમાનતા ઘટતી જાય છે. આ તરાહ કુઝનેટ કર્વ તરીકે જાણીતી છે. કુઝનેટ કર્વના દર્શાવ્યા મુજબ વિકાસના પરિણામે શરૂઆતનાં વર્ષોમાં અસમાનતા વધે છે. પરંતુ તાજેતરનાં નવાં સંશોધનો એમ સૂચવે છે કે હયાત અસમાનતા પણ ઘણી વાર વિકાસ અને વૃદ્ધિ પર નકારાત્મક પ્રભાવ પાડે છે. એનો એક દાખલો જોઈએ તો દક્ષિણ કોરીયા અને ફિલીપાઈન્સ બન્ને દેશો ૧૯૬૫માં માથાદીઠ ઘરેલુ ઉત્પાદન, વસતી, શહેરીકરણ, શિક્ષણ વગેરે બાબતોમાં એકસરખા હતા. પરંતુ ફિલીપીન્સમાં લોકોની આવક વચ્ચેની અસમાનતાનું પ્રમાણ ઘણું વધારે હતું. ત્યાર પછીના દાયકાઓમાં દ. કોરીયામાં વાર્ષિક ૬ ટકાના દરે આર્થિક વૃદ્ધિ થતી જોવા મળી, જ્યારે ફિલીપીન્સમાં એ વૃદ્ધિદર માત્ર ૨ ટકા જ જોવા મળ્યો. સંયુક્ત રાષ્ટ્ર પણ આ સંશોધનોને ટેકો આપી રહ્યું છે અને કહે છે કે એ જ દેશો સૌથી વધારે વિકાસ સાધી શકયા છે જેમણે માત્ર વૃદ્ધિ જ નહીં પરંતુ જીવનની ગુણવત્તા ઉપર પણ ભાર મૂકયો છે અને પોતાના નાગરિકો માટે ન્યાય, આરોગ્ય, શિક્ષણ અને રોજગારીની તકો સુનિશ્ચિત કરી છે.


## વધતી અસમાનતા?

સંયુક્ત રાષ્ટ્રના વિકાસ કાર્યક્રમ UNDPના જણાવ્યા અનુસાર વૈશ્વિક સ્તરે અસમાનતા વધી છે. સામાન્ય રીતે અસમાનતાની માપણી જીની કોએફીશ્યન્ટ (Gini Co-efficient) ની મદદથી કરવામાં આવે છે. જ્યારે આ કોએફીશ્યન્ટ શૂન્યની નજીક હોય ત્યારે લગભગ બધા લોકોની સ્થિતિ એકસરખી હોય. એનાથી વિપરીત જ્યારે કોઈફીશ્યન્ટ એકની નજીક હોય ત્યારે મોટાભાગની સંપત્તિ બહુ થોડી વ્યક્તિઓના હાથમાં હોય. આમ, જીની કોએફીશયન્ટની મદદથી આપણને એ જાણવા મળે કે સૌથી ગરીબ લોકોની તુલનામાં સૌથી સમૃદ્ધ લોકોના હાથમાં કેટલી સંપત્તિ રહેલી છે.

UNDPએ એક સરળ જીની કોઈફીશ્યન્ટ વિકસાવ્યો છે, જેમાં દુનિયાના ટોચ પરના સૌથી સમૃદ્ધ ૨૦ ટકા લોકો અને સૌથી તળિયેના ગરીબ ૨૦ ટકા લોકો વચ્ચેની સ્થિતિની સરખામણી કરવામાં આવી છે. માથાદીઠ ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં ૧૯૬૦ના દાયકામાં આ રેશિયો ૩૦ : ૧નો હતો. એનો મતલબ એ થયો કે ટોચ પરના સમૃદ્ધ ૨૦ ટકા લોકો તળિયાના ગરીબ ૨૦ ટકા લોકો કરતાં ૩૦ ગણી વધારે આવક ધરાવતા હતા. ૧૯૯૧ સુધીમાં આ રેશિયો વધીને ૬૧ : ૧ નો થયો અને ૧૯૯૪માં એ એનાથી વધીને ૭૮ : ૧ નો થયો. UNDPના આ આંકડાઓનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે અને વૈશ્વિક સ્તરે સમૃદ્ધ અને ગરીબ લોકો વચ્ચેની વધતી ખાઈના પુરાવા તરીકે તે રજૂ કરાઈ રહ્યા છે.

પરંતુ આ આંકડાઓમાં એક ગંભીર ક્ષતિ રહેલી છે. જુદા જુદા દેશો વચ્ચેના ઘરેલુ ઉત્પાદનની સરખામણી કરવા માટે તેને ડોલરમાં ફેરવતી વખતે UNDPએ Purchasing Power Parity Index (PPP index) નો ઉપયોગ કરવાને બદલે આંતરરાષ્ટ્રીય એક્સ્ચેન્જ દરોનો ઉપયોગ કરેલો. હવે ઘણા લાંબા સમયથી અર્થશાસ્ત્રીઓ એ જાણે છે કે જુદા જુદા દેશોના લોકોની આવક કે ખરીદશક્તિની સરખામણી કરવા માટે સરકારી એક્ષ્ચેંજ દરોનો ઉપયોગ કરવામાં આવે તો તેમાં અસમાનતા વાસ્તવમાં હોય એના કરતાં ઘણી વધારે જોવા મળે છે અને સાચી પરિસ્થિતિનો ખ્યાલ નથી આવતો. ઉદાહરણ તરીકે ભારતની વાત કરીએ તો એક્ષ્ચેંજ દરે હાલ ભારતના લગભગ ૪૫ રૂપિયાની કિંમત એક ડોલર જેટલી હતી. એનો અર્થ એ થયો કે ૪૫ રૂપિયામાં આપણે અમેરિકામાં ૧ ડોલરની કિંમત જેટલી વસ્તુઓ/સેવાઓ ખરીદી શકીએ. પરંતુ એમાં આપણને એ જાણવા નહીં મળે કે આ ૪૫ રૂપિયામાં આપણે ત્યારે ભારતમાં જેટલી વસ્તુઓ/સેવાઓ ખરીદી શકીએ, એટલી જ વસ્તુઓ/સેવાઓ ખરીદવા માટે અમેરિકનોએ અમેરિકામાં કેટલા ડોલર ખર્ચવા પડે. એ તો સ્પષ્ટ છે કે સાચી સરખામણી માટે તો આપણે ભારતમાં કેટલી વસ્તુઓ ખરીદી શકીએ છીએ એ જ જાણવું જરૂરી છે અને નહીં કે અમેરિકામાં.

આ જ કારણસર સંયુક્ત રાષ્ટ્રએ એક સંશોધન કાર્યક્રમ હાથ ધરીને PPP indexની રચના કરી છે, જેમાં લોકો સ્થાનિક કક્ષાએ એમનાં નાણાંની મદદથી ડોલરની તુલનામાં કેટલી ખરીદી કરી શકે છે એ માપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. PPP index અને અધિકૃત એક્સ્ચેન્જ દર વચ્ચેનો તફાવત ઘણો મોટો હોય છે. ભારતની વાત કરીએ તો એક્ષ્ચેંજ દરે ૨૦૦૨માં જ્યારે ૧ ડોલરની કિંમત ૪૮.૬ રૂપિયાની હતી ત્યારે PPP index મુજબ તો એની કિંમત માત્ર ૮.૮ રૂપિયા જ હતી. એટલે કે ૨૦૦૨માં ૮.૮૦ રૂપિયામાં આપણે અહીં ભારતમાં એટલી વસ્તુઓ





**આકૃતિ ૧૬** દુનિયાના સૌથી ધનવાન અને સૌથી ગરીબ ૨૦ ટકા અને ૩૦ ટકા લોકો વચ્ચેનો સંબંધ માથાદીઠ GDP (PPP$ માં), ૧૯૬૦-૯૭. સ્રોત Summers and Heston 1991, 1995, World Bank 1999.

ખરીદી શકતા જે અમેરિકનો અમેરિકામાં ૧ ડોલરમાં ખરીદી શકતા. લોમ્બોર્ગે એક્ષ્ચેંજ દર અને PPP index વચ્ચે આટલો મોટો તફાવત કેમ આવે છે તેની વિસ્તૃત ચર્ચા કરી છે, જેની વિગતોમાં અહીં નહીં જઈ શકાય.

સામાન્ય રીતે મોટાભાગની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને અર્થશાસ્ત્રીઓ હવે એકસ્ચેન્જ દરોને બદલે PPP indexના આધારે જ સરખામણી કરે છે અને તેને જ વધારે યોગ્ય માને છે. UNDP પોતે પણ એના બીજા તમામ કાર્યક્રમોમાં મોટાભાગે PPP index આધારિત સરખામણીઓ જ કરે છે. આમ, જ્યારે અસમાનતાની સરખામણી કરતી વખતે જ એ PPP indexને બદલે એકસ્ચેન્જ દર આધારિત સરખામણી કરે છે ત્યારે નવાઈ લાગ્યા વિના નથી રહેતી!

હવે જો PPP indexના આધારે વાસ્તવિક અસમાનતાની સરખામણી કરવામાં આવે તો આપણને **આકૃતિ-૧૬** મળે છે. એ દર્શાવે છે કે ટોચના ૨૦ ટકા કે ૩૦ ટકા સમૃદ્ધ લોકો અને તળિયાના ૨૦ ટકા કે ૩૦ ટકા ગરીબ લોકો વચ્ચેની અસમાનતા બમણી નથી થઈ કે વધી પણ નથી, પરંતુ એમાં પહેલાં કરતાં થોડો ઘટાડો થયો છે. આમ, આપણે જોઈ શકીએ છીએ કે વિકાસ કોઈ ખાસ વિસ્તાર પૂરતો જ મર્યાદિત નથી રહ્યો.


આનાથી વધારે લાંબા ગાળાની તરાહ આપણને આકૃતિ-૧૭માં જોવા મળે છે. જેમાં ૧૮૨૦થી શરૂ કરીને ૨૧૦૦ સુધીમાં ગરીબ અને તવંગર વચ્ચેની અસમાનતાનો વિકાસ કઈ રીતે થઈ રહ્યો છે અને થવાની વકી છે, તેનું આકલન કરવામાં આવ્યું છે. ૧૮૨૦ થી ૧૯૬૦ના દાયકા દરમ્યાન ગરીબ અને વિકસિત રાષ્ટ્રો વચ્ચે અસમાનતાનું પ્રમાણ ૨ થી વધીને ૭ જેટલું થઈ ગયેલું. આ વધારાનું મુખ્ય કારણ છે,





**આકૃતિ ૧૭** વિકસિત અને વિકાસશીલ દેશો વચ્ચેની માથાદીઠ આવકનો Ratio, 1820-2100, PPP $ માં. ૧૮૨૦-૧૯૯૨ માટે OECD ના વાસ્તવિક આંકડા, ૧૯૯૦-૨૧૦૦ સુધી UN Climate Panel ની ૬ મુખ્ય સંભાવનાઓ મુજબની આગાહી. સ્રોત Maddison 1995, IPCC 2000.

વિકસિત દેશોમાં ઔદ્યોગિક ક્રાન્તિને કારણે લોકોની આવકમાં થયેલ ધરખમ વધારો. પરંતુ વિકાસશીલ રાષ્ટ્રોમાં હજુ એની શરૂઆત થઈ રહી હતી. પરિણામે બે વચ્ચેની અસમાનતામાં ધરખમ વધારો થયો. ૧૯૫૦ના દાયકા પછી વિકાસશીલ રાષ્ટ્રોમાં પણ આર્થિક વૃદ્ધિની શરૂઆત થઈ અને ૧૯૭૦થી ૧૯૯૨ દરમિયાન માથાદીઠ વૃદ્ધિનો દર વિકસિત રાષ્ટ્રોના દરને આંબી ગયો. પરિણામે અસમાનતા જે ૭ પર હતી તે ઘટીને ૬ પર પહોંચી ગઈ. આમ, વૈશ્વિક સ્તરે આપણે એ તરાહ જોઈ રહ્યા છીએ, જેમાં અસમાનતાનું પ્રમાણ ઓછું થતું જાય છે.

ભવિષ્યમાં અસમાનતાની સ્થિતિ શું હશે એની ચોક્કસ આગાહી કરવી તો અલબત્ત, મુશ્કેલ છે. પરંતુ સંયુક્ત રાષ્ટ્રની આબોહવા પેનલે જે જુદી જુદી સંભાવનાઓની રૂપરેખા રજૂ કરી છે તેના પરથી થોડોક ખ્યાલ આવે છે. **આકૃતિ-૧૭**માં દર્શાવ્યું છે તેમ તેણે જે જુદી જુદી છ રૂપરેખાઓ આપી છે તે છ એ છમાં વૈશ્વિક સ્તરે અસમાનતામાં ધરખમ ઘટાડો થતો જોવા મળે છે. આ સંભાવનાઓમાં સૌથી નિરાશાજનક સંભાવનામાં પણ અસમાનતાનું પ્રમાણ ૧૯૯૦માં જે ૬નું હતું તે ૨૧૦૦માં ૩નું થઈ જશે એમ અંદાજવામાં આવ્યું છે. જ્યારે સૌથી આશાસ્પદ સંભાવનામાં તો તે ઘટીને ૧.૪નું થઈ જશે એમ માનવામાં આવ્યું છે. આમ, એમ માનવાને પણ પૂરતાં કારણ છે કે અસમાનતામાં ઘટાડાની આ તરાહ આ સદીના બાકીનાં વર્ષોમાં પણ ચાલુ રહેશે. આ ઉપરાંત શિક્ષણ, બીમારી, જીવન જરૂરિયાતની સગવડો, મુક્ત સમય,




**આકૃતિ ૧૮** ૨૦મી સદી માટેના ભારતના કલ્યાણ માપદંડો : માથાદીઠ GDP રૂપિયામાં (2000ની સાલના), રેડીયો, ટેલીફોનની સંખ્યા દર હજાર નિવાસી પર. સ્રોત World Bank 2000, IMF 2000, UNESCO 2000.




**આકૃતિ ૧૯** ૨૦મી સદી માટેના ભારતના કલ્યાણ માપદંડો : પ્રથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટે દાખલ થતા વિદ્યાર્થીઓની ટકાવારી (Gross Enrollment Ratio) અને જન્મના વર્ષ પ્રમાણે સાક્ષરોની ટકાવારી. સ્રોત UNESCO 1990, 2000.


અકસ્માતો અને સુરક્ષા વગેરે તમામ ક્ષેત્રોમાં પણ પરિસ્થિતિ ઘણી સુધરી છે. તેની વિગતો પણ લોમ્બોર્ગે આપી છે. આ સુધારા પણ માત્ર વિકસિત દેશો પૂરતા જ મર્યાદિત નથી રહ્યા, પરંતુ વિકાશીલ દેશોમાં પણ થયા છે. (જુઓ **આકૃતિ-૧૮ અને ૧૯માં** દર્શાવેલ ભારતના કલ્યાણ માપદંડોની તરાહ). પરંતુ તેની વિગતોમાં અહીં નહીં જઈએ.

ટૂંકમાં, માનવ વિકાસને લગતા તમામ માપદંડો એક જ વાત કહી રહ્યા છે - છેલ્લાં સો વર્ષમાં પરિસ્થિતિમાં ધરખમ સુધારા થયા છે. પરંતુ લોમ્બોર્ગ અહી શું કહી રહ્યો છે એના પર બરાબર ધ્યાન આપવા જેવું છે. એ એમ કહે છે કે પરિસ્થિતિ સુધરી છે, પણ એમ નથી કહેતો કે તે બધી રીતે સારી થઈ ગઈ છે અને હવે કશું કરવાની જરૂર નથી. સહારાની નીચેના આફ્રિકી દેશોની દારુણ સ્થિતિનો પડકાર તો છે જ. એ સિવાય અન્ય વિકાસશીલ દેશોમાં પણ હજીયે કેટલાયે લોકો ગરીબી અને ભૂખમરો વેઠી રહ્યા છે, નિવારી શકાય એવી અનેક બીમારીઓથી પીડાય છે, પૂરતું શિક્ષણ મેળવી શકતા નથી અને પીવાનું ચોખ્ખું પાણી પણ મેળવી શકતા નથી. સ્પષ્ટ છે કે આ તમામ પ્રશ્ને હજી ઘણુંયે કરવાનું બાકી છે. પરિસ્થિતિ બધે પૂરેપૂરી સારી નથી જ થઈ ગઈ, પરંતુ તે પહેલાં કરતાં ઘણી સુધરી છે અને એ સુધારો દુનિયાના બધા ભાગોમાં જોવા મળે છે.

આ અભૂતપૂર્વ વિકાસની વાત તો હવે ભાગ્યે જ કોઈ નકારે છે. પરંતુ એની સાથે જ એક નવો પ્રશ્ન ઊભો કરવામાં આવે છે. શું એમ ન બની શકે કે આ પ્રગતિ આપણે ભાવિને ગીરવે મૂકીને સાધી હોય? બીજા શબ્દોમાં કહીએ તો એ કદાચ સાચું હશે કે પરિસ્થિતિ સુધારવામાં આપણે સફળ રહ્યા છીએ, પરંતુ હકીકતમાં કદાચ આપણે વધારે પડતા સફળ રહ્યા છીએ અને એ રીતે આપણા ભાવિને જ જોખમમાં મૂકી દીધું છે. વર્લ્ડ વોચ ઈન્સ્ટીટ્યુટે કંઈક આવી જ વાત કરી છે : ''વીસમી સદી માણસજાત માટે અસાધારણ રીતે સફળ સિદ્ધ થઈ છે, કદાચ વધારે પડતી સફળ. આપણી વસતી એક અબજથી વધીને ૬ અબજની થઈ ગઈ છે અને અર્થતંત્રનું કદ પણ ૧૯૦૦માં હતું એના કરતાં ૨૦ ગણું થઈ ગયું છે. આમ કરીને આપણે જેમાંથી પેદા થયા છીએ એ કુદરતી વ્યવસ્થાઓને અત્યંત તાણમાં મૂકી દીધી છે અને એક ભયાનક ભ્રમણા જ ઊભી કરી છે કે પર્યાવરણની તંદુરસ્તીની હવે આપણને જરૂર નથી''.

બીજા શબ્દોમાં કહીએ તો એ કદાચ સાચું હશે કે આપણે સફળ રહ્યા છીએ, પરંતુ આપણી આ સફળતા લાંબો સમય ચાલી શકે એમ નથી. એને ટકાવી રાખતા કુદરતી પાયા વહેલા-મોડા તૂટી પડવાના છે. તો વળી રોજ રોજ એ પણ સાંભળવા મળે છે કે ''જે રીતે સતત વૃદ્ધિ પામતા કેન્સરના કોષ છેવટે એમના યજમાન શરીરને ખતમ કરી દઈને તેમને પોષણ આપતી વ્યવસ્થાનો જ નાશ કરે છે, તે જ રીતે સતત વૃદ્ધિ પામતું વૈશ્વિક અર્થતંત્ર પણ ધીરે ધીરે તેને ટકાવી રાખતી અને પોષણ આપતી ઈકોસિસ્ટમને જ ખતમ કરી રહ્યું છે''.

વિકાસના ટકાઉપણા (Sustainability) નો આ સવાલ છે. આ અંગે લોમ્બોર્ગ શું કહે છે, તેની ચર્ચા આવતા અંકમાં કરીશું.



સર કાર્લ પોપર (૧૯૦૨-૧૯૯૪) તસ્વીર - Lotte Meitner-Graf

# બુદ્ધિવિવેક અને ખુલ્લો સમાજ
## - એક સંવાદ

*- કાર્લ પોપર*

[સર કાર્લ પોપર (૧૯૦૨-૧૯૯૪)ના ક્રાંતિકારી વિચારોની જાણકારી ગુજરાતમાં ઘણી આછી પાતળી છે. વીસમી સદીના વિજ્ઞાનના સૌથી મહાન ફિલસૂફ તરીકેની તેમની નામના છે. એક વિવેચકે કહ્યું છે તેમ 'આઈન્સ્ટાઈનની જેમ જ પોપરના વિચારો પણ દુનિયાને જોવા સમજવાની એક નવી જ દૃષ્ટી પૂરી પાડે છે'. મનુષ્યને પ્રાપ્ત જ્ઞાનનું, ખાસ કરીને વૈજ્ઞાનિક જ્ઞાનનું, સ્વરૂપ શું?, તે વૃદ્ધિ કઈ રીતે પામે છે?, જીવોની ઉત્ક્રાંતિની પ્રક્રિયા સાથે એ પ્રક્રિયા કઈ રીતે જોડાયેલી છે? વગેરે કોયડાઓના ઉકેલ એમની જીવનભરની ખોજના કેન્દ્રસ્થાને રહ્યા. સાથે સાથે એના રાજનૈતિક, સામાજિક અને નૈતિક સૂચિતાર્થો સ્પષ્ટ કરવામાં પણ એમણે ખાસ્સી જહેમત ઉઠાવેલી.

સમાજના પ્રશ્નોનો ઉકેલ કરવામાં હિંસાના ઉપયોગને અનિવાર્ય સંજોગો સિવાય પોપર નકારે છે અને લોકતંત્રને રક્તવિહીન સત્તાપરિવર્તન માટેનો અવકાશ આપતી એકમાત્ર વ્યવસ્થા તરીકે બિરદાવે છે. આખરી સત્યની જાણકારીનો દાવો કરતી સમાજની સદીઓ જૂની સમસ્યાઓનો કાયમી ઉકેલ શોધી આપવાનો વાયદો કરતી અને તે સિદ્ધ કરવા હિંસાના પ્રયોગને પણ પ્રબોધતી માર્કસવાદી વિચારધારા સહિતની આવી દરેક વિચારધારાનો તેમણે સોંસરવા ઊતરી જતા તર્ક દ્વારા વિરોધ કર્યો છે. અને મુક્ત ખુલ્લા સમાજ (Open Society)નું અજોડ સમર્થન કર્યું છે. છેક ૧૯૪૫માં લખાયેલી તેમની 'Open Society and its Enemies'માં આ ઊંડા તર્કની માંડણી તેમણે કરેલી છે.

૧૯૭૨ના મે મહિનાના 'Encounter' માં પ્રસિદ્ધ થયેલી આ મુલાકાત આજે પણ દરેક મુક્ત અને ખુલ્લા સમાજ માટે એટલી જ પ્રસ્તુત છે અને તેમની રાજનૈતિક વિચારયાત્રાની એક ઝલક આપી જાય છે. - સં.]

*— તમે મુખ્યત્વે ફિલસૂફીના માણસ છો, પરંતુ તમારી 'રાજનૈતિક' વિચારયાત્રા વિશે કંઈક કહેશો?*

**પોપર :** ૧૯૧૫ના અરસામાં, તેર વર્ષની ઉંમરે મેં માર્કસવાદ અપનાવ્યો અને ૧૯૧૯માં, મારી સત્તરમી વર્ષગાંઠ પહેલાં, હું માર્કસવાદનો વિરોધી બની ગયેલો. ત્રીસ વર્ષની ઉંમર સુધી હું સમાજવાદી રહ્યો. જો કે સમાજવાદ અને સ્વાતંત્ર્ય એકબીજા સાથે સુસંગત છે કે નહીં, એ વિશે શંકાઓ પેદા થવા માંડેલી.

જે ઘટનાએ મને માર્કસવાદથી દૂર કર્યો એ ઘણી મહત્ત્વની હતી. એ મારા વતન વિયેનામાં બનેલી. સમાજવાદી અને સામ્યવાદી શ્રમિકો અને યુવાનોની એક શાંત નિશસ્ત્ર રેલી પર પોલીસે અચાનક ગોળીબાર શરૂ કરી દીધો અને ઘણા યુવાનો માર્યા ગયેલા. આ ઘટનાથી હું ખૂબ જ હાલી ગયો - પોલીસ પર તો ગુસ્સો આવ્યો જ, પરંતુ સાથે સાથે મારા પોતા પર પણ ગુસ્સે થયો, કારણ કે મને લાગ્યું કે એક માર્કસવાદી તરીકે હું પોતે પણ એ દુર્ઘટના માટે થોડાક અંશે જવાબદાર હતો; સૈદ્ધાંતિક રીતે તો ખરો જ. માર્કસવાદની થિયરી વર્ગ-સંઘર્ષને વધારે ને વધારે ઉગ્ર અને તેજ બનાવવાની હાકલ કરે છે. એ દૃઢતાપૂર્વક દાવો કરે છે કે વર્ગ-વિગ્રહને ઉગ્ર બનાવીને જ આપણે સમાજવાદની દિશામાં તેજ આગેકૂચ કરી શકીશું અને કહે છે કે ક્રાંતિની આ પ્રક્રિયામાં થોડી વ્યક્તિઓનો કદાચ ભોગ લેવાય, પરંતુ ક્રાંતિની આખી પ્રક્રિયામાં જેટલી વ્યક્તિઓનો ભોગ લેવાશે એના કરતાં તો કેટલીયે વધારે વ્યક્તિઓનો ભોગ મૂડીવાદી સમાજ વ્યવસ્થા દરરોજ લઈ રહી છે.

આ માર્કસવાદી વિશ્લેષણ હતું. હવે મેં મારી જાતને સવાલ પૂછ્યો કે શું આવી કોઈપણ ગણતરીનો આપણે બુદ્ધિગમ્ય (રેશનલ) બચાવ કરી શકીએ ખરા? આમ, મેં માર્કસને આલોચનાત્મક દૃષ્ટિએ વાંચવો શરૂ કર્યો. અને મને સમજાયું કે સમાજવાદના 'અનિવાર્ય આગમન' અને

'પ્રવર્તમાન સમાજ વ્યવસ્થામાં વ્યાપ્ત દુષ્ટતા' અંગેની માર્કસવાદી માન્યતાઓનો પાયો સાવ છીછરો હતો.

જે ખરેખર અસ્તિત્વ ધરાવે છે તે તો નક્કર વ્યક્તિઓ અને તેમની ખુશીઓ અને તેમના ગમ છે. એ અર્થમાં હું ત્યારે પણ વ્યક્તિવાદી હતો અને આજે પણ છું. એનો અર્થ એ થયો કે હું માનું છું કે વ્યક્તિઓ વચ્ચે ન્યાય પ્રવર્તે તે અત્યંત જરૂરી છે. જ્યારે 'માનવજાત' કે 'વર્ગ' જેવી બાબતો એબ્સ્ટ્રેક્ટ વિભાવનાઓ છે, જે કોઈ સૈદ્ધાંતિક સંદર્ભમાં કદાચ અગત્યની હોઈ શકે, પરંતુ ઘણી વાર અત્યંત ઘાતક પુરવાર થઈ શકે છે. એ માર્કસવાદીઓને આપણે શું કહીશું? - જેઓ આ એબ્સ્ટ્રેક્ટ 'માનવજાત' માટે કેટલીક નક્કર વ્યક્તિઓનો ભોગ લેવા તૈયાર થાય છે અને માને છે કે માણસોએ જેટલું વધારે સહન કરવું પડે તેટલું સારું કારણ કે એનાથી સરવાળે તો "અનિવાર્ય સામાજિક ક્રાંતિ" માટે અને એટલે 'માનવજાત' માટે સારું જ થશે. અલબત્ત, સમાજમાં જુદા જુદા હિતો વચ્ચે સંઘર્ષ જોવા મળે જ છે. પરંતુ એ સંઘર્ષોને તેજ કરવાથી કે ઉગ્ર બનાવવાથી વધારે સારો સમાજ અસ્તિત્વમાં આવશે કે પછી ખરાબ (જેમકે ફાસીવાદ), એ અત્યંત શંકાસ્પદ છે.

માર્કસવાદ તરફના આ આલોચનાત્મક અભિગમે શરૂઆતમાં મારી સમાજવાદી માન્યતાના પાયા સહેજ પણ હલાવ્યા નહોતા. મારે મન સમાજવાદ એક નૈતિક સિધ્ધાંત હતો - જેનું મૂલ્ય ન્યાયના વિચારથી સ્હેજ પણ વધારે કે ઓછું નહોતું. જે સમાજમાં દારુણ ગરીબી અને અત્યંત ધનાઢ્યતા બન્ને એક સાથે અસ્તિત્વ ધરાવતાં હોય, એ સ્થિતિ જ મારે મન અન્યાયી અને અસહ્ય હતી. જો કે પછી ધીરે ધીરે મને સમજાતું ગયું કે સંસ્થાકીય સમાજવાદ તો નાગરિકોની તુલનામાં રાજ્ય અને નોકરશાહીને અત્યંત તોતીંગ અને તાકતવર બનાવી દે છે. આ સમજણે મને મારા યુવાનીના દિવસોની સમાજવાદી માન્યતાઓ છોડવાને પ્રેર્યો. ત્યાર પછી મેં સમાજવાદ અને સ્વાતંત્ર્ય બન્ને એક સાથે સુસંગત રહી શકે એ માન્યતા ક્યારેય સ્વીકારી નથી. આ ઉપરાંત, હું એ પણ માનતો થયો છું કે દરેક સરળ ફોર્મ્યુલા ગેરમાર્ગે દોરતી હોય છે. જો સમાજવાદનો મતલબ 'ઉત્પાદનનાં સાધનોનું સામાજિકીકરણ કે રાષ્ટ્રીયકરણ' એવો થતો હોય, તો એ તો સ્પષ્ટ છે કે એ કાંઈ બધાં સામાજિક દૂષણોનો ઉપાય નથી જ, પરંતુ ઊલટાનું, અને આ અત્યંત અગત્યની બાબત છે, એનાથી તો વ્યક્તિ સ્વાતંત્ર્ય સામે બહુ મોટું જોખમ પેદા થાય છે.

*— છતાં, એક જુદા પ્રકારના રાજકારણે તમારી જિંદગીને એક નવો મોડ આપ્યો.*

**પોપર :** ૨૮ વર્ષની ઉંમરે હું વીયેનાની એક માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે જોડાયો. વચગાળામાં મેં લખેલું ઘણું, પણ ખાસ કશું પ્રસિદ્ધ નહોતું કર્યું. મિત્રોના પ્રોત્સાહનથી પછી મેં મારી માતૃભાષા જર્મનમાં બે પુસ્તકો લખ્યાં. એમાંનું બીજું *Logic der Forschung* (*Logic of Scientific Discovery*) ૧૯૩૪માં પ્રકાશિત થયું. એણે મને મારી ઈચ્છાથી સાવ વિરુદ્ધ, એકેડેમિક જગતમાં લાવીને મૂકી દીધો. ત્યારે ઓસ્ટ્રીયામાં ફાસીવાદી તાનાશાહીનું રાજ હતું. અને મને ખ્યાલ આવ્યો કે હિટલર નજીકના ભવિષ્યમાં જ એના પર હુમલો કરીને એને જર્મનીનો ભાગ બનાવી દેશે. હું પોતે યહુદી વંશનો હોવાથી મેં બીજે સ્થળાંતર કરી જવાનું નક્કી કર્યું. મારા પુસ્તકને લીધે મને ઈંગ્લેન્ડમાં વ્યાખ્યાનો આપવાનું આમંત્રણ મળ્યું અને પછી ૧૯૩૬ની નાતાલની પૂર્વસંધ્યાએ મને ન્યુઝીલેંડમાં પ્રાધ્યાપક તરીકેની નિમણૂક મળી. ત્યાં ગયા પછી માર્ચ ૧૯૩૮માં હિટલરે ઓસ્ટ્રિયા પર હુમલો કર્યાના સમાચાર સાંભળ્યા અને મેં ફાસીવાદ અને માર્કસવાદ પરનાં મારાં બે આલોચનાત્મક પુસ્તકો '*Open Society and its Enemies*' અને '*Poverty of Historicism*' પ્રસિદ્ધ કરવાનું નક્કી કર્યું. ત્યાર પછી ૧૯૪૫ની વસંતમાં મને ઈંગ્લેન્ડમાં એક જગ્યાની ઓફર મળી અને મેં ન્યુઝીલેન્ડ છોડ્યું. ૧૯૪૬ થી ૧૯૬૯ સુધી લંડન યુનિવર્સિટીમાં શીખવવાનું કામ કર્યું અને વચ્ચે વચ્ચે અમેરિકા અને ટૂંક સમય માટે ઓસ્ટ્રિયા, જાપાન અને ઓસ્ટ્રેલિયામાં પણ મુલાકાતી પ્રાધ્યાપક તરીકે રહ્યો. ત્રણ વર્ષ પહેલાં હું નિવૃત્ત થયો, જો એમ કહી શકાય તો, પરંતુ હમણાં તો હવે હું પહેલાં કરતાં તો ઘણું વધારે કામ કરું છું.

*— આ પ્રવાસો દરમ્યાન સમાજ તરફની તમારી દૃષ્ટિ ક્યારે અને કેવી રીતે બદલાતી ગઈ?*

**પોપર :** મેં ઈંગ્લેન્ડની મુલાકાત પહેલવહેલી ૧૯૩૫-૩૬માં લીધેલી. ઓસ્ટ્રિયા આમ તો નરમ તાનાશાહી હેઠળનો દેશ હતો, પરંતુ તેના રાષ્ટ્રીય સમાજવાદી પડોશીઓથી ઘણો આતંકિત હતો. ત્યાંથી ઈંગ્લેન્ડ આવ્યો ત્યારે મને લાગ્યું કે હવે હું મુક્ત શ્વાસ લઈ શકું છું, જાણે કે બધાં બારીબારણાં ખૂલી ગયાં છે! આ અનુભવમાંથી જ મને ખુલ્લો સમાજ (Open Society) શબ્દપ્રયોગ સૂઝેલો. (જોકે પાછળથી મને ખબર પડેલી કે ત્યાર પહેલાં બર્ગસૉંએ સાવ જુદા જ સંદર્ભમાં એ શબ્દ વાપર્યો હતો.)

ખુલ્લા કે મુક્ત સમાજની લાક્ષણિક્તાઓ હું કઈ બાબતોમાં જોઉં છું? હું બે બાબતો જણાવીશ. એક તો એ કે એ સમાજમાં મુક્ત ચર્ચા, અને ખાસ કરીને સરકારી નિર્ણયો વિશે મુક્ત અને ખુલ્લી ચર્ચા કરવી શક્ય હોવી જોઈએ અને એ ચર્ચાની રાજનીતિ પર અસર થવી જોઈએ. બીજી

લાક્ષણિકતા એ કે એમાં સ્વતંત્રતાના રક્ષણ માટે તેમજ ગરીબો અને નબળાઓના રક્ષણ માટેની સંસ્થાઓ અને પરંપરાઓ હોવી જોઈએ.

બીજો મુદ્દો પહેલાં તપાસીએ. રાજ્ય તેની કાનૂની અને સામાજિક સંસ્થાઓ દ્વારા નાગરિકોને શારીરિક હિંસા સામે રક્ષણ આપે છે. તે જ પ્રમાણે આર્થિક તાકાતના દુરુપયોગ સામે પણ રક્ષણ આપી શકે. હકીકતમાં આમ થઇ પણ રહ્યું છે અને એમાં હજી સુધારાને અવકાશ છે. આપણે ચોક્કસ એવી સામાજિક સંસ્થાઓ ઊભી કરવી જોઈએ, જે આર્થિક રીતે નબળી વ્યક્તિઓને આર્થિક રીતે તાકાતવર લોકોની નિષ્ઠુરતા સામે રક્ષણ આપી શકે. આમ, રાજકીય સત્તા આર્થિક સત્તાને નિયંત્રણમાં રાખી શકે છે. માર્કસવાદીઓ રાજકારણની આ ક્ષમતાને ઘણી ઓછી આંકે છે, ખાસ કરીને એ વ્યવસ્થાની જેને તેઓ 'ઔપચારિક સ્વતંત્રતા' કહીને તુચ્છકારી કાઢે છે.

આ કારણસર હું સામાજિક સુધારામાં રાજકીય સંસ્થાઓની કેન્દ્રીય ભૂમિકા પર ભાર મૂકું છું. *કોણ* રાજ કરે છે એ પ્રશ્ન એટલો અગત્યનો નથી, જેટલો એ કે સરકારોને કઈ રીતે નિયંત્રણમાં રાખી શકાય અને પ્રભાવિત કરી શકાય. પ્લેટોથી લઈને માર્કસ સુધીની રાજકીય થિયરીઓએ "કોણે રાજ કરવું જોઈએ?" એ પ્રશ્નને જ કેન્દ્રીય સ્થાન આપ્યું છે. હું માનું છું કે આ પ્રશ્ન ખોટી રીતે મુકાયો છે. આ વાત મને ફરીથી મારા પહેલા મુદ્દા પર લઈ આવે છે - જાહેર ચર્ચાની અગત્યતા. અમેરિકા પ્રમાણમાં મુક્ત અને ખુલ્લી સામાજિક વ્યવસ્થા ધરાવનાર દેશોમાં કદાચ સૌથી અગત્યનો દેશ છે - બીજા બધા દેશો એના ભાવિ પર આધારિત છે. અમેરિકાના અશ્વેત ગુલામોની મુકિત અને ઉત્તર અને દક્ષિણ ભાગો વચ્ચે પાંચ વર્ષ સુધી ચાલેલા ગૃહ-યુદ્ધ (civil war) ને હજી માંડ એક સદીથી થોડો વધારે સમય પસાર થયો છે. એ એક ભયાનક રાષ્ટ્રીય કટોકટી હતી - એના અંતઃકરણની કટોકટી. આજે અમેરિકા ફરીથી અશ્વેતોના પ્રશ્ને તેમજ વિયેટનામ યુદ્ધના પ્રશ્ને અંતઃકરણની ભયાનક કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે.

આ બાબત સ્પષ્ટ રીતે દર્શાવે છે કે સમાજના ખુલ્લાપણા માટે સૌથી વધુ અગત્યની બાબત છે - વાણી સ્વાતંત્ર્ય અને અસરકારક વિરોધનું અસ્તિત્વ. અમેરિકાનાં અગ્રગણ્ય વર્તમાનપત્રો અને પ્રભાવશાળી ટેલિવીઝન ભાષ્યકારો સરકારી નીતિના તીવ્ર આલોચક છે. વિરોધ પક્ષ વિયેતનામમાંથી અમેરિકાના સૈન્યની વાપસી માગી રહ્યો છે, અને વિરોધપક્ષના કહેવાથી સરકારને પોતાના કાર્યક્રમ તરીકે સ્વીકારવાની ફરજ પડી છે. અહીં આપણને એક બેજોડ બાબત જોવા મળે છે, જે મુક્ત સમાજ સિવાય બીજા કોઈ પણ સમાજ માટે કલ્પનાતીત છે - વર્ષો સુધી ચાલેલા યુદ્ધ પછી, જાહેર ચર્ચાના દબાણમાં સરકારે સ્વીકારવું પડે કે યુદ્ધ એક દારુણ ભૂલ હતી અને એ જેટલું બને એટલું જલ્દી ખતમ કરવું જોઈએ.

અલબત્ત, હું અમેરિકાની લોકશાહીને આદર્શ તરીકે ચીતરવા નથી માગતો. અમેરિકામાં ગુના અને હિંસક બનાવોનું પ્રમાણ ઘણું ઊંચું જોવા મળે છે. વળી, પ્રેસિડેન્ટ કેનેડીની હત્યા પછી દેશ ખૂબ ઝડપથી બદલાઈ રહ્યો છે. ત્યાર પહેલાં, આશાનો અને અમેરિકાની નૈતિક વરિષ્ઠતામાં વિશ્વાસનો માહોલ હતો. હવે દેશ આધ્યાત્મિક ગર્તામાં ડૂબી રહ્યો છે અને માર્ટિન લ્યુથર કિંગ અને રોબર્ટ કેનેડીની હત્યાથી અને વિયેતનામના યુદ્ધથી વધુ ને વધુ ડૂબતો ગયો છે. અમેરિકાના નાગરિકોને હવે એ વિશ્વાસ નથી રહ્યો કે એમના દેશની સરકારનું સ્વરૂપ શ્રેષ્ઠ છે. હિંસાના બનાવો અંશતઃ અમેરિકાની ફ્રંટિયર (સરહદી) પ્રણાલિઓનું પરિણામ હોઈ શકે. પરંતુ તે સરકારના સ્વરૂપ કે કહેવાતી આપખુદશાહી વ્યવસ્થાનું પરિણામ નથી. એ સાચું છે કે અમેરિકામાં જીવનશૈલી અને માન્યતાઓ (પ્રતીતિઓ) ખૂબ ઝડપથી બદલાય છે : મુક્ત સમાજ સ્થિર નથી હોતો, કારણ કે તેણે આલોચનાત્મક ચર્ચાનો સામનો કરવાનો હોય છે. તાનાશાહી વધુ સ્થિર હોય છે, અને યુટોપિયા પણ, જેને હંમેશ માટે સ્થાયી ગણવામાં આવે છે.

*— તમે એમ કહો છો કે રાજ્ય નાગરિકોને રાજકીય સંસ્થાઓની મદદથી આર્થિક હિંસા સામે રક્ષણ આપી શકે. એ ચોક્કસ એમ કરી શકે છે. પરંતુ માર્કસવાદીઓ દલીલ કરે છે કે આ સંસ્થાઓ શાસક વર્ગના જ કબજામાં હોય છે અને એટલે સાવ બિનઅસરકારક બની જાય છે.*

**પોપર :** હું માનું છું કે આ મોટી અતિશયોક્તિ છે. લોકશાહીમાં દરેક સંસ્થા જુદા જુદા સમયે જુદાં જુદાં જૂથો - કયારેક પરસ્પર વિરોધી - ચલાવે છે. આ તો દેખીતું છે. પણ લોકશાહી સંસ્થાઓ કાયમ માટે પૂંજીપતિઓ (બુર્ઝવાઓ)ના કબજામાં હોય છે, તે વાત વર્ગની તાનાશાહીની માર્કસવાદી દંતકથાનું જ એક સ્વરૂપ છે, જે માને છે કે દરેક રાજ્ય તાનાશાહી રાજ્ય જ હોય છે અને આ કહેવાતી "ઔપચારિક લોકશાહી" પણ વર્ગીય તાનાશાહીથી વિશેષ કશું નથી. હું ફરી કહીશ કે આ એક દિવાસ્વપ્ન જ છે.

*— પરંતુ શું ત્યારે વર્ગની તાનાશાહીની વાતના કેટલાક અંશો પુરવાર નથી થતા, જ્યારે પશ્ચિમ જર્મન રીપબ્લીકમાં નવી પેદા થતી સંપત્તિનો ૭૦ ટકા જેટલો હિસ્સો 'સ્વ-રોજગાર' લોકોના (પૂંજીપતિઓ) નાના જૂથને મળતો હોય*

*અને જ્યારે એનાથી સાત ગણા મોટા કામદાર વર્ગના વિશાળ જૂથને બાકી બચેલા ૩૦ ટકા જેટલો જ હિસ્સો મળતો હોય? જ્યારે કરવ્યવસ્થા સમાજના એક નાના જૂથની એકપક્ષી તરફદારી કરતી હોય? જ્યારે પૂંજીપતિઓ વ્યક્તિગત શ્રમ / પ્રયત્નો વગર સંપત્તિ એકઠી કર્યા કરતા હોય અને મોટાભાગના કામદારોને એમની પૂરી આવક ખર્ચી નાખવા મજબૂર બનાવવામાં આવતા હોય, જેથી તેઓ ક્યારેય પૂંજીના માલિક બની ના શકે?*

**પોપર :** અહીં તમે એકસાથે ઘણા સવાલો પૂછી રહ્યા છો. "વર્ગ" શબ્દના ઘણા ભ્રામક સંકેતાર્થો થઈ શકે છે. માર્ક્સવાદીઓ દાવો કરે છે કે બધી જ લોકશાહીઓ એક પ્રકારની પ્રચ્છન્ન વર્ગીય તાનાશાહી જ છે. પરંતુ આ ભ્રામક દાવાને સંપત્તિની અસમાન વહેંચણીના અસ્તિત્વ સાથે કોઈ લેવાદેવા નથી. દાખલા તરીકે, આપણે કોઈ એવા મુક્ત સમાજની કલ્પના કરી શકીએ જેમાં બધાને સમાન તકો મળતી હોય - બધાને સમાન શિક્ષણ મળે, અને મરણવેરા બધી સંપત્તિની સમાન વહેંચણી કરી દેતા હોય - પરંતુ તેમ છતાં એમાં નવી પેદા થતી સંપત્તિની વહેંચણીમાં મોટા તફાવતો જોવા મળી શકે. જો ગરીબી ના હોય તો આ સ્થિતિને ભાગ્યે જ દૂષણ ગણી શકાય : મોટી સંપત્તિનું લગભગ પૂરેપૂરું રોકાણ કરવામાં આવતું હોય છે, જે નવા આવિષ્કારોને શક્ય બનાવે છે. આ જ પ્રકારના સમાજમાં પણ અત્યંત ગરીબી અને ધનાઢયતા એક સાથે જોવા મળી શકે. અને એને મારે મોટા દૂષણ તરીકે ગણવું પડે. પરંતુ આમ છતાં માર્ક્સવાદી અર્થમાં ગરીબો અને તવંગરો કંઈ 'વર્ગ' નથી બનાવતા.

પરંતુ તમારો ઈશારો પશ્ચિમ જર્મન રિપબ્લીક તરફ હતો, જેની તમે નવી પેદા થયેલી સંપત્તિની અસમાન વહેંચણી માટે ભર્ત્સના કરો છો. એનાથી એના વર્ગચરિત્ર વિશે ભાગ્યે જ કશું પુરવાર થાય છે. અને વર્ગીય તાનાશાહી વિશે તો કશું જ પુરવાર નથી થતું. તમે એમ પણ કહો છો કે એની કરવ્યવસ્થા સમાજના નાના જૂથની જ એકપક્ષી તરફદારી કરે છે. જો એમ જ હોય, તો લોકશાહીમાં એનો ઉકેલ મળી શકે છે, જે બ્રિટન અને અમેરિકાની કરવ્યવસ્થામાં જોવા મળે છે. માર્ક્સ માનતો હતો કે વધતી આવક સાથે વધતા આવકવેરાની વ્યવસ્થા (પ્રોગ્રેસીવ ટેક્ષેશન) પૂંજીવાદ સાથે સુસંગત નથી. પરંતુ બ્રિટનમાં રાષ્ટ્રીય આવકનો બહુ મોટો હિસ્સો રાજ્ય કરવેરાના સ્વરૂપમાં ઉઘરાવી લે છે : આવકવેરો, કોર્પોરેટ વેરો અને આડકતરા વેરાઓ. (વધુમાં, ત્યાં રાષ્ટ્રીયકૃત ઉદ્યોગો પણ છે) પરંતુ આ કરવેરાઓનો બોજ એટલો તો વધી જઈ શકે છે કે એના પરિણામસ્વરૂપ આખા અર્થતંત્રને - સૌથી ઓછા પગારદાર સહિતનાને - ભોગવવું પડે છે.

અહીં 'લોકશાહી બધી પ્રચ્છન્ન તાનાશાહી જ છે'ના માર્ક્સવાદી સિદ્ધાંતની અતાર્કિકતા છતી થાય છે. અને તમે કહ્યું તેમ કદાચ વર્ગીય તાનાશાહીના અંશો વિશે બોલવું શક્ય હોઈ શકે. પરંતુ એટલી જ બળૂકી દલીલો સાથે કોઈ એમ પણ દાવો કરી શકે કે વિવિધ લોકશાહીઓ વધતા ઓછા અંશે વર્ગવિહીન સમાજને જ મળતી આવે છે.

*— શું તમે એમ નથી માનતા કે ઔપચારિક રાજકીય લોકશાહીનું માળખું આર્થિક ક્ષેત્રમાં પણ લોકશાહી અને સમાનતા પર ઊભેલું હોવું જોઈએ અને એમ થાય તો જ એ પૂરેપૂરું જીવંત બની શકે?*

**પોપર :** તમારા સવાલને મને થોડા વધારે પ્રાથમિક સ્વરૂપમાં મૂકવા દો. શું ધન-સંપત્તિ અને ગરીબીનું સહઅસ્તિત્વ ચલાવી ન લેવાય એવું સામાજિક દૂષણ છે? મારો જવાબ છે, હા. ગરીબી એ મોટું દૂષણ છે અને જ્યારે એ પ્રચુર ધન-સંપત્તિ સાથે સહઅસ્તિત્વ ધરાવે ત્યારે તો એ વધારે અન્યાયી બની જાય છે. ગરીબી અને ધન-સંપત્તિ વચ્ચેના તફાવત કરતાં વધારે અગત્યનો તફાવત જોકે સ્વાતંત્ર્ય અને એના અભાવ વચ્ચેનો છે. એ તફાવત છે નવી શાસકીય તાનાશાહી અને અણમાનીતા નાગરિકો વચ્ચેનો, જેમને કોન્સનટ્રેશન કેમ્પ્સ કે એવાં કોઈ બીજાં સ્થળોએ ધકેલી દેવામાં આવે છે. એટલે જ મુક્ત આલોચનાત્મક ચર્ચાની સંભાવના અને આવી ચર્ચાની રાજકારણ પરની અસરને હું લોકશાહીનો સર્વોત્તમ ગુણ ગણું છું. આ વાત મને બળપ્રયોગ કે હિંસામાં માનનારાઓના સીધા વિરોધમાં મૂકી દે છે, ખાસ કરીને ફાસીવાદીઓ અને નવા ડાબેરીઓના. એ જ રીતે, હું એ બધા ક્રાંતિકારી માર્ક્સવાદીઓ અને નવ-માર્ક્સવાદીઓનો વિરોધી છું, જેઓ દાવો કરે છે કે વસ્તુલક્ષી (Objective) ચર્ચા જેવી કોઈ ચીજ અસ્તિત્વ ધરાવતી નથી - કોઈપણ વ્યક્તિ સાથે ચર્ચામાં ઊતરતાં પહેલાં એમણે એ વાતની ખાતરી કરી લેવી પડે છે કે એ વ્યક્તિ સમાજ તરફ માર્ક્સવાદી વલણ ધરાવે છે, એટલે કે આજના કહેવાતા પૂંજીવાદી સમાજને ધરમૂળથી નકારી કાઢે છે. આ કારણસર કેન્દ્રીય પ્રશ્નોની ગંભીર ચર્ચાની બાદબાકી થઈ જાય છે.

આ ક્રાંતિકારી માર્ક્સવાદીઓ અને બૌદ્ધિકતાના વિરોધી ફાસીવાદીઓ એક બાબત વિશે એકબીજા સાથે સંમત છે કે તમારા વિરોધી સાથે દલીલમાં ઊતરી ના શકાય અને ઊતરવું જોઈએ પણ નહીં. આ બન્ને જૂથો તેમની પોતાની ભૂમિકાની બધી આલોચનાત્મક ચર્ચા નકારી કાઢે છે.

પરંતુ આ નકારનો મતલબ શું થાય એ સમજી લેવા જેવું છે. એનો મતલબ એ જ થાય કે એક વાર તેઓ સત્તામાં આવી જાય, પછી બધા

જ વિરોધને કચડી નાંખશે. આમ, તેમની આ વાતમાં મુક્ત સમાજ અને સ્વતંત્રતાનો નકાર અને દમનની ફિલસૂફીનો અંગીકાર અભિપ્રેત છે.

આવા ખ્યાલોની અસર નીચે, માર્કસવાદીઓ અને નવ-માર્કસવાદીઓ લોકતંત્રની ઉપલબ્ધિઓ પ્રત્યે અંધ થઈ ગયા છે. આ લોકતંત્ર જ એમને કોઈપણ જાતની સતામણી વગર એમના વિચારોને ફેલાવવા દે છે. એમની થિયરી એમને શીખવાડે છે કે રાજકીય સ્વતંત્રતાઓ નિરર્થક છે કારણ કે તે તો દુષ્ટ તાનાશાહીને માત્ર આવરણ પૂરું પાડે છે. પરંતુ આ વાત સાવ અવાસ્તવિક છે, જે પશ્ચિમના મુક્ત સમાજોમાં માર્કસવાદી વિચારસરણીનું હાલમાં જે પુનરુત્થાન થઈ રહ્યું છે એ હકીકતમાં જોઈ શકાય છે. લોકશાહીઓ હંમેશાં વિચારો માટે ખુલ્લી હોય છે, ખાસ કરીને વિરોધ પ્રકટ કરતા વિચારો માટે. પ્રચ્છન્ન તાનાશાહી હોવાનું તો બાજુ પર રહ્યું, લોકશાહીઓ ઊલટી પોતા તરફ જ સંશય કરવાને તૈયાર હોય છે : તે જાણે છે કે ઘણી બાબતો એવી છે જે જેવી હોવી જોઈએ એવી નથી. આમ, માત્ર મુક્ત કે ખુલ્લા સમાજમાં જ નવા વિચારોને ટકી રહેવાનો અવકાશ મળે છે. લોકશાહીઓ તો માત્ર પ્રચ્છન્ન તાનાશાહીઓ જ છે, એમ માનનારા માર્કસવાદીઓ એ નથી જોઈ શકતા કે જમણેરી હોય કે ડાબેરી, બધી જ તાનાશાહીઓ મૂળભૂત રીતે એકબીજા સાથે સામ્ય ધરાવે છે અને લોકતંત્રથી અલગ પડે છે.

આ બધું ભૂલભરેલી ખોટી થિયરીઓમાંથી આવે છે, જે આપણને વિચારોની અગત્યની લડાઈઓ તરફ અને બૌદ્ધિક ચર્ચા તરફ અંધ બનાવે છે.

*— તમારો 'ખુલ્લો સમાજ' વિવિધ બળો અને સાર્વત્રિક સમાન તકોની પૂર્વધારણા પર આધારિત છે, જે અમુક અંશે પશ્ચિમી દેશોનાં લોકશાહી બંધારણોમાં જોવા મળે છે. પરંતુ આ બાબતો રાજકીય વાસ્તવિક્તાનો ભાગ બની ગઈ હોય એ જરૂરી નથી. શું તમે માનો છો કે આ 'ખુલ્લો સમાજ' અસ્તિત્વમાં આવી ગયો છે? કે એ હજી આવવાનો બાકી છે?*

**પોપર :** હું માનું છું કે એ વાસ્તવિકતા પણ છે અને આદર્શ પણ છે. એ સાચું છે કે ખુલ્લાપણાની માત્રા જુદી જદી હોય છે. એક લોકતાંત્રિક સમાજ બીજા (લોકતાંત્રિક સમાજ) કરતાં વધારે પુખ્ત, વિકસિત અને ખુલ્લો હોઈ શકે. એ કેટલો સારો કે ખરાબ હશે તે ઘણાં પરિબળો ઉપર આધારિત હશે : એનો પૂર્વ ઇતિહાસ, એની પરંપરાઓ, એની રાજકીય સંસ્થાઓ, એની શૈક્ષણિક પ્રણાલિઓ, અને છેવટે એના માનવીઓ. તેઓ જ આ સંસ્થાઓને જીવંત બનાવી શકે. હું સૂચવીશ કે લોકશાહી અને તાનાશાહી વચ્ચે ખાસ્સો તીક્ષ્ણ ભેદ કરવો જોઈએ. જે સમાજમાં લોકોને હિંસાનો આશરો લીધા વગર સરકાર ઊથલાવવાને સક્ષમ બનાવતી સંસ્થાઓ અસ્તિત્વ ધરાવતી હોય તે સમાજના લોકો લોકશાહીમાં જીવતા ગણાય. લોકશાહીનું આ જ લક્ષણ છે. જો કે લોકશાહીમાં પણ એકદમ ખુલ્લા અને વૈવિધ્યપૂર્ણ સમાજ તરફનો રસ્તો લાંબો હોઈ શકે. એ એક ક્રમિક પ્રક્રિયા છે અને એમાં પીછેહટની શક્યતા પણ હંમેશા રહેલી જ હોય છે.

*— તો શું તમે વિવેકબુદ્ધિની પાયાની તાકાતમાં માનો છો?*

**પોપર :** અલબત્ત હું એમ તો નથી માનતો કે વિવેકબુદ્ધિનો અભિગમ અપનાવવો સહેલો છે, કે પછી બધા મનુષ્યો સાતત્યપૂર્ણ રીતે બુદ્ધિનિષ્ઠ (રેશનલ) હોય છે. તેઓ ભાગ્યે જ એવા હોય છે. તે જ પ્રમાણે હું બુદ્ધિના 'બળ' કે બુદ્ધિની 'તાકાત' માં પણ નથી માનતો. ઊલટાનું, હું તો એમ માનું છું કે આપણે પસંદગી જ વિવેકબુદ્ધિ અને 'બળ' કે 'તાકાત' વચ્ચે કરવાની છે. હું એમ પણ માનું છું કે હિંસાનો એક માત્ર વિકલ્પ વિવેકબુદ્ધિ છે અને જ્યાં ટાળી શકાય એમ હોય ત્યાં બળ કે હિંસાના ઉપયોગને હું ગુનાઈત કૃત્ય ગણું છું.

પરંતુ આજકાલ માર્કસવાદીઓ વિવેકબુદ્ધિમાં માનતા નથી, કારણ કે તેઓ માને છે કે બધી જ દલીલો આખરે તો સામાજિક હિતોને જ સંતાડે છે અથવા 'રેશનલાઈઝ' કરે છે. એ સાચું છે કે રાજકારણમાં હિતો, અને ખાસ કરીને આર્થિક હિતો, ઘણી મોટી ભૂમિકા ભજવતાં હોય છે. જો કે એ પણ એટલું જ સાચું છે કે ન્યાયી કે સમાન રહેવાની ઇચ્છા જેવી બાબતો પણ ભાગ ભજવે છે.

એક અત્યંત ચતુર કલ્પનાશીલ થિયરી પર આધારિત હોવાને કારણે માર્કસવાદી આચરણ ફાસીવાદ જેટલું બૌદ્ધિક્તા-વિરોધી નથી, પરંતુ સરવાળે તો એવું જ પુરવાર થાય છે.

હિંસા આપણને વધારે ને વધારે હિંસાના વતૃળમાં ખેંચી જાય છે. હિંસક ક્રાંતિ તેના જ ક્રાંતિકારીઓને ભરખી જાય છે અને તેમના આદર્શોને કલુષિત કરી મૂકે છે. જે લોકો ટકી રહેવામાં માહિર હોય (એટલે કે અત્યંત ક્રૂર હોય) તેઓ જ એમાં બચી શકે છે.

ટીકા કરવાની કે વિરોધ કરવાની સ્વતંત્રતાનો નિશ્ચિતપણે નાશ - એ જ ડાબેરી ક્રાંતિનું પરિણામ હોઈ શકે. (આવનારી તાનાશાહી જમણેરી હશે કે ડાબેરી, પ્રતિક્રાંતિકારી હશે કે ક્રાંતિકારી તે ઘણું કરીને સંજોગો પર આધારિત હોય છે અને તેમની વચ્ચેનો ભેદ પણ ઘણી વાર માત્ર

નામનો જ હોય છે.) હું દાવો કરું છું કે માત્ર લોકશાહીમાં જ આપણને સામાજિક દૂષણોના ઉકેલ માટે કામ કરવાનો મોકો મળે છે. જો આપણે હિંસક ક્રાંતિ દ્વારા લોકતંત્રને જ તોડી નાખીશું, તો ક્રાંતિએ લીધેલા ભોગની ભારે જાનહાનિની જવાબદારી તો આપણે વહેવી પડશે જ, પણ સાથે સાથે આપણે એવી સમાજવ્યવસ્થા ઊભી કરીશું જેમાં સામાજિક દૂષણો, અન્યાય અને દમનને દૂર કરવાની મથામણો કરવી પણ અશક્ય બની જશે. હું વ્યક્તિગત સ્વતંત્રતામાં વિશ્વાસ ધરાવું છું, અને એ રીતે નોકરશાહી સત્તાનો અને સરકારી અધિકારીઓના ઘમંડનો એટલો જ વિરોધી છું. પરંતુ સરકાર એ આવશ્યક દૂષણ છે. સરકારની પૂરેપૂરી ગેરહાજરી અસંભવ છે, અને બીજી ખેદપૂર્ણ વાત એ છે કે જેટલા લોકો વધારે, એટલી જ સરકાર પણ વધારે. આપણા સમયમાં હિંસાના કારણે બહુ સહેલાઈથી આખી માનવજાત નાશ પામી શકે એમ છે. એટલે જ આજનો તકાજો છે કે આપણે સૌ વધુ શાણા સમાજ માટે કાર્ય કરીએ, જેમાં આપણા પાયાના મતભેદો અને ઘર્ષણો વધારે ને વધારે રેશનલ રીતે સુલઝાવી શકાય.

અહીં એ ધ્યાનમાં રાખશો કે હું 'વધારે શાણા સમાજ' ની વાત કરું છું. હકીકતમાં સંપૂર્ણ રીતે શાણો સમાજ કોઈ હોઈ ના શકે. પરંતુ આજે છે તેના કરતાં થોડાક વધારે શાણા સમાજની આકાંક્ષા આપણે જરૂર રાખી શકીએ. આ યુટોપિયન નહીં, પણ વાસ્તવિક માંગ છે.

*— તમારા 'Logic of Scientific Discovery' (૧૯૫૯) અને 'Conjectures and Refutations' (૧૯૬૩) માં તમે એક વૈજ્ઞાનિક - સૈદ્ધાંતિક અભિગમ વિકસાવ્યો છે, જે આલોચનાત્મક બુદ્ધિનિષ્ઠા (Critical Rationalism) તરીકે ઓળખવામાં આવે છે. તમારા અભિગમને તમે Fallibilism ના નામે પણ ઓળખાવો છો. તમારા આ વિચારો વિશે થોડી વાત કરશો?*

**પોપર :** સોક્રેટીસે તેની અદ્‌ભુત 'એપોલોજી'માં ટકોર કરેલી કે : "હું જાણું છું કે હું કશું જાણતો નથી, અને તે પણ ભાગ્યે જ જાણું છું, છતાં ડેલ્ફી ઓરેકલ મને સૌથી ડાહ્યો માણસ કહે છે." થોડો વિચાર કર્યા પછી સોક્રેટીસને આ કોયડાનો ઉકેલ મળે છે : "હું મારી અજ્ઞાનતા વિશે જાગૃત છું. મારી મર્યાદા અંગેની મારી આ સભાનતા જ કદાચ મને બીજા કરતાં થોડો વધુ ડાહ્યો બનાવે છે, કારણ કે બીજાઓ તો એ પણ નથી જાણતા કે તેઓ કશું જ નથી જાણતા." સોક્રેટીસે એમ પણ કહેલું કે રાજકારણી કે રાજનેતા ડાહ્યા હોવા જોઈએ. એનો મતલબ એ જ હતો કે રાજકારણી તો પોતાની અજ્ઞાનતા વિશે ખાસ સભાન હોવા જોઈએ, કારણ કે એમના પર બહુ મોટી જવાબદારી રહેલી છે. આ જવાબદારી એમને પોતાની મર્યાદાઓની સમજણ અને એ રીતે બૌદ્ધિક વિનમ્રતા તરફ દોરી લઈ જવી જોઈએ.

હું સોક્રેટીસ સાથે સહમત છું, અને અહીં હું આધુનિક માર્ક્સવાદીઓ સાથેની મારી પાયાની તકરાર રજૂ કરી શકું છું. આધુનિક માર્ક્સવાદીઓ માને છે કે તેઓ તો ખૂબ બધું જાણે છે. આમ તેમનામાં બૌદ્ધિક વિનમ્રતાનો છાંટો પણ જોવા મળતો નથી. તેઓ તેમની ઓછી જાણકારી ભારેખમ શબ્દોની ભભક સાથે પ્રદર્શિત કરે છે.

માર્ક્સ કે એંગલ્સ સાથે મને આ તકરાર નથી. તેઓ તો દુર્જેય અને મૌલિક વિચારકો હતા, તેમના પોતાના વિચારો હતા, જેમાંના ઘણાની તો માંડણી પણ અઘરી હતી. જે માણસ પાસે કહેવાલાયક કશુંક નવું અને અગત્યનું હોય, તે બીજા પોતાની વાત સમજી શકે તેની ઊંડી ચિંતા ધરાવતા હોય છે. તેઓ બને એટલું સરળ અને સમજાય તેવું લખવા પર ખૂબ ભાર મૂકશે, જો કે કયારેક એમાં સફળ ના પણ થવાય. અઘરી ભાષા લખવી કે ભારેખમ શબ્દો વાપરવા એ તો સહેલામાં સહેલું કામ છે. સમકાલીન માર્ક્સવાદી બૌદ્ધિકો ભારેખમ શબ્દો તરફ જે ખેંચાણ ધરાવે છે અને અત્યંત આડંબરી શબ્દોમાં પાંડિત્યનું જે પ્રદર્શન કરે છે તે સામે મને સખત અણગમો છે. તેઓ સોક્રેટીસ કે કેન્તને અનુસરવાને બદલે હેગલને અનુસરી રહ્યાં છે. સોક્રેટીસની જેમ હું પણ માનું છું કે આપણે કશું જ કે લગભગ કશું જ જાણતા નથી. આપણી અજ્ઞાનતા વિશાળ છે. પરંતુ એમાં સ્પષ્ટત રીતે પૂરી વાત નથી આવી જતી : અલબત્ત, આપણે, પ્રકૃતિ વિજ્ઞાનોના અસ્તિત્વને અને તેમની પ્રભાવશાળી સફળતાઓને નજરઅંદાજ ન કરી શકીએ. તેમ છતાં આ વિજ્ઞાનોને ચકાસીએ, ત્યારે આપણે થોડું વધુ બારીકાઈથી જાણી શકીએ છીએ કે આ વિજ્ઞાનો સકારાત્મક કે ચોક્કસ જ્ઞાન નથી ધરાવતાં, પરંતુ એવી બેધડક પરિકલ્પનાઓ કે ધારણાઓથી બને છે, જે તીવ્ર આલોચનાથી કાં તો સતત સુધરતી રહે છે અથવા તો તૂટી પડે છે. આમ, સત્યની વધુ ને વધુ નજીક જઈ શકાય છે. આમ, આપણે ચોક્કસ કે સકારાત્મક જ્ઞાન નથી ધરાવતા પરંતુ અનુમાનયુક્ત કે અંદાજિત (*Conjectural*) જ્ઞાન ધરાવીએ છીએ.

સૌથી અગત્યની વાત વૈજ્ઞાનિક પ્રગતિની છે. આપણી પરિકલ્પનાઓની આલોચનાત્મક ચર્ચા કરતી વખતે આપણે હંમેશાં એમની અમુક ચોક્કસ દૃષ્ટિબિંદુએ મુલવણી કરીએ છીએ - એ જ પરિકલ્પના આપણે પસંદ કરીશું, જે સત્યની સૌથી વધારે નજીક લાગે અને જે એનું ખંડન કરવાના આપણા તમામ પ્રયત્નો સામે વધારે સારી રીતે ઝીંક ઝીલી શકે. આમ,

વિજ્ઞાનમાં આખરી મુકામ જેવું કોઈ સ્થાન નથી, જ્યાં પહોંચીને આપણે કહી શકીએ કે : ''હાશ, હવે આપણને સત્ય મળી ગયું છે.'' જે છે તે તો ફક્ત નિર્ભીક પરિકલ્પનાત્મક થિયરીઓ જ છે, જેની આલોચના કરવાની અને એના સ્થાને વધુ સારી થિયરીઓ શોધવાની આપણે કોશિશ કરીએ છીએ. વૈજ્ઞાનિક ક્રાંતિઓ જેટલી વધારે થાય, એટલું સારું જ છે - વિજ્ઞાનનો એ જ નિયમ છે. આમ, 'નિરંતર ક્રાંતિ'ની માર્કસવાદી હાકલને કમ સે કમ અહીં માન્યતા મળે છે.

*— એટલે કંઈ નહીં તો આ અર્થમાં તો તમે ક્રાંતિકારી ખરા?*

**પોપર :** મારા પર એ કારણસર અસંગતતાનો આક્ષેપ કરવામાં આવે છે કે વિજ્ઞાનની મારી ક્રાંતિકારી થિયરીને ધ્યાનમાં રાખીએ તો તાર્કિક રીતે તો રાજકીય ક્ષેત્રમાં પણ હું ક્રાંતિકારી હોવો જોઈતો હતો. પણ આ એક ગંભીર ગેરસમજ છે. સૈદ્ધાંતિક અને નૈતિક દાયરાની ક્રાંતિકારિતા - નવી ક્રાંતિકારી થિયરીઓ ઘડવી અને જૂની થિયરીઓને આલોચનાત્મક રીતે ફગાવી દેવી - એ બાબત છે જે આપણાં માટે રાજકીય ક્ષેત્રમાં હિંસક કાર્યોને ટાળવાનું શક્ય બનાવે છે. મારી આ વાતને વધારે સરળ રીતે સમજાવવા માટે પ્રાણી અને વનસ્પતિઓમાં થતા "ટકી રહેવાના સંઘર્ષ" અને આપણી પરિકલ્પનાઓ વચ્ચેના "ટકી રહેવાના સંઘર્ષ" ને સરખાવીશું.

પ્રાણીઓ અને વનસ્પતિઓમાં પરિવર્તનો કે જનીની રૂપાંતરણો (*mutations*) થતાં રહેતાં હોય છે, જેમાંથી એ જૂજ રૂપાંતરણો જે જીવનની પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવામાં મદદરૂપ થાય એ કુદરતી પસંદગીની પ્રક્રિયામાં ટકી રહેશે અને નાશ નહીં પામે. જે રૂપાંતરણો અનુકૂલન સાધવામાં મદદરૂપ નહીં થાય તે રૂપાંતરણો તેમને વહન કરતાં પ્રાણીઓ કે વનસ્પતિઓની સાથે નામશેષ થઈ જશે : તે કયાં તો ટકી નહીં શકે અથવા તો એટલી ઓછી સંખ્યામાં વંશવૃદ્ધિ કરી શકશે કે એમાંથી છેવટે પછી નાશ પામશે. પરિકલ્પનાને પણ આપણે જીન્સના રૂપાંતરણ સાથે સરખાવી શકીએ. નવાં રૂપાંતરણો પેદા કરવાને બદલે માણસો કયારેક નવી પરિકલ્પનાઓ કે થિયરીઓ પેદા કરે છે. જો તેઓ આ પરિકલ્પનાઓ તરફ આલોચનાત્મક અભિગમ નહીં ધરાવે તો ખોટી પરિકલ્પના કે માન્યતાઓની સાથે જ તેને ટેકો કરતા માણસો પણ નાશ પામે છે.

પરંતુ, બૌદ્ધિક આલોચનાત્મક ચર્ચાની મદદથી આપણે એ માન્યતાઓ ધરાવનાર કે રજૂ કરનાર વ્યક્તિઓને સહેજ પણ આંચ પહોંચાડ્યા વગર આવી અનેક ખોટી પરિકલ્પનાઓ કે માન્યતાઓનો નાશ કરી શકીએ છીએ. આલોચનાત્મક પદ્ધતિની આ અત્યંત મહત્ત્વની ઉપલબ્ધિ છે. એની મદદથી આપણે ખોટી પરિકલ્પનાઓ ધરાવનાર કે રજૂ કરનાર વ્યક્તિઓને નકાર્યા વગર જે તે પરિકલ્પનામાં રહેલા અસત્યને ઓળખી શકીએ છીએ અને એ રીતે એ પરિકલ્પનાને જ નકારી શકીએ છીએ.

આલોચનાત્મક ચર્ચા એક એવી પદ્ધતિ છે જેની મદદથી આપણે આપણા પોતાના બદલે આપણી ખોટી પરિકલ્પનાઓનો નાશ કરી શકીએ છીએ – જ્યારે પોતાની વાતને જ ઝનૂનપૂર્વક વળગી રહેવાની બિનઆલોચનાત્મક પદ્ધતિમાં તો આપણી ખોટી પરિકલ્પનાઓની સાથે આપણે પણ શહાદત વહોરવી પડે : જો એ ખોટી હોય તો એની સાથે આપણે પણ નામશેષ થઈ જઈએ. આમ, જીવનના ટકી રહેવાના સંઘર્ષમાં હિંસાનું સ્થાન આ તીવ્ર આલોચના, અને એના આધારે આપણી માન્યતાઓ કે પરિકલ્પનાઓના સુધારા અને ફેરતપાસની આ પદ્ધતિ લઈ શકે છે. એ જ રીતે, અનેકોનો ભોગ લેનાર હિંસક ક્રાંતિઓનું સ્થાન આપણા વિચારો, થિયરીઓ અને પરિકલ્પનાઓનાં ક્રાંતિકારી પરિવર્તનો લઈ શકે.

એક રસપ્રદ બાબત એ છે કે હાલમાં જર્મનીના મારા માર્કસવાદી વિરોધીઓએ મને પોઝીટીવીસ્ટનું બિરુદ આપ્યું છે. એ તો સ્પષ્ટ છે કે તેમને ખબર નથી કે તેઓ શું બોલી રહ્યા છે. પોઝીટીવીસ્ટ એ ફિલસૂફો છે જેઓ કલ્પનાશીલ થિયરીઓનો વિરોધ કરે છે : તેઓ જે જોઈ શકાય છે કે અનુભવી શકાય છે તેને જ બને ત્યાં સુધી વળગી રહેવાની કોશિશ કરે છે. જ્યારે હું તો શીખવું છું કે "કલ્પનાશીલ પરિકલ્પનાઓ રજૂ કરવામાં હિંમતપૂર્વક આગળ વધો, પરંતુ ત્યાર પછી એની ટીકા કરવામાં અને ફેરચકાસણી કરવામાં પણ નિષ્ઠુર બનો."

*— તમે વિજ્ઞાન અને વિચારના ક્ષેત્રમાં ક્રાંતિની હાકલ કરો છો, પરંતુ વ્યવહારમાં નહીં. તમે એમ પણ કહો છો કે વિજ્ઞાન પોતે પણ આપણને નિ:સંદેહ રીતે સાચું હોય એવું જ્ઞાન ક્યારેય આપી ન શકે, પરંતુ તે સમય સુધી નકારાઈ ના ગઈ હોય એવી પરિકલ્પનાઓ જ માત્ર આપી શકે. સામાજિક સમસ્યાઓના સંદર્ભમાં આ વાત કેવી લાગે છે?*

**પોપર :** ઘણી રીતે સમાન. સામાજિક ક્ષેત્રમાં પણ આપણે વિચારો અને થિયરીઓ ધરાવીએ છીએ. આપણે ક્રાંતિકારી સામાજિક વિચારોના ઊંડા ઋણી છીએ. સામાજિક બદીઓને દૂર કરવા માટે આપણે થિયરીઓ વિકસાવીએ છીએ, એનાં પરિણામોને આલોચનાત્મક રીતે ચકાસીએ છીએ અને ત્યાર બાદ એના આધારે આપણી થિયરીઓને મૂલવીએ છીએ.

*— પરંતુ આ સંદર્ભમાં 'સામાજિક બદીઓ'નો મતલબ શું થાય? સ્પષ્ટ છે કે આ પ્રકારની સામાજિક ખામીઓની મુલવણી મૂલ્યોના માળખાના સંદર્ભમાં જ કરી શકાય. અને આમાંથી કયાં મૂલ્યો સાચાં અને કયાં ખોટાં છે એ કઈ રીતે પુરવાર કરી શકાય?*

**પોપર :** નહીં પુરવાર કરી શકાય, જે રીતે પ્રાકૃતિક વિજ્ઞાનમાં પણ કશું પુરવાર નથી કરી શકાતું. પણ આપણે સમસ્યાઓની ચર્ચા કરી શકીએ, અને જુદા જુદા સામાજિક અભિગમો અને તેમની વાસ્તવિક અસરો સરખાવી શકીએ. અંતિમ વિશ્લેષણમાં કોઈપણ સામાજિક મૂલ્યને અપનાવવું કે નકારવું એ નિર્ણયની બાબત છે.

*— આમ, શું કોઈપણ વ્યક્તિ પોતાના સામાજિક કે રાજકીય પ્રથમ સિદ્ધાંતો (axioms) ની અંતિમ સાબિતી ન આપી શકે? તેમની તરફેણ કે વિરુદ્ધમાં વ્યક્તિગત નિર્ણય જ માત્ર લઈ શકે? તો પછી 'ખુલ્લા સમાજ'નો તમારો વિચાર પણ આ પ્રકારના પાયાના નિર્ણય પર, એટલે કે રેશનાલિટીની તરફેણના નિર્ણય પર ઊભો છે?*

**પોપર :** રેશનાલીટી કે બુદ્ધિનિષ્ઠા દલીલ, થિયરી અને અનુભૂતિમૂલક પરીક્ષણોનો આદર કરે છે. પરંતુ રેશનાલીઝમની તરફેણના આપણા નિર્ણયને આપણે કોઈ દલીલ કે અનુભવના આધારે justify નહીં કરી શકીએ. આ પ્રશ્ન પર ચર્ચા જરૂર થઈ શકે છે, પરંતુ છેવટે તો એના પર આપણે માનવીય નિર્ણય જ લેવો પડે - કોઈ એવો નિર્ણય, જે વિવેકબુદ્ધિ પરની આસ્થા અને મનુષ્યની જિંદગીની તરફદારી કરતો હોય. વિવેકબુદ્ધિની તરફેણમાં લેવાયેલ આ નિર્ણય માત્ર બૌદ્ધિક જ નહીં, પરંતુ નૈતિક પણ છે. તે સમાજજીવનના પ્રશ્નો અને અન્ય લોકો તરફના આપણા પૂરા વલણને પ્રભાવિત કરે છે. માણસની રેશનલ એકતા અને દરેક માણસને મૂલ્યવાન ગણતી આસ્થા પણ એની સાથે ઘનિષ્ઠતાથી સંકળાયેલી છે. રેશનાલીઝમ માનવીય અભિગમ સાથે વધારે જોડાયેલો છે, જ્યારે ઈરેશનાલીઝમ 'Chosen elite' ના સિદ્ધાંત સાથે જોડાયેલ છે. વ્યક્તિગત માણસો ઘણી બાબતોમાં એકબીજાથી જુદા હોય છે, પરંતુ એનાથી સૌની સાથે સમાન વર્તન અને સૌના સમાન અધિકારોની માગને સહેજ પણ આંચ આવતી નથી. 'કાયદા સમક્ષની સમાનતા'ની વાત એ હકીકત નથી, પરંતુ નૈતિક નિર્ણય પર ઊભેલી રાજકીય માગ છે. વરિષ્ઠતા અધિકારોને બદલે ફરજો ઊભી કરે છે. વિવેકબુદ્ધિની નિષ્ઠામાં - જેમાં બીજા માણસની વિવેકબુદ્ધિ સમાવિષ્ટ છે - બિનપક્ષપાતપણું અને સહિષ્ણુતા નીહિત્ છે અને એ સત્તાના બધા દાવાઓને નકારે છે.

*— સમાપનમાં, એક સિદ્ધાંતનો સવાલ : શું તમે ક્રાંતિને, એટલે કે જે સારું લાગે એને બળપૂર્વક થોપવાની વાતને, સાવ અવિચારણીય માનો છો?*

**પોપર :** આપણે લોકતંત્ર સામેની ક્રાંતિ અને વાસ્તવિક તાનાશાહી સામેની ક્રાંતિ વચ્ચે ભેદ કરવો જોઈએ. અલબત્ત, તાનાશાહી સામેની ક્રાંતિ વાજબી ક્રાંતિ છે, પરંતુ દુ:ખદ બાબત એ છે કે તાનાશાહી દૂર કરવામાં એ ભાગ્યે જ સફળ થાય છે. આ ઉપરાંત ક્રાંતિ શબ્દમાં અહિંસક અને હિંસક એમ બન્ને પ્રકારનાં આંદોલનોનો સમાવેશ થાય છે. માર્કસવાદ આ બાબતે સંદિગ્ધ છે, પરંતુ હિંસક આંદોલનોનાં ઐતિહાસિક પરિણામો ઘણું કરીને તાનાશાહીની સ્થાપનામાં જ આવ્યાં છે. ૧૭મી સદીની અંગ્રેજ ક્રાંતિમાં એમ જ થયેલું , જે ક્રોમવેલની તાનાશાહીમાં પરિણમી; ફ્રેંચ ક્રાંતિમાં પણ એમ જ થયું, જે રોબેસ્પીયર અને નેપોલિયન તરફ દોરી ગઈ; રશિયાની ક્રાંતિમાં પણ એ જ થયું, જે સ્ટાલિન તરફ દોરી ગઈ. હિંસક ક્રાંતિઓ તેમનાં ધ્યેય હાંસલ કરવામાં બહુ જૂજ કિસ્સાઓમાં સફળ થાય છે : અમેરિકાની ક્રાંતિ કદાચ એક મોટો અપવાદ છે, પરંતુ એના કેટલાક વિચારો પણ શંકાસ્પદ વરદાન સમાન જ રહ્યા છે. હું ફ્રેંચ ક્રાંતિને પ્રેરણા આપતા વિચારોનો આદર કરું છું અને એમના પરના આપણા ઋણ પ્રત્યે સજાગ છું. પરંતુ ક્રાંતિકારી વિચારો અને એના સમર્થકો મોટાભાગે ક્રાંતિની પ્રક્રિયામાં જ નાશ પામે છે. અહિંસક પરિવર્તનોનું સ્વરૂપ સાવ જુદું હોય છે. એ આપણી સામાજિક નીતિઓનાં અણઈચ્છિત અને અણગમતાં પરિણામો પર નજર રાખવા અને જ્યારે એ દેખા દે ત્યારે સમયસર એની અસરોને બદલવા માટે આપણને સક્ષમ બનાવે છે. આમ, એ એવું વાતાવરણ ઊભું કરે છે, જેમાં પ્રવર્તમાન સામાજિક સંસ્થાઓની જાહેર ટીકાને બળપૂર્વક કચડી નાખવી જરૂરી નથી બનતી. એ એક એવું સામાજિક માળખું પૂરું પાડે છે, જેમાં માનવીય સુધારાઓ માટે માણસને અવકાશ હોય છે.

(એન્કાઉન્ટર, વોલ્યુમ ૩૮, નં. ૫, મે ૧૯૭૨માંથી સાભાર)

*- અનુવાદ તૃપ્તિ પારેખ*

# ૨૦૦૨-પાછું વળીને જોઉં છું ત્યારે...

*- રાજેશ મિશ્રા*

[૨૦૦૨ના અનુગોધરામાં કવાંટ-પાનવડના આદિવાસી વિસ્તારોમાં મુસ્લિમોના ઘરબાર લૂંટી લેવાની, તોડી પાડવાની અને સળગાવી દેવાની જે ઘટનાઓ બનેલી તે રાજેશે પ્રત્યક્ષ નિહાળેલી અને એનાથી ખાસ્સો હાલી ગયેલો. ત્યાર પછી ૨ વર્ષે, આવી મોટી ઘટના કઈ રીતે બની ગઈ એને લગતા એના આ વિચારો એણે સુરતના સેન્ટર ફોર સોશીયલ સ્ટડીઝ દ્વારા માર્ચ ૨૦૦૪માં આયોજિત કોમી સંવાદિતાના પરિસંવાદમાં રજૂ કરેલા. - સં.]

કાળ ૨૦૦૨ ની ઘટનાઓ જેણે જોઈ, અનુભવી તેમને તે દિવસોમાં જીવનની અર્થહીનતા ઘેરી વળી હતી. મુસ્લિમોની મિલકતોની લૂંટ-સળગાવી દેવાની ઘટના મારે માટે મારા ગામ-વિસ્તાર પર બળાત્કાર સમાન હતી. ત્યાંની હવા, પાણી, ખોરાકનું મૂલ્ય મારે માટે જીવનને ટકાવી રાખવાથી વિશેષ ન હતું. તે દિવસોમાં મહિનાઓ સુધી કોઈ સંગીત નહોતું સાંભળ્યું અને જ્યારે વિનય-ચારુલની કેસેટ હાથ લાગી તો દિવસો સુધી તેને છોડી ન હતી. વાંચનમાં ગાંધીના દિલ્હી-નોઆખલીના દિવસો કે પછી કોમી સમસ્યાને લગતું કાંઈક જ વાંચવાનું મન થાય, તે સિવાય મગજ બીજી કોઈ વસ્તુ જ સ્વીકારે નહીં. અંદરથી હાલી ગયેલો. જે આદિવાસીઓ માટે જિંદગીનાં અગત્યનાં વર્ષો કાઢયાં, જે લોકો માટે - જે કામ માટે ગૌરવ લેતો હતો તે વેડફાઈ જતું લાગ્યું. જે આદિવાસીઓની પોતાના-જાતથી વિશેષ ચિંતા કરી તે મારાથી ઘણા દૂર થઈ જતા અનુભવ્યા અને તેવું લાંબા સમય સુધી રહ્યું. અસરગ્રસ્તો ગામ પર પાછા વળ્યા અને બચેલી, તૂટેલી જિંદગી ફરી સજાવવા લાગ્યા ત્યારે હું પણ તેમને અનુસર્યો. પાછા વળીને જોઉં છું ત્યારે . . .

કવાંટ-પાનવડ-તેજગઢ તથા તેની આજુબાજુનાં ગામોની ઘટનાઓ ગોધરાની દુર્ઘટના બાદ તરત નહોતી બની. એવું નહોતું કે આદિવાસી જનસમુદાયો જાતે જ spontaneously ઊભા થઈ ગયા અને બાળવા-લૂંટવા લાગ્યા. ઉપરથી મોટા પાયા પર નાણાં અને વાહનો આ વિસ્તારોમાં ઠલવાયાં. ગામના એકલદોકલ દારૂ પીતા હોય તેવા વ્યસનીઓને ભેગા કરવામાં આવ્યા, રાત્રે મીટીંગો-પાર્ટીઓ-દારૂ-માંસની મિજબાનીઓ ચાલતી રહી, ભાડું પણ ચૂકવવામાં આવ્યાનું સાંભળ્યું છે. આવી વ્યક્તિઓ ટેમ્પોમાં-જીપોમાં ગામેગામ ફરી અને સામાન્ય આદિવાસીઓને ઉશ્કેર્યા. તે બાદ લૂંટ અને પછી સળગાવી દેવાનો સિલસિલો ચાલ્યો. વ્યવસ્થિત રીતે તેનો અમલ થયો. શરૂઆતમાં ગામડાઓમાં રહેતા એકલ દોકલ મુસ્લિમોની દુકાનો, ઘર લૂંટાયાં અને સળગાવી દેવાયાં, નાના કસ્બાઓની ફરતે આવેલ એકલ દોકલ મુસ્લિમની ઝૂંપડીઓ સળગાવાઈ. આદિવાસીઓને પ્રત્યક્ષ પ્રમાણ પૂરું પાડવામાં આવ્યું કે કોઈ કશું પણ કરશે તો પોલીસ કંઈ કરવાની નથી. કેટલાંક ઝૂંપડાં તો પોલીસના દેખતાં જ સળગાવાયાં હતાં અને તે છતાં પોલીસે કાંઈ જ કર્યું નહીં, તે વાતે મોટું જોર પૂરું પાડ્યું. બીજી બાજુ આ ઘટનાઓ અને પોલીસની નિષ્ક્રિયતાને લીધે સામાન્ય મુસ્લિમ સમુદાયો પારેવાની માફક ફફડતા અંતે પોલીસ રક્ષણ હેઠળ હિજરત કરી ગયા. તે પૈકીના વોરા સમુદાયને છેક સુધી કહેવામાં આવેલ કે તમને કંઈ નહી થાય. તેમના પર અણધાર્યો હુમલો કરવામાં આવ્યો. છેક છેલ્લી ઘડીએ હાથેપગે, કેટલાક તો વગર સ્લીપર-ચંપલે પોલીસ સ્ટેશને પહોંચ્યા અને ત્યાંથી સ્થળાંતર કરી દેવાયા.

વિસ્તારની સમગ્ર ઘટનાઓ આદિવાસીઓએ સર્જી તેમ કહેવું તદ્દન ખોટું છે, જિલ્લા વહીવટી તંત્ર અને રાજકારણીઓએ ભેગા મળીને એ પાર પાડી. ગામ સ્તરે ઘટનાઓનું આયોજન અને વાતાવરણ કેવી રીતે ભયાવહ બનાવવું તે આદિવાસીઓએ નહોતું કર્યું, પણ તેમાં ઉજળિયાતો સામેલ હતા. જિલ્લા વહીવટીતંત્રે લશ્કરને એક ગામથી બીજે ગામ ફેરવ્યે રાખ્યું અને વિસ્તારને લશ્કરના હવાલે કરવામાં આવ્યો હોવાનો દેખાવ ઊભો કર્યો. કેટલીયે વાર સંદેશા આવ્યા કે એસ.આર.પી. - રેપીડ એકશન ફોર્સ ગામ પર આવવા નીકળી ગઈ છે, પણ પછી કોઈ મદદે આવે જ નહીં. એક અર્થમાં આદિવાસીઓને હાથા બનાવવામાં આવ્યા અને આદિવાસીઓની આમાં મોટાપાયા પરની ભાગીદારીનું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું. આ વિસ્તારોમાં પ્રથમ વાર કર્ફયુ લદાયો અને આજે પણ કેટલાય આદિવાસીઓ કર્ફયુ એટલે 'લૂંટવા જવું' તેવો અર્થ કરે છે. કેટલાય આદિવાસીઓ સરળ ભાવે કહેતા કે મુસ્લિમોને લૂંટવા-તેમની મિલકતો સળગાવવી તે સરકારી કાર્યક્રમ હતો. જે લોકોએ વાતાવરણ ઊભું કરેલું તે લોકોએ આદિવાસી સંસ્કૃતિના

આયામો પણ વાપરેલા. ગામોમાં કહેવામાં આવેલું કે જે ઘેરથી કોઈ નહીં સામેલ થાય તે ઘરને અળગું કરવામાં આવશે અને તે ઘરને સળગાવી દેવામાં આવશે. બેરોકટોક લૂંટવા અને સળગાવવાની આ જયાફતમાં સામેલ નહીં થવાનું એક પણ કારણ રહેવા દેવામાં આવેલું નહીં. આ વિસ્તારના છેલ્લાં સો-દોઢસો વરસના ઇતિહાસમાં છેક લૂંટફાટ થઈ તે દિવસ સુધી જે આદિવાસી દુકાનના ઓટલા પાસે પડેલ કાંદો લેતા પણ અચકાતો, તેવા આદિવાસીને અનીતિ માટે યોજનાબદ્ધ રીતે પ્રેરવામાં આવ્યો. અને તે છતાં, એકલા આદિવાસીઓએ લૂંટ ચલાવી તે વાત ખોટી છે. ગામના અન્ય 'ઉજળિયાતો' પણ પૂરેપૂરા સામેલ હતા. દિવસે આદિવાસીઓનાં ધાડાં લૂંટ કરતાં તે વખતે ઉજળિયાતો પણ જોડાતા અને રાત્રે તો ઉજળિયાતો જ તે કામ કરતા. રાત્રે રાત્રે ઘરો બાળવાના થયેલા આયોજન અને અમલમાં આદિવાસીઓ ન હતા.

લૂંટવાની જયાફતનો આ ઘટનાક્રમ અણધારેલા વળાંકે પહોંચ્યો. ૨-૩ દિવસ સુધી કવાંટના મુસ્લિમોની મિલકતોની લૂંટ ચાલી અને તે પછી ચોથા દિવસે કવાંટની ચારે કોર આદિવાસીઓનાં ધાડાં ઊતરી આવેલાં. જાણે કે સ્વયંભૂ મિશન બની ગયેલ કે હવે કવાંટને લૂંટો. આ સમયે ઉજળિયાતોને લાગ્યું કે હવે આ તો આપણો વારો. અને કવાંટના ચારે સીમાડાઓ પર ઉજળિયાતો સંરક્ષણ હારો બનાવી હાથમાં જે હથિયાર મળે તે લઈ ઊભા રહી ગયા. હું પોતે પણ લોખંડનો દંડો લઈ ઊભો હતો અને સામે મારો જ કોઈ આદિવાસી હતો. પોલીસે સક્રિયતા દેખાડવી પડી, ગોળીબાર કરવો પડ્યો, એક વ્યક્તિ ઘાયલ થઈ, પણ છેવટે ટોળાં વિખેરાયાં અને બધાનો જીવ હેઠે બેઠો. આ બનાવ સાબિત કરે છે કે મુસ્લિમોને લૂંટવા-તેમની મિલકતો સળગાવવી તે સરકારી કાર્યક્રમ હતો. જો પોલીસે શરૂઆતમાં એકલદોકલ ઝૂંપડાં બાળવામાં આવતા હતા તે સમયે કડક કામગીરી કરી હોત તો લૂંટફાટ - આગની ઘટનાઓ નિવારી શકાઈ હોત.

આ ઘટનાઓ બની ગયા બાદ 'જે થઈ ગયું, તે થઈ ગયું' તેમ લોકોને સમજાવવાની કોશિશો આરંભી. રાજ્યના અન્ય લોકો-સમૂહોમાં જોવા મળતો પશ્ચાત્તાપનો અભાવ અહીં પણ હતો. કંઈક ખોટું થઈ ગયું, તેવો ક્ષોભ દેખાતો ન હતો. એક વખત મુસ્લિમ વિરોધી સરકારી કાર્યક્રમમાં સામેલ થયા બાદ ઊંડે ઊંડે છુપાઈ રહેલો પૂર્વગ્રહ વધુ બળવત્તર બનેલો દેખાયો. મારા આદિવાસી યુવાન મિત્રોએ સલાહ આપી કે તમે અમારા આદિવાસીઓને સમજો, હાલ આવી રીતે સમજાવશો નહી, તમે જેટલું સમજાવશો તેટલી વધારે ઊંડી છાપ કોતરશો, એમ જ છોડી દો. . . થોડા સમય પછી ભુલાઈ જશે. આજનો યુવાન - આદિવાસી યુવાન પણ જાતજાતના પ્રશ્નો પૂછી રહ્યો છે. આદિવાસી સમુદાયોનું બીજું એક આગવું લક્ષણ છે કે તેઓનાં મન/મગજ અતિ કૂમળાં છે અને ઝડપથી કોઈની વાતોમાં આવી જાય છે. અમે સમજાવતા કે કોમી સંવાદિતાનો આપણો વારસો છે. પાવાગઢના કાલી મંદિરની ઉપર મુસ્લિમ દરગાહ છે અને કાલી માતાના દર્શને જનાર અચુક દરગાહનાં દર્શન કરે છે. તાબૂજ બાપજીને આપણે પગે લાગીએ છીએ કે માનતા માનીએ છીએ. સામે સવાલ આવે છે કે આપણે (હિન્દુઓ) જ આ કરીએ છીએ, મુસ્લિમ મસ્જિદોમાં આપણા દેવ-દેવીઓ શા માટે નહીં? ભારતમાં મુસ્લિમ રાષ્ટ્રપતિ થઈ શકે તો પાકિસ્તાનમાં કેમ હિન્દુ નહીં? આવા સવાલોને એક કોરાણે મૂકી દેવાની અને વાસ્તવિકતાના નકારની પદ્ધતિ વધારે આકરા સ્વરૂપે જ બહાર આવશે, જેને સમજીને જ આ પ્રશ્નના ઉપાયો ખોળવા પડશે.

આ બધું છતાં, આદિવાસી સમુદાયો માટે આશાનાં ઘણાં કિરણો છે. વિસ્તાર છોડી ગયેલા મુસ્લિમો કેમ્પોમાંથી પાછા વળ્યા અને ધંધા-જીવન ફરી ગોઠવવા માંડ્યા ત્યારે આદિવાસીઓ માટે તેમને પાછા સ્વીકારવાનું અઘરું નહોતું પડ્યું, જે ઉજળિયાતોને આજે પણ અઘરું થઈ ગયું છે. નાના નાના છૂટક વેપારીઓ જોડેની ખરીદી વગેરે પહેલાંની જેમ જ જોતજોતામાં ચાલુ થઈ ગયું. આ વાત આશાના કિરણ જેવી છે. આદિવાસી જનસમુદાયો તથા અન્ય દલિત (ગરીબ) સમુદાયો એક બીજી રીતે પણ અલગ પડી જાય છે. આ સમૂહો સાથે અનેક પ્રશ્નો, અનેક એજન્ડા પર કામ કરી શકાય તેમ છે. અન્ય મધ્યમ વર્ગોના લોકો સાથે કામ કરવા માગીએ તો પણ કયા મુદ્દાઓ પર કામ કરવું તે હાથવગું નથી અને કદાચ આ સ્વૈચ્છિક આંદોલનની મર્યાદા પણ રહી છે કે આપણે સૌ મધ્યમ વર્ગમાંથી બહાર આવ્યા પછી આ વર્ગથી દૂર થઈ ગયા છીએ. કટોકટીકાળ પછી ઉન્નત લોકશાહી, Rule of Lawના સુદૃઢીકરણ કે એવા કોઈ કાર્યક્રમો દ્વારા મધ્યમ વર્ગ સાથેનો નાતો જાળવી રાખી શકાયો હોત.

આવું અચાનક આટલા મોટા પાયા પર કેમ સર્જાઈ ગયું, આપણે કયાં માર ખાધો તે વાત તરફ વળું છું, તો કેટલીક વાતો સ્પષ્ટ થતી દેખાય છે. રોહિત પ્રજાપતિએ કહેલી વાત યાદ રાખવા જેવી છે કે આ બનાવો-ઘટનાઓ એવી છે કે બધું જ એકદમ તાર્કિક રીતે બંધબેસતું આવે તે શકય નથી, કોઈએ એવો ઉદેશ રાખવો ન જોઈએ અને કોઈએ તેવી કોશિશ કરવી ન જોઈએ. લૂંટ-આગના બનાવોને સમજાવવાની કોશિશ કરતાં તત્ત્વો અને કેટલાંક અખબારોએ મુસ્લિમો દ્વારા આદિવાસીઓના આર્થિક શોષણ/યૌનશોષણની વાતો વહેતી મૂકી હતી, પણ તે બેબુનિયાદ છે. આદિવાસીઓના આર્થિક શોષણની વાત હોય તો આદિવાસી વિસ્તારના તમામ વર્ગોએ તેમ કરેલ છે, એકલા મુસ્લિમોએ નહીં અને

યૌનશોષણના કિસ્સાઓ જો હોય તો, તે બનાવો તો આદિવાસીને એટલા ઉત્તેજિત કરી મૂકે કે તેઓ તેનો તાત્કાલિક ફેંસલો કરી નાખે. . . એક દિવસ એવો આવશે, જ્યારે બદલો લઈશું, તેમ માનીને કાંઈ આદિવાસી બેસી ન રહે. હવે જ્યારે સમગ્ર ઘટનાઓને તટસ્થ ભાવે જોઈ શકાય તેમ છે ત્યારે એક વાત અનુભવાઈ રહી છે કે અત્યાર સુધી ગામોમાં ફરતાં લોકોનાં ઘરોમાં જતાં એક બાબત નજરે દેખાતી હતી, પણ બુદ્ધિએ તેનું cognizance લીધું ન હતું. આદિવાસી ઘરોમાં દેવ-દેવીઓના ફોટા જોવા મળતા, પૂંઠાં-ખોખાઓ-છાપાં વ.માંથી ફોટાઓ ફાડી લઈ દીવાલો પર લટકતા જોતા હતા. ભગવાનની વાતો અનાયાસે નીકળી જાય ત્યારે એકદમ ધ્યાનથી સાંભળતાં આદિવાસીઓના ચહેરા આજે હવે મનોપટલ પર તાદશ થાય છે. આવાં નાનાં મોટાં અનેક નિરીક્ષણો જે તે વખતે તેનો મતલબ સ્પષ્ટ કરવામાંથી છટકી ગયેલાં તે એક વાત બહાર લાવે છે કે આદિવાસી જનસમુદાયોની ધર્મની એક પ્રચ્છન્ન ભૂખ હતી, જરૂરિયાત હતી અને છે. સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડાવાની, તેની નજીક આવવાની એક સક્રિય કોશિશ- તાલાવેલી જોવા મળે છે. પ્રભાવી હિન્દુ વિધિવિધાનો, તહેવારો, પરંપરાઓનું એક ગજબ આકર્ષણ જોવા મળે છે. એક મોટો શૂન્યાવકાશ હતો. આ શૂન્યાવકાશ અને આ જરૂરિયાતને કદાચ હિન્દુવાદી જૂથો એકદમ પારખી ગયાં અને તે કારણે ઠેર ઠેર ઊંડાણનાં ગામોમાં ઝડપથી પ્રસરી શકયાં. આથી જ કદાચ આ સમૂહોને એવા કોઈ મોટા પ્રયત્નો કે ભારે ભરખમ કોશિશ પણ નથી કરવી પડી. સામાન્ય ફેરીઓ, સ્ટીકરો કે ચોપાનિયાં- ફોટાઓથી એક વાતાવારણ-હવા ફેલાવી શકયા છે. જંગલની જમીનોના પ્રશ્ને કામ કરવાનું થયું, ત્યારે નર્મદા ડુબાણનાં ગામોની લગોલગ આવેલ અન્ય બિનડુબાણ જંગલ ગામોમાં મીટીંગો કરતા ત્યારે વારંવાર સંગઠનની વાત ભારપૂર્વક સમજાવવી પડતી, (આ વાત સમજાઈ હશે કે - નર્મદાના આદિવાસીઓનું સંગઠન કરીને સાત-આઠ વરસની લડત બાદ કુટુંબદીઠ પાંચ એકરની લડત જીત્યા છીએ અને તેથી સંગઠન કરવું જોઈએ કે નહીં તે પણ શંકાસ્પદ છે.) પરંતુ ધાર્મિક વાતો એક ગામમાંથી બીજા ગામમાં પ્રસરી જતાં વાર નહોતી લાગતી. ધાર્મિક પ્રસંગોમાં મોટી સંખ્યામાં સ્વયંભૂ હાજરી સ્વાભાવિક બની જાય છે.

આદિવાસી વિસ્તારોમાં મધ્યમ વર્ગ શું કરી રહ્યો છે તે પણ નજરે દેખાયું, પણ સમજાયું નહીં. આદિવાસીઓને નજીક રાખવાની, તેમની નજીક રહેવાની આ વિસ્તારના મધ્યમ વર્ગની પણ એક કોશિશ રહી છે અને તે માટે ધર્મ (શ્લોક પઠન, ધાર્મિક પ્રસંગ કહેવા સાંભળવા, ભજન-પ્રાર્થના સ્તુતિ વગેર) તેઓને હાથવગો થઈ રહ્યો છે. આ કારણે જ કદાચ અનેક સંપ્રદાયો, અનેક ધાર્મિક ચળવળો ગામોમાં પ્રસરી શકયાં છે. સ્વાધ્યાય, ગાયત્રી પરિવાર, સ્વામિનારાયણ સંપ્રદાય વ. પ્રવૃત્તિઓ મધ્યમ વર્ગમાંથી ગામો સુધી લઈ જવા માટે ઉત્સુક સ્વયંસેવકો અને આદિવાસી ગામોમાં આ પ્રવૃત્તિઓ સાતત્યપૂર્વક ચાલતી રહે તે માટે ઉત્સાહી આદિવાસી યુવાનો મળી રહ્યા છે. ભણેલા અને આર્થિક રીતે સમૃદ્ધ આદિવાસીઓમાં ધાર્મિક પ્રવૃત્તિઓનું પ્રમાણ વધારે દેખાય છે, તો એકદમ જ છેવાડાના ગામના આદિવાસીઓમાં પણ ધર્મ તરફનું ખેંચાણ, આકર્ષણ એટલું જ પ્રબળ છે.

એક વાત સ્પષ્ટ કળાય છે કે આર્થિક લડતો જે સમૂહને અસર કરે છે, તેમને આપણી વાત માનવા પ્રેરે છે, કે એવા સમૂહોને સજાગ કરે છે. ડભોઈની આસપાસ નર્મદાના અસરગ્રસ્તોને ઉશ્કેરવાની ઉજળિયાતોએ ઘણી કોશિશો કરી, પરંતુ તે સફળ ન થઈ કેમ કે અસરગ્રસ્ત આગેવાનોએ સ્વયં જ આવાં તોફાનોમાં નહીં જોડાવાનો નિર્ણય લીધો, અને હાથા બનવાનો ઈન્કાર કરી દીધો. પરંતુ આવું મોટા પાયા પર જોવા નથી મળતું. જયારે બીજી બાજુ ધાર્મિક ચળવળ ભલેને આર્થિક અસમાનતાઓને સ્પર્શતી ન હોય કે પછી તેને દબાવી પણ દેતી હોય, છતાં તેની બહોળી અને વ્યાપક અસરો જોવા મળે છે.

ઈલેકટ્રોનિક ક્રાંતિએ રોજબરોજના જીવનમાં સુખસુવિધાના સ્તરે મોટા ભૌતિક ફેરફારો આણ્યા છે, પણ ધર્મના ક્ષેત્રે આવેલા ફેરફારો તેની વ્યાપકતા અને ગુણાત્મકતા બન્ને રીતે ખૂબ ઊંડાણ ધરાવે છે. શરૂઆતમાં ટેપરેકર્ડ, કેસેટ, પછી ટેલીવીઝન અને હવે ડીવીડી પ્લેયર વ. એટલા સરળતાથી અને એટલી ઓછી કિંમતે ઉપલબ્ધ થવા માંડ્યાં છે કે ભાગ્યે જ કોઈ એવું ગામ કે ફળિયું હશે જયાં આવાં મનોરંજનનાં સાધનો વાગતાં ન હોય. આ દ્વારા ઘેર ઘેર ભજનો, કથાઓની કેસેટો વાગતી થઈ છે. ભાથીજી કે દશામાનાં આખ્યાનો રોજ કોઈ ને કોઈ ઘરમાં વાગતાં જ હોય છે અને આ આખ્યાન કથામાં ગાયને મુસ્લિમ શાસકના પ્રહારમાંથી બચાવવા દોડી આવતા ભાથીજીની વાત ઘેર ઘેર ગૂંજતી થઈ ગઈ છે. અગાઉ આખ્યાનોમાં આ વાત આવતી હતી, પરંતુ ગાંધી પ્રબોધિત બિનસાંપ્રદાયિકતાનું માહોલ - ઓઝોન પડ- અકબંધ હતું ત્યાં સુધી, આવી કથાઓ-આખ્યાનો મુસ્લિમો માટેના પૂર્વગ્રહોને દ્વેષમાં ફેરવી નહોતાં શકયાં, જે આજે થઈ રહ્યું છે. છેક નાના બાળકથી લઈ બહેનો અને વૃદ્ધો સુધ્ધાંને રોજબરોજ કાને પડતી આવી વાતો મોટા ગુણાત્મક ફેરફારો સર્જી શકે છે અને હજુ વધુ બળવત્તર ફેરફારો થશે. આ બધાં પરિણામો નજરઅંદાજ કરી શકાય તેવાં નથી, તેને નકારી કાઢવાં જોખમકારક છે.

આર્થિક ક્ષેત્રે આવેલ ફેરફારોએ પણ મોટો ભાગ ભજવ્યો છે. ગામડાઓમાં શિક્ષણ વધતાં અને શિક્ષિત બેકારી વધતાં એક જ વિકલ્પ યુવાનોને દેખાય

છે, તે ગલ્લા; અને આવા ગલ્લા ઊભા થવા સામે સીધો પ્રતિસ્પર્ધી દેખાય તે જૂના અતિકપરા સમયથી ધંધો જમાવેલ મુસ્લિમ/વોરા કુટુંબ! આવું જ કાંઈક ખાનગી વાહન વ્યવહારના ક્ષેત્રે બન્યું. ટ્રાન્સપોર્ટ અને જીપ-લકઝરીનો પરંપરાગત ધંધો મુસ્લિમ-વોરાઓનો જ. તેઓની આ ધંધા પર પકડ અને કુશળતા પારાવાર. બીજી બાજુ આર્થિક વિકાસ નિગમ અને પ્રયોજના વહીવટદારની વિવિધ યોજનાઓ હેઠળ મોટા પાયા પર જીપો-છકડાં, ટેમ્પા ગામડાઓમાં ઠલવાયાં અને રસ્તા પર ફરતાં થયાં. આદિવાસી સાહસિકોએ જોતજોતામાં આ ધંધા પર ગજબની કુશળતા મેળવી તો તેની સાથે જ આ ધંધાના રોજબરોજના કજિયા કલેશો, અને મૂળે તો વાહનનો પુરવઠો અનેક ગણો વધી ગયો તેથી પેસેન્જર/નંબર માટેની મારામારીએ મુસ્લિમોને ઈર્ષાનું કેન્દ્ર જરૂર બનાવ્યા. તેવું જ હાઈવે પરના હોટલ વ્યવસાયનું છે. મુસ્લિમોને આ ધંધામાં સીધા પ્રતિસ્પર્ધી ગણી કોમી તોફાનોમાં તેઓનો ખાત્મો બોલાવી દેવા, ઉખેડી નાખવાના ઈરાદે mobilize કરવાનું આદિવાસી વિસ્તારોમાં પણ થયું છે.

આદિવાસી વિસ્તારોમાંથી સ્થળાંતર ખૂબ મોટા પાયા પર અને વૈવિધ્યપૂર્ણ રીતે વિકસી રહ્યું છે. સુરત-વડોદરાથી લઈને છેક હળવદ-પાટડી, કચ્છનાં ગામો સુધી વિસ્તર્યું છે. અને ત્યાં ફક્ત વેઠિયા મજૂરો તરીકેની હેસિયત નથી રહી, પરંતુ ચોથા ભાગ-છઠ્ઠા ભાગના સહભાગી ખેડૂત તરીકે પણ આદિવાસીઓએ કુશળતા સિદ્ધ કરી છે. સુરતના હીરાબજારમાં હીરાઘસુઓ તરીકે ગામેગામથી યુવાનો ઊમટી પડ્યા છે અને અહીં પણ કુશળતા સિદ્ધ કરી આર્થિક વિકાસ હાંસલ કરેલ છે. આ રીતે આદિવાસી ગામોમાં પણ પાકાં મકાનો અને ખેતીનો વિકાસ થયેલો છે. સ્થળાંતરની ઘટના આર્થિક સાધનો તો ખરાં જ, પણ સાથે સાથે સામાજિક- ધાર્મિક મૂલ્યો પણ વહન કરે છે. આમ તો કોઈપણ વાત અને તેમાંય અફવાઓ કે કોમી પૂર્વગ્રહોની વાતો જ્યાંથી આરંભાઈ હોય તેથી અનેકગણા અવાજે પડઘાતી જોવા મળે છે. આવાં પરિણામો ઝડપથી, વિવિધ રસ્તે અને સરળ સ્વીકાર્ય રીતે પોતાની ભૂમિકા ભજવી રહ્યાં છે. ક્યાં કોને કેવી રીતે નાથીશું?

કોંગ્રેસના રાજકારણે મુસ્લિમોને અને તેમાંય ગામડાગામમાં રહેતા મુસ્લિમોને ઘણી હાનિ પહોંચાડી છે. છેક ઉપલા સ્તરેથી આરંભાયેલ મુસ્લિમોને પોતાની વોટ બેન્ક તરીકે સાચવી રાખવાની નીતિના કારણે કોંગ્રેસને ભારે ફાયદો થયો, પરંતુ મુસ્લિમોને નુકસાન થયું છે. આદિવાસી ગામડાઓમાં એકલદોકલ મુસ્લિમ હોય અને કોંગ્રેસ માટે કે કોઈપણ પક્ષ માટે દુષ્કર એવાં આદિવાસી ગામોમાં કોઈ સ્થાનિક અને તે પણ દુકાનદાર જેવા મળી જાય તો ચૂંટણી સચવાઈ જાય. બીજી બાજુ શાસક પક્ષ હોવાના કારણે અને આર્થિક ધંધા-રોજગારના ક્ષેત્રે જાત જાતના પરવાનાઓ, સરકારી એજન્ટ બનવું કે પછી નિયમો-કાયદાઓના ફંદાઓમાંથી બચવા માટે આવા મુસ્લિમ વેપારીઓને પણ કોંગ્રેસ તરફ આકર્ષણ થાય. સરવાળે, કોંગ્રેસે આમ મુસ્લિમોના હિતોની કોઈ કાળજી રાખી નહીં, પરંતુ કોંગ્રેસ એટલે મુસ્લિમ અને મુસ્લિમ એટલે કોંગ્રેસ એ ભ્રમિત સમીકરણ સ્થાપિત થયું.

છેલ્લાં દશેક વર્ષથી ગામડાના મુસ્લિમોએ પોતાની રાજકીય વફાદારી બદલી છે અને સંખ્યાબંધ મુસ્લિમોએ સ્થાનિક અને ઉપલા સ્તર સુધી ભાજપને પોતાનો પક્ષ માન્યો છે, પરંતુ તે હકીકત સ્થાનિક સ્તરે જાણતા હોવા છતાં ભાજપના રાજકારણે જૂના સમીકરણને જ જાણી જોઈને ઉભાર્યું અને હિન્દુ બહુમતીને પોતાના પક્ષે કરવા માટે મુસ્લિમોને કોંગ્રેસ સાથે ભેળવી દીધા અને તેની સામે ઉશ્કેરણીનું વાતાવરણ સર્જ્યું. વિધાનસભાની ચૂંટણી વખતે આદિવાસી વિસ્તારોમાં વાતાવરણ એવું ઊભું કરવામાં આવ્યું કે કોંગ્રેસ એટલે મુસ્લિમોનો પક્ષ અને જો કોંગ્રેસ આવશે તો ઘેર ઘેર દરોડા પડશે, લૂંટનો માલ પકડવામાં આવશે અને લૂંટના ગુના માટે ધરપકડ થશે અને તે કારણે કોંગ્રેસના ગઢ જેવા ગણાતાં ગામોમાં પણ કોંગ્રેસને મત ન મળ્યો.

રાષ્ટ્રીય સ્તરેથી કોંગ્રેસનું આરંભાયેલ પતન છેક નીચેના સ્તરે વધતા દરે ઝડપથી થયું. સ્થાનિક સ્તરે પરંપરાગત નેતૃત્વ તૂટ્યું. કોંગ્રેસના આ પતનનું એક કારણ રાજકીય સ્તરેથી માર્ગદર્શનનો અભાવ રહ્યો. બીજી બાજુ ગામડાગામમાં નવયુવાનો રાજકીય ક્ષેત્રે સક્રિયતા દાખવી રહ્યા હતા, વળી આ નેતૃત્વ પરંપરાગત અમુક જ્ઞાતિ સમૂહો પૂરતું નથી રહ્યું. બક્ષીપંચના ગણાતા જ્ઞાતિસમૂહોમાં યુવા નેતૃત્વ વધારે ઊભરી રહ્યું છે. તે બધાને કોંગ્રેસે અવગણ્યા અને પરિણામે ભાજપ તરફે તેઓ વળ્યા. આવા નવયુવાનોના અડધા-પડધા નેતૃત્વે શૂન્યાવકાશ પૂરવા માંડ્યો. તાજેતરનાં રમખાણોમાં રાજ્ય સરકાર તથા વહીવટી સ્તરેથી પ્રોત્સાહિત કરેલ આ તોફાનોએ નીચેના સ્તરે આ નેતૃત્વને પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાની તક ઊભી કરી આપી. યુવા નેતૃત્વ પૈકીના કેટલાયને અંદરથી કોઈ મુસ્લિમ વિરોધી દ્વેષ ન હોવા છતાં ફકત આ જ કારણે તેમણે મુસ્લિમ વિરોધી તોફાનોમાં સક્રિયતા બતાવી.

કોંગ્રેસની મુસ્લિમો પ્રત્યેની બેજવાબદારી પાપી છે. પોતાની ગણાતી વોટબેન્કનાં લાંબાગાળાનાં હિતોને ધ્યાનમાં લઈને પણ કોંગ્રેસે મુસ્લિમ સમાજને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાની જરૂર હતી. ખાસ કરીને ગૌમાંસ - ક્રિકેટ જેવા મુદ્દાઓ પર માર્ગદર્શન આપી બહુમતી હિંદુઓની લાગણીઓને ક્યાં કેવી રીતે સાચવી લેવી અને તે રીતે ખરા અર્થમાં, એક સામાજિક સદ્ભાવ ઊભો કરવાની જવાબદારી કોંગ્રેસે જાણી જોઈને

નિભાવી નહીં અને તેના પરિણામે કોંગ્રેસે મુસ્લિમોને આપ્યું કંઈ નહીં, ઊલટાના નકામા ઈર્ષાના પ્રતીક બનાવી દીધા. રોજબરોજના સમાજજીવનની ક્ષુલ્લક હૂંસાતુસી - ચડસાચડસીમાં, આમ મુસ્લિમોનો upper hand રહેતો હોવાની બેબુનિયાદ ફરિયાદ હિંદુ મધ્યમ વર્ગમાં ફેલાતી જતી હતી. કેટલાક યુવા મુસ્લિમ નેતૃત્વે આ વાત સમજી અને ભાજપ તરફ વફાદારી ફેરવી પણ ભાજપે બહુમતી ગણિત સાચવવા માટે તે વાતને તોફાનો અને ચૂંટણી વખતે અભરાઈએ ચઢાવી દીધી અને મુસ્લિમ સમાજની રાજકીય હેતુસર આ હાલત કરી.

આર્થિક-રાજકીય અને સામાજિક સ્તરે ઝડપથી આવી રહેલા આ ફેરફારો અને તે કારણે સર્જાતાં વમળો ઠરીઠામ થાય ત્યાં સુધીમાં અનેક અણધારેલી આપત્તિઓ સર્જાશે. છેક ગામડાગામમાં રહેતા મુસ્લિમ પરિવાર કંઈ કરી શકે તેમ નથી, નિરાધાર છે. અગાઉ જણાવ્યું તેમ હિન્દુત્વ કોઈ એક રીતે નહીં, અનેક રીતે assert કરી રહ્યું છે અને તેના વરવા સ્વરૂપને ખાળવાના મિશનને વાજબી ઠેરવવા માટે કદાચ એક ડગલું પાછળ હટવું પડે. મોટા પાયા પર ice breaking કરવું પડશે. એકલ દોકલ, આમ મુસ્લિમ પરિવારો માયૂસ નથી. મુસ્લિમોનો અંદર બેઠેલો માંહ્યલો stubborn અને vibrant છે, તેને નિરાશામાં પડી રહેવું મંજૂર નથી. વડોદરાના કેમ્પોમાં, ગામડાઓમાંથી આવીને વસેલા મુસ્લિમોને નિરાશ, હતાશ, માયૂસ થઈ ખૂણામાં બેસી ન રહેતાં નાની મોટી મજૂરીની શોધ કરતાં મેં જોયા છે. ગામમાં ઘર નથી રહ્યાં, આખી જિંદગીની મિલકતો ખલાસ થઈ ગઈ અને છતાં ચોધાર આંસુએ રડી પડતા મુસ્લિમો ખૂબ ઓછા જોયા છે. આમ મુસ્લિમ આર્થિક રીતે નભી ગયા પછી સામાજિક-સાંસ્કૃતિક સ્તરે પણ એક એવા અભિક્રમની રાહ જુએ છે કે જે બહુમતી હિંદુ તરફ જવા માટેનો રસ્તો ખોલતો હોય. નકારાત્મકતાની ચારે બાજુનાં કુંડાળાં હોવા છતાં કોઈક સકારાત્મક પગલાની તે રાહ જુએ છે. અને ફક્ત મુસ્લિમ જ નહીં, કોઈપણ સમાજ કરે તેમ મુસ્લિમો આને માટે ઉપર તરફ નજર રાખીને બેઠા છે. ફરી ઉલ્લેખ કરવો જોઈશે કે ગામડાગામનો આમ મુસ્લિમ કંઈ કરી શકે તેમ નથી. એક બીજી હવા ઊભી કરવાની જરૂર છે અને તે કદાચ એક ડગલું પાછું હટવાનું પણ હોઈ શકે. ઘણા મુસ્લિમ મિત્રો અને વડીલો Irritants દૂર કરવાની વાત કરે છે. આ Irritants ચાલુ રાખવાની જરૂરિયાત જે લોકો વરવા હિન્દુત્વને વકરાવવા માંગે છે તેમને છે. તેઓ ઇચ્છે છે કે મુસ્લિમ સમાજ હજુ નિરાશામાં ફેંકાય, હજુ કોકડું વળીને ગૂંચવાઈ જાય અને એવાં પગલાં લે કે જેથી આમ મુસ્લિમની ખરાબ, કાતિલ હોવાની છાપ વધારે ને વધારે ઘૂંટાય. આ મુસ્લિમ મિત્રોના મતે આજની તાતી જરૂરિયાત છે કે તેઓની આ ઇચ્છાને કેવી રીતે નિષ્ફળ બનાવવી. કદાચ એક ડગલું પાછળ જવા જેવું લાગે તો પણ આ Irritants દૂર કરવાના કામને ચોક્કસ જ ફક્ત રણનીતિ તરીકે જ નહીં, પરંતુ હકારાત્મકતા અને ભવિષ્ય તરફની આશાના એક પગલા તરીકે જોવાની અને મૂલવવાની અને વ્યાપક સ્તરે તેને એક વિશ્વાસસર્જક, હવાસર્જક તરીકે જોવાની જરૂર છે.

થોડા સમય પહેલાં પાનવડ ખાતે એક મુસ્લિમ વેપારી ગૌમાંસ વેચતો હોવાનો વિવાદ સર્જાયો. વિવાદ સર્જાતાંની સાથે જ સ્થાનિક મુસ્લિમ નેતૃત્વે જાહેર કરી દીધું કે આવી વ્યક્તિને અમારા સમાજમાંથી જામીન નહીં મળે. મેં તેમને કહ્યું કે મારા મગજમાં આ જ વાત હતી, પરંતુ મૂળે લોકશાહીમાં દરેક આરોપીને જામીન મેળવવાનો અધિકાર છે તેથી અમે આ વાત કરી નહીં. મારું માનવું છે કે તમે ખૂબ યોગ્ય પગલું, યોગ્ય સમયે નિર્ણાયક રીતે લીધું છે. સ્થાનિક મુસ્લિમ નેતૃત્વના આ પગલાને કારણે બહુમતી હિન્દુ અને ખાસ કરીને કૂમળા માનસ ધરાવતા આદિવાસીઓની લાગણીઓ બહેકી નહીં. થોડા સમય બાદ ગૌમાંસ વેચાણનો વિવાદ ખૂલ્યો, ગૌહત્યાનો આક્ષેપ ખોટો હોવાનું પુરવાર થયું. કોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા. તે બાદ આ વિવાદ કોણે સર્જયો અને શા માટે ઊભો કરવામાં આવ્યો તે વાત ખૂલી અને તેવાં પરિબળોના ઈરાદાઓ ખુલ્લા પડ્યા. આવતાં પાંચ-દસ વરસ આમ મુસ્લિમ માટે આવાં નિર્ણાયક, સજાગ અને સાવચેતી માટેનાં હશે. અને ગામડાગામનો એકલદોકલ મુસ્લિમ આ માટે ઉપર તરફ નજર માંડીને બેઠો છે તે વાત ફરી દોહરાવવી જરૂરી લાગે છે.

સાથે જ ગાંધી-વિવેકાનંદ-ટાગોરે પ્રબોધેલ હિન્દુ ધર્મનાં ઉદાત્ત પાસાંઓ વિશે સાચકલું ગૌરવ અનુભવવાનો સમય આવી ગયો છે. લૂંટના માલ વડે દુકાન ખોલવી અને તે વખતે સત્યનારાયણની કથા કહેવી તે, કે પછી એ લોકો તો હંમેશાં પોતાની બીબીઓને પડદામાં જ રાખે છે, આપણને તો જોવા પણ ન મળે તેવી વાતો કરવામાં હિંદુત્વ નથી તે વાત આમ હિંદુને સમજાવવાનું એટલું અઘરું નથી. હિંદુ ધર્મની મૂળમાંથી - પાયામાંથી અનેક લોકોએ ઝાટકણી કાઢી છે. તે બાબત સાચી કે ખોટી તેમાં જતો નથી, પણ એટલું જરૂર લાગે છે કે તેવા કેફમાં રાચવાની બહુ જરૂર નથી. આવી અનેક ઝાટકણીઓ છતાં હિંદુ ધર્મ ટકયો છે અને હવે તો વિકૃત સ્વરૂપે બહાર આવી રહ્યો છે. સાચા હિન્દુત્વને, હિન્દુ ધર્મનાં સારાં પાસાંઓને ધારદાર રીતે ઊભારવાં પડશે.

આજની આ કોમી સમસ્યાને ધરમૂળથી સમજવી પડશે. તે સમજવાની અને તેના ઉકેલની રીત-પદ્ધતિઓ, તેના સિદ્ધાંતો અને તેનાં સાધનો Gandhian comprehensiveness – Gandhian ethosમાં શોધવાં પડશે.

# સદ્‌ગુણોનો ઉદ્‌ભવ : ઉત્ક્રાંતિના પરિપ્રેક્ષ્યમાં

- અનિલ પટેલ

એક વિચાર બહુ વ્યાપક છે કે જાહેર જીવનમાં મૂલ્યોનું સ્તર નીચે ઊતરી ચૂક્યું છે અને હજી ઝડપથી ઊતરી રહ્યું છે. સૌ પોતાના સ્વાર્થમાં ગળાડૂબ છે, બીજાનો વિચાર કરવા બહુ તૈયાર નથી. સહકાર, ઉદારતા, વિશ્વાસ જેવાં મૂલ્યો ઉપરની શ્રદ્ધા ડગી જઈ રહી છે. નવી પેઢી પોતાનાં નિજી હિતોમાં મસ્ત છે, બીજાની કોઈ પરવા નથી.

આવું માનનારો વડીલ વર્ગ એ ભૂલી જાય છે કે સમાજવ્યાપી ભ્રષ્ટાચારનું કળણ ઊભું થવા દઈને, મૂલ્યોનો શૂન્યાવકાશ સર્જાવા દઈને યુવાન પેઢી પાસે ઉદાત્ત મૂલ્યોની આશા રાખવી વાજબી નથી.

આ પરિસ્થિતિ માટે જવાબદાર ગણાય છે, માનવીની સ્વાર્થી મનોવૃત્તિ. ભૌતિક સુખોની પાછળ દોડતો મનુષ્ય લોભ, મોહ, તૃષ્ણા, ઈર્ષ્યાનો ભોગ બની ગયો છે. 'કાલ કોણે દીઠી છે' ની ટૂંકી દૃષ્ટિ માનવી ઉપર સવાર થઈ ગઈ છે. નિજી સ્વાર્થનો ત્યાગ કરીને માનવી બીજાના ભલા માટે જીવતો થશે તો જ સમાજમાં સાચાં મૂલ્યો સ્થપાશે અને અંધારાં ઉચાળા ભરશે. આધ્યાત્મિક ભૂમિકા ઉપર મુકાયેલો મનોવૈજ્ઞાનિક પરિવર્તનનો માર્ગ જ બધાને તરણોપાય લાગી રહ્યો છે. જયપ્રકાશ જેવા ક્રાંતિકારી નેતા પણ જ્યારે ભૂદાન આંદોલનમાં જોડાયા ત્યારે બોલેલા : "માણસ સારો કેમ થાય, બીજા માટે ઘસાય કેમ, નૈતિક આચરણ કેમ કરે, કારણ કે હું માત્ર શરીર નથી, ચૈતન્ય છું, સર્વવ્યાપી ચૈતન્યનો એક અંશ છું. . . ભૌતિકવાદ માણસને ખરા અર્થમાં માનવ બનવાનાં સાધનોથી સાવ વંચિત રાખે છે. . ."

આવા નિદાન અને ઉપાયમાં મનુષ્યનો જીવસૃષ્ટિ સાથેનો ઘનિષ્ઠ નાતો વિસારે પાડી દેવાયો છે. મનુષ્ય એક જીવ છે, અને જીવોની ઉત્ક્રાંતિમાં જ તેનાં શારીરિક, માનસિક મૂળિયાં નંખાયેલાં છે. ૧૮૫૯માં ડાર્વિનના ઉત્ક્રાંતિના વિચાર રમતા મુકાયા પછી ઉત્ક્રાંતિના પરિપ્રેક્ષ્યની અવગણના કરવાના પ્રયત્નો વ્યર્થ છે. ઈંગ્લીશ જીવશાસ્ત્રી મેટ રીડલી આ કૂટપ્રશ્નની વિશદ્ માંડણી અને છણાવટ તેમના નાના પરંતુ ચોટદાર પુસ્તક *"The Origins of Virtue*"*માં કરે છે.

ડાર્વિનના જ શિષ્ય અને સાથી થોમસ હક્સલીએ ફિલસૂફ હોબ્સનો પડઘો પાડતાં કહેલું કે દરેક જીવને જીવવા માટે સતત સંઘર્ષ કરવો પડે છે, આ તો "બધા જીવનું, બધા જીવો સામેનું યુદ્ધ છે," "મારીને જીવો" એ તો સૃષ્ટિનો નિયમ છે, માનવી સહિત તેમાંથી કોઈ અપવાદ નથી. આ જ વિચારસેર આગળ ચાલતાં સામાજિક ડાર્વિનવાદમાં પરિણમી. નબળાંઓની હકાલપટ્ટી અને સબળાઓનું રાજ્ય એ તો સૃષ્ટિનો નિયમ છે, તેવા ખતરનાક સિદ્ધાંતમાંથી હિટલરની નાઝી ભૂતાવળ અને લેનીન-સ્ટાલીનના ગુલાગ રચાયા.

હક્સલીના આ વિચારને અરાજકતાવાદી પ્રિન્સ ક્રોપોટકીને પડકાર્યો. ૧૮૭૬માં સેન્ટ પિટ્સબર્ગની મીલીટરી હોસ્પિટલની ઝારની જેલમાંથી કેટલાય મિત્રોએ જાનના જોખમે એને છોડાવેલો એ એના સ્મૃતિપટ પરથી ખસતું નહોતું. સાઈબીરીયાના વણખેડ્યા અફાટ પ્રદેશોમાં યુવાનીમાં ફરતાં રખડતાં તેણે જે જીવસૃષ્ટિ જોયેલી તેનો હવાલો આપતાં એણે જિંદગીનાં પાછલાં વર્ષોમાં લખેલા પુસ્તકમાં નોંધ્યું કે જીવસૃષ્ટિમાં માત્ર સંઘર્ષ જ નથી, જ્યાં નજર નાખો ત્યાં સહકાર, ઔદાર્ય, ત્યાગ પણ ભારોભાર જોવા મળે છે. પ્લેટો-રૂસોમાંથી પ્રેરણા લેતા ક્રોપોટકીને જણાવ્યું કે "માણસ જન્મે તો સદ્‌ગુણી છે, ઉદાર છે. સમાજ જ તેને ભ્રષ્ટ કરે છે."

આ વિચાર દ્વન્દ્વથી શરૂ કરીને રીડલી એના મૂળ પર જઈને પૂછે છે : જો જીવન એ કાતિલ સ્પર્ધા જ હોય તો પછી સૃષ્ટિમાં સહકાર જોવાનો મળે છે તેનું શું કારણ? માનવ-માનવ વચ્ચે જે સહકાર અને ઔદાર્ય જોવાનાં મળે છે તેનાં મૂળ શામાં છે? માનવજાત અંતઃપ્રેરણાગત (instinctively) સમાજવિરોધી છે કે સમાજતરફી છે? પુસ્તકની શરૂઆતમાં જ પોતાનો દાવો મૂકી દેતાં કહે છે કે, 'સમાજ શક્ય કેવી રીતે બને છે'ના યુગજૂના પ્રશ્નનો જવાબ જીવોના ઉત્ક્રાંતિ વિજ્ઞાને ભરેલી હરણફાળોના કારણે હવે અચાનક હાથવગો બન્યો

* *The Origins of Virtue : Human Instincts and the Evolution of Cooperation, by Matt Ridley, 1996; published by Penguin Books 1998.*

છે. સમાજ કાંઈ માનવીની તર્કબુદ્ધિની શોધ નથી, પણ ઉત્ક્રાંતિના ભાગ રૂપે ધીમે ધીમે બનતો ગયો છે. જીવસૃષ્ટિની મહાન ગાથામાં માનવ બહુ બહુ તો એક પ્રકરણનો એક વિભાગ માત્ર જ છે. બહુ ઝડપથી રીડલી આપણને જનીન દ્રવ્યની રચનાથી માંડીને એકકોષની રચના, બહુકોષી જીવોની રચના, તેમાંથી લાખો-કરોડો બહુકોષી જીવોની બનેલી કોલોનીની લીલાની એક ઝડપી ટુર કરાવી દે છે. જીવસૃષ્ટિમાં સહકારની ખોજ અણધારેલી રીતે જીવશાસ્ત્રનાં અતલ ઊંડાણોમાં લઈ જાય છે.

જીવ જે કાંઈ પણ કરે છે તે પોતાના ભલા માટે કરે છે કે સમૂહના ભલા માટે કરે છે? આ દ્વન્દ્વ યુગ જૂનો છે. એ દ્વન્દ્વને આગળ લઈ જઈને ૧૯૬૦માં જ્યોર્જ વિલિયમ અને વિલિયમ હેમિલ્ટને ડાર્વિનક્રાંતિ પછીની બીજી ક્રાંતિ કરી, તેઓની સ્વાર્થી જનીન તત્ત્વની વિભાવનાથી. એના હાર્દને રિચાર્ડ ડોકિન્સે "Selfish Gene" શબ્દ દ્વારા પ્રખ્યાત કર્યું. જીવ ન તો સમૂહના હિતાર્થે કે ન તો વ્યક્તિગત હિતોની પૂર્તિ માટે મથે છે. દરેક જીવમાં રહેલા જનીન દ્રવ્યનું હિત જ સર્વોપરી છે. જનીન દ્રવ્યનું હિત નવી પેઢીમાં જવામાં છે.

જો જીવમાં રહેલા જનીનદ્રવ્યનું હિત સર્વોપરી હિત બનતું હોય તો માનવ સમાજમાં અન્ય માટે ઉદારતા, સહકાર, શેરીંગ-કેરીંગ જેવાં લક્ષણો સર્વોત્તમ સદ્‌ગુણો કેમ ગણાયાં છે? બધાં જ સામાજિક પ્રાણીઓમાં આ લક્ષણો જોવા મળ્યાં છે તો પણ માનવમાં આ ગુણો માટેનો આગ્રહ અનન્ય છે. આના સૂચિતાર્થો શું છે? શું આપણે વ્યક્તિગતતા ગુમાવી છે? અને શરીરનાં જુદાં જુદાં અંગોની જેમ સમાજનું એક અંગ માત્ર બની ગયા છીએ? એક વાત તો ચોક્કસ છે, રીડલી સમજાવે છે, શરીરનાં અંગોની જેમ વ્યક્તિ સમાજનું અંગ નથી જ. શરીર વગર અંગોનું અસ્તિત્વ નથી, તેવું માનવીનું નથી. વળી શરીરનાં લગભગ બધાં જ અંગોના કોષોએ પ્રજનન શક્તિ અને અધિકાર ગુમાવ્યા છે. આવું જ ઊધઈ, મધમાખી, કીડી, મંકોડાની કોલોનીમાં જીવતાં લાખો જંતુઓમાં પણ થયું છે. શરીરનાં અંગોના કોષો અને કોલોનીના જંતુઓ એક રીતે તો એક વિશાળ પરિવારના સભ્યો જ છે, જે એક જ જનીનદ્રવ્ય શેર કરે છે. આનાથી સાવ ઊલટું, માનવસમાજમાં દરેક વ્યક્તિ પ્રજનનની ક્ષમતા અને અધિકારો અકબંધ રીતે જાળવી રાખે છે. માનવસમાજના લગભગ બધા જ માનવીનું જનીનદ્રવ્ય જુદું જ છે, અનન્ય છે. વ્યકિતની સ્વતંત્રતા અખંડ રહે છે. આ ખરું છે, તો એ પણ ખરું છે કે માનવી, અન્ય માનવીઓ ઉપર ખૂબ મોટો આધાર રાખે છે. અજાણ્યા, અટૂલા ટાપુ ઉપર ફસાઈ ગયેલો અને સ્વપ્રયત્ને સ્વઆધારિત જીવવા મથતો રોબીન્સન ક્રુઝો માનવીય પરિસ્થિતિનું સાચું ચિત્ર નથી. માનવીના અન્ય માનવી ઉપરના આલંબનનું ખરું સ્વરૂપ શ્રમની વહેંચણી અને તેમાંથી જ નીપજતી વિશિષ્ટ આવડતો-કૌશલ્યોમાં જોવા મળે છે. જીવોની ગતિવિધિઓથી અજાણ્યા આદમ સ્મિથનો શ્રમ વહેંચણીનો સિદ્ધાંત તો છેક ૧૮મી સદીના અંતભાગમાં મુકાયો. તે પહેલાં તે જીવસૃષ્ટિમાં કરોડો વરસોથી સ્વયંભૂપણે અમલી બની ચૂકયો હતો. અને માનવી અને તેના પૂર્વજોએ એક લાખ વરસ કરતાં પણ પહેલાં આ સિદ્ધાંતથી અજાણ પણ તે આધારિત, પરસ્પરાવલંબિત સમાજ રચ્યો જ હતો. બહુ પાછળથી આદમ સ્મિથે કહ્યું કે સ્વહિતોની પૂર્તિ અર્થે મથતી વ્યક્તિ આ સિદ્ધાંતોના આધારે જાણે-અજાણે અનેક વ્યક્તિઓનાં હિતોની પૂર્તિ પણ કરે છે. અને તે જ રીતે અન્યોની મથામણનો લાભ પણ લે છે. કાયમ માટે કોઈની દયા, માયા ઉપર કોઈ જીવી શકે જ નહીં, એ આદમ સ્મિથનો એક મુખ્ય સૂર છે. આનો અર્થ એ ખસૂસ નથી કે સ્વહિત માટેની મથામણ બીજાનાં હિતો કાપવામાં જ હોય છે. હકીકતમાં સ્વહિતની મથામણ એ દ્વેષપ્રેરિત મથામણ કરતાં એટલી જ જુદી છે, જેટલી જુદી પરોપકારપ્રેરિત મથામણ છે.

વ્યક્તિગતતા અકબંધ રાખતો માનવી અજાણી વ્યક્તિઓ ઉપરનું અવલંબન કયા કારણે સ્વીકારે છે? રીડલી આનો જવાબ રેસીપ્રોસીટીની થિયરીમાં શોધે છે. આદમ સ્મિથના પ્રખ્યાત શબ્દોમાં "(it is) the propensity to truck, barter and exchange one thing for another."

અહીં આગળ રીડલી એક નવો વિચાર રજૂ કરે છે. ગણિતની એક શાખા ગેમથિયરીનો ઉપયોગ હેમીલ્ટન, એકસલરોડ જેવા વિજ્ઞાનીઓએ માનવસહિત અન્ય પ્રાણીઓની વર્તણૂક સમજવામાં પ્રચુર માત્રામાં કર્યો છે. આવી એક રમત (ગેમ)નું નામ છેઃ 'પ્રીઝનર્સ ડાયલેમા' (કેદીઓની દ્વિધા), જે પણ પરિસ્થિતિમાં વ્યક્તિગત હિત અને સામૂહિક હિત વચ્ચે દેખીતો ટકરાવ સર્જાય છે ત્યાં અનિવાર્યપણે આ દ્વિધા સર્જાય છે, જે મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, વ્યાપાર, રાજકારણ, યુદ્ધવિજ્ઞાન જ્યાં પણ સંબંધિત વ્યક્તિજીવો વચ્ચેની આંતરક્રિયાની સ્થિતિ ઊભી થાય છે ત્યાં લાગુ પડે છે. સ્વહિતને અગ્રીમતા આપવા વ્યક્તિ મોટે ભાગે મથે છે અને જો છટકી જવાય તો અન્યનાં હિતોને છેહ દેવા લલચાય છે. લગભગ બધા જ આવું કરે છે, સરવાળે બધા જ નુકસાન વેઠે છે. જો રમતનો અંત ના હોય, જે સામાન્ય જીવનમાં જોવાનું મળે છે તો ધીમે ધીમે વ્યક્તિ પોતાનાં અને અન્યોનાં હિતો વચ્ચેનું સમાન હિત સમજે છે. "મારા હિતમાં તારું હિત" એ સત્ય સમજાય છે. કોઈ ઉચ્ચ મૂલ્યો કે પ્રેરણાથી દોરવાયેલો માનવી આ નિર્ણય ઉપર પહોંચતો નથી. પરંતુ પોતાનાં હિતોને સાચવતાં, સમજતાં આ રોજિંદું સત્ય સમજે છે. ઉભયપક્ષે સહકાર શકય બને છે. Fairnessનું મૂલ્ય સર્જાય છે.

રીડલીએ વર્ણવેલી આ દ્વિધાની બારીક અને રસપ્રદ વિગતોમાં અહીં જવાય તેમ નથી. "કેદીઓની દ્વિધા" તો શરૂઆત માત્ર છે.

માનવીમાં જોવા મળતી રેસીપ્રોસીટી આનાથી ઘણી ઊંડી છે. છેવટે તો માનવી-માનવી વચ્ચે વિશ્વાસના સેતુઓ બંધાય છે તેની મધ્યે જ રેસીપ્રોસીટી ગોઠવાય છે. વિશ્વાસના આ સેતુઓ અટપટી, સંકુલ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાનું પરિણામ છે, જેનાં મૂળ બાયોલોજીમાં જ છે. માનવી સિવાય બીજું કોઈપણ પ્રાણી, અરે તેનો નજીકનો પિતરાઈ ચિમ્પાન્ઝી પણ આવા સેતુઓ સર્જી શક્યું નથી. માનવી માટે આ શક્ય છે કારણ કે તેનું મગજ એટલું વિકાસ પામેલું છે. રીડલીની ઉત્ક્રાંતિની થિયરીમાં ગોઠવાયેલો વિશ્વાસ ભલે સાહજિક, સ્વયંભૂ દેખાતો હશે, પરંતુ તે આંધળો કે રોજબરોજની વાસ્તવિકતાને નજરઅંદાજ કરતો નથી. વિકસિત મગજ અનેક પ્રકારની ક્ષમતાઓનો ઉપયોગ કરીને માનવીને માર્ગદર્શન આપી શકે કે કોણે, કયારે, કયાં આપેલા બોલનું પાલન કરેલું કે છેહ દીધેલો. વળી ભૂતકાળનો કડવો અનુભવ યાદ રાખીને ફરી એક વખત પૂરતો વિશ્વાસ કરવો કે નહીં તેના જોખમનો કયાસ પણ મગજ જ કાઢી શકે છે. એટલું જ નહીં, ટૂંક સમયની પહેચાનમાં જ કોનો, કેટલો વિશ્વાસ મૂકી શકાય તેનો અંદાજ પણ મગજ જ બાંધી શકે છે. વિશ્વસનીયતા મહત્ત્વની મૂડી છે તે સમજાય છે. માનવીય ઉત્ક્રાંતિની લાખો વરસ ચાલેલી પ્રક્રિયામાં વિશ્વાસ માટે જરૂરી આ લક્ષણો અને પ્રક્રિયાઓ સ્વયંસ્ફુરિત બની ગયાં છે. તત્ક્ષણ વિશ્વાસ મૂકતો માનવી આવી લાંબી-પહોળી ગણતરી કરતો નથી, કરી ના શકે. રીડલીની આગવી શૈલીમાં મૂકીએ તો ભાવિનો લાંબો પડછાયો વર્તમાનના આપણા નિર્ણયો ઉપર પડ્યા કરતો હોય છે. રેસીપ્રોસીટી માટે અનિવાર્ય ઉપકરણો ધરાવતો માનવી જ અનેક વ્યક્તિઓ સાથે સમય અને સ્થળની મર્યાદાઓને વળોટી જઈને લાંબા ગાળાના વિનિમયમાં ઊતરી શકે છે. આ વિનિમયની અંતર્ગત જ સ્વહિતાર્થે મથતી વ્યક્તિઓની ગતિવિધિઓમાંથી સામૂહિક હિત “સૌનું ભલું” સર્જાતું હોય છે.

Trust પુસ્તકનું છેલ્લું પ્રકરણ છે. રીડલી ચેતવણી આપતાં કહે છે કે માનવે લાંબા-પહોળા વિનિમય માટે મગજ સહિત જે ઉપકરણો વિકસાવ્યાં છે, તેનાથી બહુ હરખાઈ જવા જેવું નથી. આપણા મગજની ઊજળી ઉપલબ્ધિઓની સામે બીજા પલ્લે કાળી બાજુઓ પણ છે. પૂર્વગ્રહો, ઈર્ષ્યાથી પણ માનવી પીડાય છે. માનવ ઇતિહાસમાં જે યુદ્ધો ખેલાયાં છે, નરસંહારો થયા છે, ભયંકર શોષણ થયું છે તેનો હવાલો આપતાં કહે છે, “જો એ સમજાય કે સમાજવ્યાપી વિશ્વાસ ઊભો કરવા ઉત્ક્રાંતિ કેવી રીતે માનવીય ક્ષમતા સર્જી શકી છે તો આપણને એ ઉપાય મળવો જોઈએ કે કેવી રીતે વિશ્વાસના અભાવને દૂર કરી શકાય. માનવ સભ્યતાની કઈ સંસ્થાઓ વિશ્વાસનું સર્જન કરે છે અને કઈ તેનો વ્યય કરે છે? ” વિશ્વાસ, વિશ્વાસને પોષે છે, અવિશ્વાસ અવિશ્વાસને.

આપણા સમયમાં સોવિયેટ રશિયા અને ચીને “નવો માનવી” સર્જવા જે પ્રયત્નો કર્યા તેમાંથી તો નરી ભૂતાવળો જ સર્જાઈ છે. “સમાજનાં હિતોમાં પોતાનાં હિતોને ઓગાળતો” “નવો માનવી” સર્જાયો નથી. પોતાનાં અંગત હિતો માટે મથતો “જૂનો માનવી” એવો ને એવો જ રહ્યો છે.

સ્વીકાર્ય બને તેવી સમાજ વ્યવસ્થાનાં મૂળ આપણા મગજમાં છે. આપણે સર્વાંગ સંપૂર્ણ, નખશીખ નૈતિક સમાજ ઊભો કરી શકીએ તેમ નથી, પણ અત્યારે છે તેનાથી વધુ સારો સમાજ સર્જી શકીએ તેમ છીએ. રેસીપ્રોસીટી કહેતાં વિનિમયનાં માળખાં પુનઃસ્થાપિત થાય તો વિશ્વાસનું મૂલ્ય સમાજમાં સ્થપાય. ચીજ-વસ્તુઓ, માહિતી, સેવાઓનો તંદુરસ્ત વિનિમય સ્થાપવા માટે જોઈતાં સંસ્થાકીય માળખાં અને કાયદાઓ બિસ્માર હાલતમાં છે, તેને અનુરૂપ પ્રણાલિકાઓ સડકની કોરે ફેંકાઈ ગઈ છે. આ બધાની સ્થાપના થઈ શકે તેમ છે. વિશ્વાસનું મૂલ્ય ચલણી બની શકે તેમ છે. આ મૂલ્યો કાંઈ ભૌતિક ધ્યેયથી ઉપર ઊઠીને સ્થપાય નહીં. કોઈ આધ્યાત્મિક ધ્યેય તરફ સમાજને વાળીને, ઉપદેશના માધ્યમથી મનોવૈજ્ઞાનિક ક્રાંતિ દ્વારા આ મૂલ્યો હરગિજ ઊભાં થઈ ના શકે. ઉત્ક્રાંતિ વિજ્ઞાનના અંગુલીનિર્દેશો જાણવા - સમજવા પડશે. રસ્તો એ દિશામાં છે. આના મો સૌથી મહત્ત્વની વાત એ છે કે સરખાઓ વચ્ચે વિનિમય સ્થપાય. “exchange between enfranchised and empowered individuals is the best recipe for cooperation.” આ વિનિમય જ વિશ્વાસ સર્જન માટેનો કાચો માલ છે. અને વિશ્વાસ જ સદ્‌ગુણોની ઈમારતનો પાયો છે. રીડલીની આ થિયરીમાં અનેક અણધારેલાં પરિણામો અભિપ્રેત છે. એક પરિણામ તો સીધું આંખને ઊડીને વળગે છે, તે એ કે “સ્વાર્થનો ત્યાગ કરો,” “બીજાનાં હિતોને પ્રાથમિકતા આપો,” “ત્યેન ત્યક્તા ભુંજીથાઃ”, “સમાજનાં હિતોમાં પોતાનાં હિતોને વહી જવા દો”, “લોભ, તૃષ્ણા, ઈર્ષ્યા છોડો, વહેંચીને ખાવ”, કે “મનુષ્ય મનુષ્ય વચ્ચે સહકાર, પ્રેમ, ઉદારતા વિકસાવો” - જેવાં મૂલ્યોની સ્થાપના વારંવારના રટણ કે ઉપદેશની વાત નથી, કે નથી શૂન્યાવકાશમાં વ્યક્તિ દ્વારા આચરાતાં મૂલ્યોથી દાખલો બેસાડવાની વાત. આ મૂલ્યો અને તેનાથી વિરોધી મૂલ્યો તો માનવીની અંતર્ગત રહેલાં ઉપકરણોનો એક ભાગ જ છે. સવાલ છે તેને રસ્તો કેવી રીતે આપવો, સ્થાપિત કેવી રીતે કરવાં? રીડલી રસ્તો બતાવે છે. તેની બધી દલીલો સાથે સહમત થવું જરૂરી નથી, પરંતુ આપણને એક મહત્ત્વની સમસ્યા માટે ઊંડું વિચારવાની તે ફરજ પાડે છે.

*(માર્ચ - એપ્રિલ ૨૦૦૦ના “વિચારવલોણું” માં પ્રકાશિત થયેલ પુસ્તક પરિચયમાંથી સુધારા-વધારા સહિત.)*

*Man is the measure of all things.*

*- Protagoras*


સાબાર ઉપર માનુષ
તાહાર ઉપર નહીં

- કવિ ચંડીદાસ

*(B)y a liberal I do not mean a sympathizer with any one political party but simply a man who values individual freedom and who is alive to the dangers inherent in all forms of power and authority.*

*-Karl Popper*

*Conjectures & Refutations, viii, 1962*



*Where the mind is without fear and the*
*head is held high;*
*Where knowledge is free;*
*Where the world has not been broken*
*up into fragments of domestic walls;*
*...*
*Where the clear stream of reason has*
*not lost its way into the dreary desert*
*sand of dead habit;*
*Where the mind is led forward by*
*Thee into ever-widening thought and*
*action –*
*into that heaven of freedom, my Father,*
*let my country awake.*

*- Rabindranath Tagore - Gitanjali"*